ચોકીદાર જોઈએ છે
(રહેવાની સગવડ)
અપ્પુ
ચણાદાળ
એજન્સી આપવાની છે
દયાલ દાલ 98242 00970
પારેવડી ચોક પાસે, રાજકોટ

પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાના: ૧૨
તા. ૧૩-૧-૨૦૨૬, મંગળવાર
વર્ષ: ૧૪, અંક: ૨૬૨

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281- 2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia

**સૌરાષ્ટ્ર-કચ્છ દેશનું ગ્રોથ એન્જિન: રૂ.૫.૭૮ લાખ કરોડના ૫૪૯૨ એમઓયુ**

(વાંચો છેલ્લા પાને)

"સાચા મિત્રો વચ્ચેનો મતભેદ બેસીને દૂર થઈ શકે છે"


# ભારત સાથેની ટ્રેડ ડિલ ટૂંક સમયમાં પૂર્ણ થઈ જશે: અમેરિકન રાજદૂત

## બન્ને દેશો વચ્ચે આજથી જ વાતચીત શરૂ: ટેરિફ અને વ્યાપક દ્વિપક્ષીય વેપાર કરાર બન્ને મુદ્દે ટૂંક સમયમાં નિર્ણય લેવાશે

**અબતક, નવી દિલ્હી**

અમેરિકાએ ભારત ઉપર ટેરીફ તો ઝીંકેલો છે પણ આની અસર તેને પણ મોટાપાયે ભોગવવી પડી રહી છે. પરિણામે હવે અમેરિકા પણ ધીમે ધીમે ફરી સંબંધો કેળવવા મથામણ કરી રહ્યું છે. અમેરિકાના ભારતમાં નવા રાજદૂત તરીકે નિયુક્ત સેર્ગિયો ગોરે કહ્યું કે ભારત અને યુએસ આજથી પ્રસ્તાવિત વેપાર કરાર પર ચર્ચા ફરી શરૂ કરશે. ગઈકાલે રાજધાનીમાં પહોંચ્યા પછી સમાધાનકારી વાત કરતા ગોરે દ્વિપક્ષીય સંબંધોને આ સદીના સૌથી મહત્વપૂર્ણ વૈશ્વિક

(અનુ. આઠમા પાને)



### અબતક કાલે અંક બંધ

ઉત્તરાયણ પર્વ નિમિતે આવતીકાલે તા.૧૪ને બુધવારના રોજ 'અબતક'કાર્યાલય સંપૂર્ણ રજા રાખશે. જેથી અંક પ્રસિધ્ધ થશે નહીં. તા. ૧૫ને ગુરૂવારથી અંક નિયમિત પ્રસિધ્ધ થશે જેની વાંચકો, વિતરક બંધુઓ અને વિજ્ઞાપન દાતાઓએ નોંધ લેવી.

– મેનેજીંગ તંત્રી

### અમેરિકા મુશ્કેલીમાં?: ટેરિફ બોમ્બને સુપ્રીમ મંજૂરી નહિ આપે તો મોટી સમસ્યા સર્જાશે

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે ચેતવણી આપી કે જો સુપ્રીમ કોર્ટ તેમના વૈશ્વિક ટેરિફને ગેરકાયદેસર જાહેર કરે તો અમેરિકાને મોટું આર્થિક નુકસાન થઈ શકે છે. કોર્ટ ૧૪ જાન્યુઆરીથી નિર્ણય જાહેર કરી શકે છે. આ કેસ પ્રમુખની સત્તાની મોટી પરીક્ષા છે અને તે અમેરિકા તથા વિશ્વની અર્થવ્યવસ્થા પર અસર કરી શકે છે. ટ્રમ્પે ૧૯૭૭ના કાયદા હેઠળ ટ્રેડ ડેફિસિટને રાષ્ટ્રીય કટોકટી જાહેર કરીને આ કરવેરા લાદ્યા હતા. નવેમ્બરમાં સુનાવણી વખતે મોટા ભાગના જજોએ આમાં શંકા વ્યક્ત કરી હતી કે પ્રમુખને કોંગ્રેસ વિના આવા વ્યાપક કરવેરા લાદવાનો અધિકાર છે કે નહીં. ટ્રમ્પે કહ્યું કે જો કોર્ટ વિરુદ્ધ નિર્ણય આપે તો અમેરિકાને સેંકડો બીલીયન ડોલર પરત કરવા પડી શકે છે. તેમાં કરવેરા ભરવાથી બચવા માટે કંપનીઓ અને દેશોએ કરેલા રોકાણો પણ સામેલ છે, જે કુલ મળીને ટ્રિલિયન્સ ડોલર થઈ શકે છે. તેમણે કહ્યું કે આ પ્રક્રિયા સરળ નથી અને તેમાં વર્ષો લાગી શકે છે. સરકારી આંકડા મુજબ, ૨૦૨૫માં આ કરવેરાથી અમેરિકાને ૨૦૦ બીલીયન ડોલર વધુ આવક થઈ હતી. આમાંથી અડધાથી વધુ આવક કટોકટી કાયદા હેઠળના કરવેરાથી આવી છે.ટ્રમ્પ કહે છે કે આ કરવેરાએ અમેરિકાના ઉત્પાદનને મજબૂત કર્યું અને રોકાણ વધાર્યું છે. નીચલી કોર્ટોએ પહેલેથી જ સરકાર વિરુદ્ધ નિર્ણય આપ્યા છે. આ કેસ વ્યવસાયો અને ૧૨ અમેરિકન રાજ્યો (મોટા ભાગે ડેમોક્રેટિક) દ્વારા લાવવામાં આવ્યો છે.

### ઈરાન સાથે વેપાર કરનારાઓને ૨૫ ટકા ટેરિફ ભરવા તૈયાર થઈ જવું પડશે: ટ્રમ્પ

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાન સાથે વેપાર કરતા દેશો પર ૨૫% ટેરિફ લગાવવાની જાહેરાત કરી છે. ટ્રમ્પે સોમવારે રાત્રે ટ્રુથ સોશિયલ પર પોસ્ટ કરીને જણાવ્યું કે જે પણ દેશ ઈરાન સાથે વેપાર કરશે, તેના પર અમેરિકા સાથેના વેપારમાં ૨૫% ટેરિફ લગાવવામાં આવશે.તેમણે જણાવ્યું કે આ નિર્ણય તાત્કાલિક અસરથી લાગુ પડશે. જોકે, વ્હાઈટ હાઉસ તરફથી આ ટેરિફ અંગે સત્તાવાર દસ્તાવેજ જાહેર કરવામાં આવ્યો નથી. આ નિર્ણય એવા સમયે લેવામાં આવ્યો છે જ્યારે ઈરાનમાં સરકાર વિરોધી પ્રદર્શનો ચાલુ છે. આ પ્રદર્શનોમાં લગભગ ૬૦૦ લોકો માર્યા ગયા છે. ઈરાન પર અમેરિકા પહેલાથી જ કડક આર્થિક પ્રતિબંધો લગાવી ચૂક્યું છે. રોઈટર્સના અહેવાલ મુજબ, ઈરાન સાથે વેપાર કરનારા મુખ્ય દેશોમાં ચીન, સંયુક્ત અરબ અમીરાત અને ભારતનો સમાવેશ થાય છે. ટેરિફ લાગુ થવા પર આ દેશોના અમેરિકા સાથેના વેપાર પર અસર પડી શકે છે.

# ન હોય ખુદ મુખ્યમંત્રીએ ૧૭ ગુન્હા કરતા ઈડીએ સુપ્રીમ કોર્ટનું શરણું લેવું પડ્યું!

## પશ્ચિમ બંગાળની પોલીસ કોર્ટની પરવાનગી વિના સેન્ટ્રલ એજન્સીને ટચ નહીં કરી શકે: ઈડીની માંગ

**અબતક, નવી દિલ્હી**

લોકશાહીમાં જેમના ખભા પર કાયદાનું પાલન કરાવવાની જવાબદારી છે, જો તેમના પર જ ગંભીર ગુનાખોરીના આરોપ લાગે તો પરિસ્થિતિ કેટલી સ્ફોટક હોઈ શકે તેનો આ તાજો પુરાવો છે. પશ્ચિમ બંગાળના રાજકારણમાં ફરી એકવાર ભૂકંપ આવ્યો છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી)એ દેશની સર્વોચ્ચ અદાલત, સુપ્રીમ કોર્ટમાં એક અત્યંત ચોંકાવનારી અરજી દાખલ કરી છે. જેમાં રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જી, રાજ્યના ડીજીપી અને કોલકાતા પોલીસ કમિશનર સામે સીધી જંગ છેડવામાં આવી છે.

ઈડિનો દાવો છે કે ૮ જાન્યુઆરીએ જ્યારે તેમની ટીમ કોલસા કૌભાંડના મામલે I-PAC ના પ્રતીક જૈનના ઘરે દરોડા પાડવા ગઈ હતી, ત્યારે ખુદ મુખ્યમંત્રી અને ટોચના પોલીસ અધિકારીઓએ તપાસમાં અવરોધ ઊભો કર્યો હતો. એટલું જ નહીં, ઈડી એ તેમના પર ચોરી, લૂંટ, પુરાવાનો નાશ અને તપાસ અધિકારીઓને ધમકાવવા જેવા ૧૭ જેટલા ગંભીર ગુનાઓનો આરોપ લગાવ્યો છે.

આ દરોડા રૂ. ૩,૦૦૦ કરોડના ગેરકાયદે કોલસા માઈનિંગના મની લોન્ડરિંગ કેસ સાથે જોડાયેલા હતા.

ઈડીએ આરોપ લગાવ્યો છે કે પોલીસ અને સત્તાધિશોએ બળજબરીથી ડિજિટલ પુરાવા અને ફાઈલો છીનવી લીધી છે, જેને પરત મેળવવા હવે સુપ્રીમ કોર્ટના હસ્તક્ષેપની જરૂર પડી છે.

ઈડીએ સુપ્રીમ કોર્ટ પાસે એવી માંગ કરી છે કે પશ્ચિમ બંગાળ પોલીસ કોર્ટની પૂર્વ પરવાનગી વિના ઈડીના અધિકારીઓ વિરુદ્ધ કોઈ પણ નવી FIR દાખલ ન કરે. ઈડીએ વિનંતી કરી છે કે જે ડિજિટલ ઉપકરણો, ઈલેક્ટ્રોનિક રેકોર્ડ્સ અને દસ્તાવેજો દરોડા દરમિયાન બળજબરીથી છીનવી લેવામાં આવ્યા છે, તેને તાત્કાલિક જપ્ત કરી, સીલ કરીને ફોરેન્સિક તપાસ માટે સુરક્ષિત કરવામાં આવે અને ઈડીને પરત સોંપવામાં આવે.

આ ઘટના માત્ર પશ્ચિમ બંગાળ પૂરતી સીમિત નથી, પરંતુ તે ભારતીય રાજનીતિની એ વરવી વાસ્તવિકતા દર્શાવે છે જ્યાં 'બંધારણ' કરતા 'વ્યક્તિગત સત્તા' મોટી થઈ ગઈ છે. જો દેશના સર્વોચ્ચ હોદ્દા પર બેઠેલા લોકો જ કાયદાને હાથમાં લેશે અથવા કાયદાથી ઉપર હોવાનું વર્તન કરશે, તો દેશની લોકશાહી નબળી પડશે.







# જૈન બાળકી અરિહા શાહને માતા-પિતાને સોંપો: મોદીએ જર્મન ચાન્સેલર સમક્ષ વાત મૂકી!!

## ગુજરાતના જૈન પરિવારની દીકરી અરિહાને છેલ્લા ૪ વર્ષથી જર્મની સરકારે સરકારી પાલક દેખભાળ સેન્ટરમાં રાખી છે

**અબતક, રાજકોટ**

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતની મુલાકાતે આવેલા જર્મન ચાન્સેલર ફ્રેડરિક મેર્ઝ સમક્ષ બાળકી અરિહા શાહનો મુદ્દો ઉઠાવ્યો હતો.ચાર વર્ષથી આ માસૂમ બાળકી માતાપિતાના પ્રેમથી વંચિત છે.હવે તેને માતાપિતાને સોંપવી જોઈએ.તેવું કહ્યું હતું.

આ અંગે વિદેશ સચિવ વિક્રમ મિશ્રીએ જણાવ્યું હતું કે બાળકી અરિહા શાહનો કેસ દિલ્હી અને બર્લિનમાં જર્મન અધિકારીઓ સાથે સક્રિય ચર્ચાનો મુદ્દો છે. ગાંધીનગરમાં એક પત્રકાર પરિષદ દરમિયાન, તેમણે પુષ્ટિ આપી હતી કે "વડાપ્રધાને તેમની મુલાકાત દરમિયાન ચાન્સેલરને પણ આ વાતનો ઉલ્લેખ કર્યો હતો".સપ્ટેમ્બર ૨૦૨૧ માં અમદાવાદના અરિહાને માતા ધારા અને પિતા ભાવેશ શાહથી અલગ કરવામાં આવી હતી અને દુર્વ્યવહારના આરોપો બાદ જર્મનીમાં પાલક સંભાળ હેઠળ રાખવામાં આવી હતી. ભારતનું માનવું છે કે, આખરે, માનવતાવાદી મુદ્દાઓને ધ્યાનમાં રાખીને આ બાબતે બાળકીના માતાપિતા સાથે સંપર્ક કરવો જોઈએ. તેમણે માતાપિતા પ્રત્યે ઊંડી સહાનુભૂતિ વ્યક્ત કરતા કહ્યું, "હું એમ ન કહી શકું કે અમે પરિવારની તકલીફ અને મુશ્કેલીઓ સમજીએ છીએ કારણ કે ફક્ત તેઓ જ તેમને સમજી શકે છે."

તેમણે ખાતરી આપી કે સરકાર પરિસ્થિતિથી સંપૂર્ણપણે વાકેફ છે અને દરેક શક્ય વળાંક પર મદદ કરી રહી છે.સરકારનું મુખ્ય ધ્યાન બાળકના સાંસ્કૃતિક વારસાનું જતન છે, એમ મિસ્ત્રીએ ઉમેર્યું હતું. તેમણે ઉમેર્યું હતું કે, "અમે એ સુનિશ્ચિત કરવાનો પ્રયાસ કરી રહ્યા છીએ કે અરિહાનો ઉછેર શક્ય તેટલો ભારતીય વાતાવરણમાં થાય, પછી ભલે તે ભારતીય લોકો સાથે વાતચીત કરવાનો હોય કે જર્મનીમાં ઉજવાતા ભારતીય તહેવારોમાં ભાગ લેવાનો હોય. અમે તેના માટે હિન્દી શીખવાની વ્યવસ્થા કરવા માંગીએ છીએ. "મિસરીએ નિષ્કર્ષ કાઢ્યો, "અમે આ મુદ્દા પર જર્મન સરકાર સાથે ફોલોઅપ કરવાનું ચાલુ રાખીશું, અને દરેક પગલા પર પરિવારની સાથે રહીશું," તેમણે કહ્યું.તેમણે ઉમેર્યું કે અધિક સચિવ (યુરોપ) પરિવાર સાથે વારંવાર સંપર્ક જાળવી રાખે છે અને વચન આપ્યું હતું કે સરકાર અમે અમારા તરફથી શક્ય તેટલું બધું કરીએ છીએ.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતનો એક જૈન પરિવાર કે જે જર્મની ખાતે કામ અર્થે રહે છે

(અનુ. આઠમા પાને)








# ભરોસાપાત્ર PSLV રોકેટમાં સતત બીજી વાર ખામી, ૧૬ સેટેલાઈટ અંતરિક્ષમાં ખોવાયા

**અબતક, બેંગ્લોર**

ભારતીય અવકાશ સંશોધન સંસ્થા (ઈસરો) માટે વર્ષ ૨૦૨૬ ની શરૂઆત આઘાતજનક રહી છે. સોમવારે સવારે શ્રીહરિકોટાથી લોન્ચ કરવામાં આવેલું PSLV-C62 મિશન નિષ્ફળ ગયું છે. ઈસરોના સૌથી વિશ્વસનીય ગણાતા 'વર્કહોર્સ' (PSLV) રોકેટની આ સતત બીજી નિષ્ફળતા છે, જેને વૈજ્ઞાનિકો 'માત્ર નસીબનો ખેલ' ગણવાને બદલે સિસ્ટમની મોટી ખામી તરીકે જોઈ રહ્યા છે.

સોમવારે સવારે ૧૦:૧૭ વાગ્યે સતીશ ધવન સ્પેસ સેન્ટરના પ્રથમ લોન્ચ પેડ પરથી PSLV-C62 રોકેટે ગર્જના સાથે ઉડાન ભરી હતી. શરૂઆતના બે તબક્કા (First Second Stage) એકદમ સામાન્ય રહ્યા હતા. પરંતુ, જ્યારે રોકેટ ત્રીજા તબક્કા (PS3) માં પહોંચ્યું, ત્યારે તેમાં ગંભીર ખામી સર્જાઈ હતી.લોન્ચિંગના આશરે ૮ મિનિટ બાદ ત્રીજા તબક્કાના અંતિમ ચરણમાં રોકેટની પરિભ્રમણ ગતિમાં અનપેક્ષિત ખલેલ પહોંચી હતી.આ ખામીના કારણે રોકેટ તેના નિર્ધારિત માર્ગ પરથી ભટકી ગયું હતું.રોકેટ તેના અંતિમ ગંતવ્ય સુધી પહોંચી ન શકવાને કારણે DRDOનો અત્યાધુનિક ઊઘજ-ગ૧ (અન્વેષા) સેટેલાઈટ અને અન્ય ૧૫ વિદેશી પેલોડ્સ ભ્રમણકક્ષામાં સ્થાપિત થઈ શક્યા નહોતા અને અંતરિક્ષમાં જ ખોવાઈ ગયા હતા સૌથી વધુ ચિંતાજનક બાબત એ છે કે આ મિશન પણ ગયા વર્ષે (૧૮ મે, ૨૦૨૫) ના PSLV-C61 ની જેમ જ નિષ્ફળ રહ્યું છે.



### PSLVના સક્સેસ રેટ પર અસર

દાયકાઓ સુધી અજેય ગણાતા PSLV રોકેટની નિષ્ફળતાથી ઈસરોના વૈજ્ઞાનિકોના મનોબળ પર પણ અસર પડી છે.

" ગયા વર્ષે PSLV-C61 ની નિષ્ફળતાથી રોકેટનો સક્સેસ રેટ ૯૫.૨% થી ઘટીને ૯૩.૭% થયો હતો, જે આ મિશન બાદ વધુ નીચે આવશે.

" PSLV ના ૬૪ મિશનમાંથી આ ચોથી મોટી નિષ્ફળતા છે.

### ઈસરોએ શું કહ્યું?

ઈસરો ચીફ વી. નારાયણે જણાવ્યું છે કે આ ખામીનું વિગતવાર વિશ્લેષણ કરવા માટે એક ફેલિયર એનાલિસિસ કમિટી (FAC) ની રચના કરવામાં આવશે. ત્રીજા સ્ટેજમાં વપરાતા સોલિડ ફ્યુઅલ મોટર, નોઝલ કંટ્રોલ અથવા કવોલિટી કંટ્રોલમાં ક્યાં ચૂક રહી ગઈ છે તેની તપાસ કરવામાં આવશે.

# બુલિયન બજારનો પતંગ આસમાને સોના-ચાંદીના ભાવમાં આજે પણ ઉછાળો

## એમસીએક્સ પર ચાંદીના ભાવમાં રૂ.૨૭૦૦ થી વધુનો વધારો: સોનામાં સામાન્ય ઉછાળો

**અબતક, રાજકોટ**

બુલિયન બજારનો પતંગ સાતમા આસમાને ઉડી રહ્યો છે. આજે પણ બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં ઉછાળો નોંધાયો હતો. ચાંદીના ભાવમાં રૂ. ૨૭૦૦નો વધારો નોંધાયો હતો. જયારે સોનાના ભાવમાં સામાન્ય વધારો રહ્યો હતો. શેર બજારમાં આજે વોલેટાલીટી જોવા મળી હતી. બજારમાં સતત ઉતાર ચડાવ રહે છે. અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો તુટયો હતો.

બુલિયન બજારમાં છેલ્લા ઘણા દિવસથી સોના અને ચાંદીના ભાવમાં સતત વધારો નોંધાય રહ્યો છે. બન્ને કિંમતી ધાતુઓ પ્રતિદિન નવી ઉંચાઈ હાંસલ કરી રહી છે. સોનાની સરખામણીએ ચાંદીના ભાવ ખુબ જ ઝડપથી વધી રહ્યા છે. માંગ સામે પુરવઠા ઓછો હોવાના કારણે ચાંદીમાં વણથંભી તેજી જોવા મળી રહી છે. આજે અમેસીએક્સ પર ચાંદીના ભાવ રૂ. ૨,૭૨,૨૦૨ ની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયા હતા જયારે આજની નીચલી સપાટી રૂ. ૨,૬૮,૪૯૭ રહી હતી. બીલમાં હાજરમાં ચાંદીના ભાવ રૂ. ૨,૭૫,૦૦૦ ની સપાટીને પાર થઈ ગયા હતા. એમસીએક્સ પર સોનાના ભાવમાં સામાન્ય ઉછાળો રહ્યો હતો. આજે એમસીએક્સ પર એક ગ્રામ સોનાના ભાવ રૂ. ૧,૪૨,૨૦૬ રહ્યા હતા જયારે નીચલી સપાટી રૂ. ૧,૪૧,૬૬૦ રહ્યા હતા. હાજરમાં બીલમાં સોનાના ભાવ રૂ. ૧,૪૪,૫૦૦ ની સપાટીએ પહોંચી ગયા હતા. સોના અને ચાંદીના ભાવમાં આગામી દિવસોમાં તેજી યથાવત રહેશે.

બન્ને કિંમતી ધાતુઓમાં એકધારા વધારાના કારણે વેપારીઓએ સોદા લેવાનું બંધ કરી દીધું છે. હાજરમાં બીલમાં પણ સોદા પડતા નથી. બુલીયન બજારમાં આજે તેજી રહેવા પામી હતી. જયારે શેર બજાર રેડ ઝોનમાં કામકાજ કરતું નજર પડતું હોય અમેરિકી ડોલર સામે ભારતીય રૂપિયો નબળો જણાતો હતો.

**સ્વાદ અને સ્વાસ્થ્યનો સંગમ શેઠ બ્રધર્સની ડીટોક્ષ ગ્રીન-ટી બીજી બધી ગ્રીન-ટી ભુલી જશો**

ગ્રીન-ટી તો અનેક કંપનીઓની આવે છે પરંતુ આપ એકવાર શેઠ બ્રધર્સની પ્રતિકાર ડીટોક્ષ ગ્રીન-ટી પીશો તો અન્ય તમામ ભુલી જશો. કારણ કે આ ગ્રીન-ટી ટેસ્ટમાં તો બેસ્ટ છે જ સાથોસાથ તેમાં આદુ, હળદર, અશ્વગંધા, ગળો, કાળા મરી, એલચી, તુલસી, સરગવાના પાનનો સમાવેશ છે તેથી તે સ્વાસ્થ્યવર્ધક પણ છે. ચહેરાની ત્વચામાં ચમક લાવવામાં, વજન નિયંત્રીત કરવામાં, શરદીમાં, કોલેસ્ટ્રોલ તથા હૃદય માટે ઉત્તમ ગુણકારી છે. આ પ્રતિકાર ડીટોક્ષ ગ્રીન-ટીનું નિયમિત સેવન આપને સ્વાદની મજા અને સ્વાસ્થ્યનો સાથ આપશે.

આકાશમાં રંગ ભરો, જીવનમાં ઉડાન ભરો

# વિશ્વનાં સૌથી પ્રાચીન ગ્રંથ ઋગ્વેદમાં સૂર્ય માટે "પતંગ" શબ્દ વપરાયો હતો

## આખું વર્ષ વિશ્વના વિવિધ દેશમાં ઉડતી રહે છે પતંગ: હડપ્પા અને મોહે-જો-દરોની સિંધુ સંસ્કૃતિના મળી આવેલા અવશેષોમાં અમુક ચિત્રલિપીમાં પતંગની આકૃતિ જોવા મળે છે: ભારતમાં પતંગ નામનો સર્વ પ્રથમ ઉલ્લેખ મંઝન નામના કવિએ તેની મધુમાલતી કવિતામાં કર્યો હતો

આવતીકાલે ભારતીય સંસ્કૃતિના અને ખાસ ગુજરાતીઓનો પતંગ ઉડાડવાનો દિવસ છે, આ દિવસ આપણી પંચાંગની ગણતરી મુજબ, અત્યારે મકર સંક્રાંતિ અને ઉત્તરાયણ એક જ દિવસે (૧૪ જાન્યુઆરી) ઉજવવામાં આવે છે. પરંતુ પૃથ્વીના ધરીભ્રમણને કારણે હજારો વર્ષો પહેલા આ બંને ઘટનાઓ એકસાથે થતી હતી, જે હવે થોડા દિવસોના અંતરે થાય છે. વિજ્ઞાન મુજબ સૂર્ય ૨૨ ડિસેમ્બરથી જ ઉત્તર તરફ ખસવાનું શરૂ કરી દે છે.

મકર સંક્રાંતિનો અર્થ સંક્રાંતિ એટલે સૂર્યનું એક રાશિમાંથી બીજી રાશિમાં પ્રવેશવું. જ્યારે સૂર્ય ધન રાશિમાંથી નીકળીને મકર રાશિમાં પ્રવેશ કરે છે, ત્યારે તેને 'મકર સંક્રાંતિ' કહેવામાં આવે છે. આ એક જ્યોતિષીય ઘટના છે. આ દિવસે દાન-પુણ્ય અને તલ-ગોળ ખાવાનું વિશેષ મહત્વ હોય છે. ઉત્તરાયણનો અર્થ ઉત્તરાયણ 'ઉત્તર + અયન'. સૂર્યની ગતિ જ્યારે ઉત્તર દિશા તરફ વળે તેને ઉત્તરાયણ કહેવાય છે. વૈજ્ઞાનિક મહત્વ વર્ષના છ મહિના સૂર્ય દક્ષિણ તરફ નમેલો હોય છે, તેથી તેને દક્ષિણાયન અને બાકીના છ મહિના ઉત્તર તરફ હોવાથી ઉત્તરાયણ કહેવાય છે. ઉત્તરાયણ શરૂ થતા દિવસો લાંબા અને રાત ટૂંકી થવા લાગે છે.



આપણે મકર સંક્રાંતિએ પતંગ ઉડાડીએ છીએ પણ આજે કે કાલે કે આવતા મહિને પણ વિશ્વના અલગ અલગ દેશોના પ્રદેશોમાં પતંગ ઉડતી જ રહે છે. આપણાં દેશમાં પતંગને તિલંગી, પાળોલ, મકડા, ગાલપિટ્ટ અને પડાઈ જેવા નામોથી બોલાવાય છે. વિશ્વમાં અલગ અલગ દેશોમાં તેના આકાર, કદ, દેખાવ મુજબ તેના નામો જાણીતા છે. પતંગ શબ્દ હકિકતમાં સંસ્કૃત શબ્દ છે. આપણા દેશમાં કે વિશ્વમાં તેના આકાર, કદ મુજબ વિવિધ નામો છે. તેમ આપણાં ગુજરાતમાં પણ તેને ફૂમતાવાળા, પૂછડીવાળા, કાગડી, આંખદાર, પીળી, બગલું, ભૂરીભાત બાળા જેવા વિવિધ નામો છે. તેના ઝુંડ ને પંજો અને ૨૦ પતંગોને કે જથ્થાને કૂડી કહેવાય છે. પતંગો વિશેની અનેક કથા અને વાતો જાણીતી છે. તુલસીદાસ કૃત રામાયણના બાલ કાંડની ચોપાઈ તેનો ઉલ્લેખ અને રામે પતંગ ઉડાડી હોવાનો ઉલ્લેખ જોવા મળે છે. ત્રણ હજાર વર્ષ પહેલા વનસ્પતિના પાંદડામાંથી પણ પતંગો બનતી હોવાનું માનવામાં આવે છે. સૌ પ્રથમ વિશ્વમાં ઇ.સ. પૂર્વે ૨૦૬માં પ્રથમ પતંગ ચગાવનાર ચીનના હુઆન થેંગ હતા. વિશ્વનો સૌથી મોટો પતંગ ૬૩૦ ચોરસમીટર નું કદ ધરાવતો હતો, જયારે લાંબો પતંગ ૧૦૩૪ મીટરની લંબાઇ ધરાવતો હતો. જાપાનના એક પતંગ બાજે એક જ દોરી ઉપર ૧૧૨૮૪ પતંગ ઉડાડવાનો વર્લ્ડ રેકોર્ડ ધરાવે છે. સૌથી દુર ઉડાવવાનો વર્લ્ડ રેકોર્ડ કલાકની ૧૯૩ કી.મી. ઝડપે પતંગ ઉડાવવાનો છે. થાઈલેન્ડમાં પતંગ ઉડાડવાના ૭૮ નિયમો નકકી કરાયા છે. ગુજરાતના અમદાવાદમાં તો બે દિવસ ઉત્સવ જેવો માહોલ હોય છે. અહિં વાસી ઉતરાયણનું પણ વિશેષ મહત્વ છે. સુરત, બરોડા, રાજકોટ જેવા અનેક શહેરોમાં પતંગ રસીયાઓએ દોરો પાવાથી લઈને પતંગના આયોજન પણ કરી નાખ્યા છે. ધાબા ઉપર પરિવાર સાથે મિત્રો સાથે સવારથી સાંજ જલ્વામાં ડીજે, ચીકી, બોર, જીંજરા, ખજુર, ઉંધીયુ જેવા વ્યંજનો પણ સામેલ થાય છે. અત્યારે તો બજારમાં પતંગ દોરા, ફિરકી વિગેરેની ધુમ લેવાલી નીકળી પડી છે. નીત નવા પતંગો પણ આ વર્ષે જોવા મળી રહ્યા છે. આપણા ગુજરાતમાં છેલ્લા અઠવાડિયાથી વિવિધ શહેરોમાં પતંગ ઉત્સવ યોજાઈ રહ્યા છે, જેમાં વિદેશી પતંગબાજો પણ પોતાની નિત નવી પતંગ લઈને આવ્યા છે. આપણાં સૌરાષ્ટ્ર ગુજરાતમાં વર્ષમાં એક જ વખત મકર સંક્રાંતિ એ જ પતંગ ચગાવાય છે. પરંતુ દેશના અલગ અલગ પ્રદેશોમાં કોઈને કોઈ પર્વને નિમિત બનાવીને લોકો પતંગ ઉડાડે છે. તેથી દેશમાં અને વિશ્વમાં આખુ વર્ષ કોઈને કોઈ તહેવારે પતંગ ઉડતી જ રહે છે. પશ્ચિમ બંગાળમાં મુળ બંગાળીઓ નવરાત્રી દરમ્યાન વિશ્વકર્મા જયંતિ ઉજવણીએ પતંગ ઉડાવીને પતંગ પર્વ ઉજવે છે. રાજસ્થાનમાં ખાસ કરીને બિકાનેર શહેરમાં અખાત્રીજે પતંગ રસીયા પતંગ ચગાવે છે. આ પાછળના કારણોમાં રાજસ્થાનના રાજવી રાવ બિકાજીએ અક્ષય તૃતીયા ના દિવસે બિકાનેર શહેર વસાવેલ તેથી સ્થાપના દિવસે ઉજવણીના ભાગરુપે પતંગ ઉડાડાય છે. આ દિવસે ખીચડો ખાવાનું વિશેષ મહત્વ છે. અખાત્રીજ પહેલા બીજના દિવસથી જ પતંગ ઉડાડાય છે. રાજસ્થાનના બીજા એક શહેર જોધપુરમાં અખાત્રીજે પતંગ ચગાવવાનો રિવાજ છે, પરંતુ અખાત્રીજ કરતાં રક્ષાબંધનના દિવસે પતંગો વધુ ચગાવાય છે. રાજયના જયપુરમાં મકર સંક્રાંતિએ જ પતંગ ઉડાડાય છે.પાટનગર દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં સ્વાતંત્ર્ય પર્વે પતંગ ચગાવાય છે. જયારે બોલીવુડ નગરી મુંબઈમાં દિવાળી દરમ્યાન પતંગ રસીયા પતંગ ચગાવે છે. જો કે હવે મુંબઈમાં ગુજરાતી સ્થાય થયેલા ગુજજુ પરિવારો ૧૪મી જાન્યુઆરી મકર સંક્રાતિએ જ પતંગ ઉડાડે છે. દક્ષિણના પ્રમુખ રાજય તામિલનાડુમાં પોંગલ ઉત્સવમાં પતંગ પ્રજા ચગાવે છે. આખા દેશમાં પતંગ ઉડાવવાનું વિશેષ મહત્વ ઉત્તર પ્રદેશમાં છે, અહીં પતંગ રસીયાઓ બારે માસ પતંગ ઉડાડતા જોવા મળે છે. લખનૌમાં દિવાળી પર્વે તો કાનપુરમાં રક્ષાબંધને, મુરાદાબાદમાં વસંત પંચમીએ પતંગ ઉડાડવાનો રીવાજ છે. આપણા ગુજરાતમાં અપવાદ રુપ પ્રભાષ પાટણમાં મકર સંક્રાતિ એ પતંગ નથી ઉડતી પણ ભર ચોમાસે પિતૃશ્રાધ્ધના દિવસોથી પતંગ ઉડાડવાનું શરુ કરાય છે. જે છેક દેવદિવાળી સુધી ચાલે છે. પંજાર હરિયાળામાં મકર સંક્રાંતિ 'માઘી' નામથી ઓળખાય છે. સંક્રાંતનો એક દિવસ પહેલા 'લોહિડી' નો ઉત્સવ મનાવે છે.આપણા દેશમાં અલગ અલગ નામથી દેશભરમાં સંક્રાતનું પર્વ મનાવાય છે અને આખુ વર્ષ પતંગના પડછાયા દેશમાં કયાંયને કયાંક ઝીલાતા રહે છે.



### ત્રણ હજાર વર્ષ પહેલા પાંદડામાંથી પ્રથમ પતંગ બનાવ્યો હતો

વિશ્વનો સૌથી નાનો પતંગ પાંચ મિલીમીટર જેટલું ઉંચુ ઉડયો હતો. દુનિયાના સૌથી મોટા પતંગને 'મેગા ફલેગ' તરીકે ઓળખાય છે. સૌથી પહેલો પતંગ વૃક્ષના પાંદડામાંથી ત્રણ હજાર વર્ષ પહેલા બનાવ્યો હતો. અત્યાર સુધી સૌથી ઝડપી ઉડાડવામા આવેલો જે પતંગ કલાકની ૧૯૩ કી.મીની ઝડપ ધરાવતો હતો. ન્યુઝીલેન્ડમાં પક્ષીના આકારોની પતંગોનો ક્રેઝ છે. જાપાની લોકો પતંગ ઉડાવવામાં જ પ્રવૃત રહેતા હોવાથી ૧૭૬૦ માં તેની ઉપર પ્રતિબંધ મુકાયો હતો. અમેરિકન સૈનિકો પતંગોનો સંદેશા વ્યવહાર તરીકે ઉપયોગ કરતાં હતા. ચીનમાં ડ્રેગન આકારના પતંગો ખુબ જાણીતા છે. ૧૯૦૧ માં માર્કોની એ પતંગની મદદથી પ્રથમવાર રેડીયો તરંગોના માધ્યમથી સંદેશાઓને એટલાન્ટિક સમુદ્રની પાર મોકલવામાં સફળતા મળી હતી.

નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

### રાજસ્થાનમાં અખાત્રીજે તો મુંબઈમાં દિવાળીએ અને દિલ્હીમાં સ્વાતંત્ર્ય પર્વે પતંગ ઉડે છે : અમદાવાદમાં પતંગોત્સવ બે દિવસ ચાલે છે: જાણકારોના મત મુજબ પતંગનું મહત્વ કે અસ્તિત્વ રામાયણ અને મહાભારતમાં પણ જોવા મળે છે

# વાંકાનેર: એબીવીપી દ્વારા સ્વામી વિવેકાનંદ જન્મ જયંતિની ભાવભેર ઉજવણી

## વકતવ્ય, નિબંધ સ્પર્ધા સહિતની સ્પર્ધાઓ યોજાઈ

અબતક
લિતેશ ચંદારાણા, વાંકાનેર

અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ ૯ જુલાઈ,૧૯૪૯થી વિદ્યાર્થી હિત અને રાષ્ટ્ર હિત માટે કાર્ય કરતું વિશ્વનું સૌથી મોટું છાત્ર સંગઠન છે.

એબીવીપી વાંકાનેર નગરમાં સ્વામી વિવેકાનંદજીની જન્મજયંતિ નિમિતે અમરસિંહજી હાઈસ્કૂલ ખાતે વકતવ્ય અને નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું.



જેમા રાષ્ટ્રીય કારોબારી સદસ્ય અને એમએસ યુનિવર્સિટી (વડોદરા) વિસ્તારક જીગ્નેશભાઈ મહાલા વિશેષ ઉપસ્થિત રહ્યાં હતા.

# હિંમતનગર નાગરિક બેંકમાં વિકાસ પેનલનો દબદબો

## ૧૩માંથી ૧૨ ડિરેકટર્સની ઘરવાપસી, અમૃત પુરોહીત નવા ચહેરા તરીકે ચૂંટાયા

અબતક, સંજય દીક્ષીત, સાબરકાંઠા

સાબરકાંઠા જિલ્લાની પ્રતિષ્ઠિત હિંમતનગર નાગરિક સહકારી બેંકની ચૂંટણીના પરિણામો જાહેર થયા છે. ૧૩ બોર્ડ ઓફ ડિરેક્ટર્સમાંથી ૧૨ જૂના ડિરેક્ટર્સ ફરી ચૂંટાયા છે જ્યારે એક નવા ડિરેક્ટરની એન્ટ્રી થઈ છે. આ ચૂંટણીમાં ૧૩ બેઠકો માટે કુલ ૪૨ ઉમેદવારો મેદાનમાં હતા ગઈકાલે યોજાયેલા મતદાનમાં ૩૨,૬૬૧ નોંધાયેલા મતદારોમાંથી ૧૨,૮૮૭ મતદારોએ પોતાના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો

મતગણતરી રાત્રે ૮ વાગ્યા બાદ શરૂ કરવામાં આવી હતી અને અંદાજે પાંચ કલાકથી વધુ સમય બાદ મોડી રાત્રે પરિણામો જાહેર થયા હતા ચૂંટણી અધિકારી પરીક્ષિત વખારિયાએ આ માહિતી આપી હતી. વિજેતા ડિરેક્ટર્સમાં સામાન્ય વિભાગમાંથી ૧૦,મહિલા વિભાગમાંથી ૨ અને અનુસૂચિત જાતિ/જનજાતિ વિભાગમાંથી ૧ ઉમેદવારનો સમાવેશ થાય છે. આ ડિરેક્ટર્સ ૨૦૨૬ થી ૨૦૩૧ સુધીના પાંચ વર્ષના કાર્યકાળ માટે સેવા આપશે. બેંકમાં 'વિકાસ પેનલ'ના ૧૩ માંથી ૧૨ ડિરેક્ટર્સ વિજયી થયા છે ૧૩ મા ડિરેક્ટર તરીકે અમૃત પુરોહિત વિજયી થયા હતા જેઓ નવા ચહેરા તરીકે ચૂંટાયા છે.

જેમાં હિરેનકુમાર નવીનચંદ્ર ગોર (૭૭૩૩), દિગ્વિજયસિંહ રણજીતસિંહ ચાવડા (૭૨૨૮), કેતનકુમાર નારાયણદાસ મોદી (૭૦૩૪), નલીનકુમાર મોહનભાઈ પટેલ (૬૯૬૦), નલીનકુમાર રમણલાલ પટેલ (૬૭૦૮), જીતેન્દ્રકુમાર નાથાભાઈ પટેલ (૬૬૮૨), દિલીપકુમાર જયંતીલાલ શાહ (૬૨૭૪), દિનેશકુમાર ચંદુલાલ મહેતા (૬૦૬૯), અમૃતકુમાર બાબુલાલ પુરોહિત (૫૮૭૧), રાજેશકુમાર ચીનુભાઈ અમીન (૫૪૭૮), મહિલા વિભાગમાં કલ્પનાબેન દેવેશભાઈ પટેલ (૭૩૨૩), કપિલાબેન ભરતભાઈ પટેલ (૬૯૭૭) વિજેતા બન્યા છે અનુસૂચિત જાતિ/જનજાતિ વિભાગમાંથી શશીકાંત ગોવિંદભાઈ સોલંકી (૪૩૫૬) ચૂંટાયા છે.

## આવતીકાલનું રાશિફળ

### તા.૧૪.૧.૨૦૨૬, બુધવાર, સંવંત ૨૦૮૨, પોષ વદ અગિયારસ, ષટ્તિલા એકાદશી, અનુરાધા નક્ષત્ર, બાલવ કરણ આજે જન્મેલાંની વૃશ્ચિક (ન,ય) રહેશે

**મેષ (અ,લ,ઈ) :** અંગત જીવનમાં સારું રહે, મનોમંથન કરી શકો, વિચારોમાં પરિવર્તન જણાય, શુભ દિન.

**વૃષભ (બ,વ,ઉ) :** વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે, વિવાહિતને દામ્પત્યજીવનમાં સારું રહે, પરિવાર સાથે આનંદ માણી શકો.

**મિથુન (ક,છ,ઘ) :** ભાગીદારીમાં સારું રહે, જાહેરજીવનમાં આગળ વધી શકો અને તમારું પ્રભુત્વ દર્શાવી શકો, દિવસ શુભ રહે.

**કર્ક (ડ,હ) :** વિદ્યાર્થીવર્ગને અભ્યાસમાં સારું રહે, વિદેશ જવા ઈચ્છતા મિત્રો માટે સારું, સંતાન અંગે સારું રહે, યોગ્ય સમયે યોગ્ય નિર્ણય લઈ શકો.

**સિંહ (મ,ટ) :** નવી વસ્તુની ખરીદી થાય, સુખ સગવડ પ્રાપ્ત થાય, અન્ય મિત્રોને મદદરૂપ બની શકો, દિવસ સંતોષજનક રહે.

**કન્યા (પ,ઠ,ણ) :** ગણતરી પૂર્વક આગળ વધશો તો લાભ થશે, સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો.

**તુલા (ર,ત) :** આર્થિક બાબતોમાં મધ્યમ રહે, આવક જાવક સમજીને કરવા, મનમાં સંતોષ અને રાજીપો રહે, શુભ દિન.

**વૃશ્ચિક (ન,ય) :** તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય, નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.

**ધન (ધ,ભ,ફ,ઢ) :** કોઈ બાબતમાં વધુ દલીલથી દૂર રહેવું, વાદ-વિવાદથી દૂર રહેવું, અંગત મિત્રો સાથે મતભેદ નિવારવા પડે.

**મકર (ખ,જ) :** આકસ્મિત લાભ થાય, મુશ્કેલીમાં આશાનું કિરણ દેખાય, મુસાફરીના યોગ બની રહ્યા છે, દોડધામ રહે.

**કુંભ (ગ,સ,શ) :** વેપારીવર્ગને લાભ થાય, સ્ત્રીવર્ગને મધ્યમ રહે, નોકરિયાતવર્ગને સારું રહે, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.

**મીન (દ,ચ,ઝ,થ) :** નસીબ સાથ આપતું જણાય, નવીન તક હાથમાં આવે પરંતુ તેને કાર્યમાં રૂપાંતરિત કરવા મહેનત કરવી જરૂરી બને છે.

# ધ્રાંગધ્રા: ભાજપ યુવા મોરચા દ્વારા સ્વામી વિવેકાનંદની જન્મજયંતિની ભાવભેર ઉજવણી

અબતક
સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા

ધ્રાંગધ્રા શહેરમાં ભારતીય જનતા પાર્ટી યુવા મોરચા દ્વારા મહાન યુગપુરુષ સ્વામી વિવેકાનંદજીની ૧૬૩મી જન્મજયંતિ નિમિત્તે ભાવપૂર્ણ પુષ્પાંજલિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું યુવા શક્તિને રાષ્ટ્રનિર્માણ માટે પ્રેરણા આપનાર સ્વામી વિવેકાનંદજીના વિચારોને સ્મરણમાં રાખી યુવા દિવસની ઉજવણી કરવામાં આવી હતી આ પ્રસંગે સ્વામી વિવેકાનંદજીના ચરણોમાં પુષ્પાંજલિ અર્પણ કરીને તેમના જીવનદર્શન અને સંદેશાને યાદ કરવામાં આવ્યો હતો સાથે સાથે સમાજપ્રત્યેની જવાબદારીના ભાવ સાથે જરૂરિયાતમંદ બાળકોને ફૂડ પેકેટ તેમજ પતંગનું વિતરણ કરીને સેવા કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું, જે કાર્યક્રમનું વિશેષ આકર્ષણ બન્યું હતું કાર્યક્રમમાં શહેર સંગઠન પ્રમુખ નિશાંતભાઈ પ્રજાપતિ, નગરપાલિકા પ્રમુખ કુલદીપસિંહ ઝાલા, મહામંત્રી સંજયભાઈ ગોવાની સહિત સંગઠનના હોદ્દેદારો, નગરપાલિકાના સુધરાઈ સભ્યો, પૂર્વ નગરપાલિકા પ્રમુખ, મોરચાના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતા સમગ્ર કાર્યક્રમ દરમિયાન ભારત માતા કી જયના જયઘોષ સાથે યુવા શક્તિમાં નવી ઊર્જાનો સંચાર થયો હતો. સ્વામી વિવેકાનંદજીના વિચારોથી પ્રેરિત બની રાષ્ટ્રસેવા માટે સંકલ્પબદ્ધ થવાનો સંદેશ આ કાર્યક્રમ દ્વારા આપવામાં આવ્યો હતો.



## કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૧૩-૦૧-૨૦૨૬ મંગળવાર**

૧૨:૦૦ થી ૦૨:૧૦ ગુજરાતી મુવી (ફક્ત મહિલાઓ માટે)
૦૨:૧૦ થી ૦૩:૦૦ મોટીવેશનલ સ્પીચ (કાજલ ઓઝા)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રાગી નો શીરો)+(વેજ.કડાઈ)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃઆજે નહીં તો ક્યારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.ધવલ મકવાણા)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૧૫ ગુજરાતી નાટક (આ કોકિલાનું કંઈક કરો)
૦૭:૧૫ થી ૦૭:૪૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૪૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૪-૦૧-૨૦૨૬ બુધવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ
૧૨:૦૦ થી ૦૩:૦૦ ગુજરાતી મુવી (વિઠ્ઠલ તીડી)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (રજવાડી ઉંધીયું)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃઆજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ હેલ્થ વેલ્થ (ડો.પ્રિયા કોડરાણી)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૧૦ ગુજરાતી નાટક (કાકાની કમાણી પડોશણમાં સમાણી)
૦૭:૧૦ થી ૦૭:૩૦ સ્ટેન્ડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ

**તારીખ ૧૫-૦૧-૨૦૨૫ ગુરુવાર**

૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ




### તા. ૧૪-૧ -૨૦૨૬ બુધવાર

**વિક્રમ સંવત** ૨૦૮૨ **શાલીવાહન શકિ:** ૧૯૪૭
**ખ્રિસ્તી સંવત** ૨૦૨૬
**તિથી** પોષ વદ અગીયારશ મકર સંક્રાંતિ
**નક્ષત્ર** અનુરાધા
**યોગ** ગંડ **કરણ:** કૌલવ
**સુર્યોદય** ૭.૨૯ **સુર્યાસ્ત:** ૬.૨૩
**ચંદ્ર રાશી** વૃશ્ચિક
**રાશિ અક્ષર** ન.ય
**દિશાશૂળ** ઉત્તર દિશા તરફ
**રાહુકાળ** બપોરે ૧૨ થી ૧.૩૦
**દિવસનાચોઘડીયા** લાભ,અમૃત,કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ
**રાત્રીનાચોઘડીયા** ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ,ઉદવેગ
**અભિજીત મુહૂર્ત** બપોરે ૧૨.૩૫ થી ૧.૧૮

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

## સૂડોકુ -૩૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | ૬ | | | |
| | ૫ | ૩ | | | | ૧ | ૮ | |
| | | | | | | | ૩ | ૬ |
| ૯ | | | ૫ | | | | | |
| | | | ૬ | | | | ૭ | ૮ |
| | ૬ | ૪ | | | ૮ | | | ૯ |
| ૨ | | | | ૩ | | ૭ | ૬ | |
| | | | | ૪ | | | | |
| ૩ | | | | | | | ૫ | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોકસમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

## સૂડોકુ-૩૪ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૮ | ૬ | ૫ | ૧ | ૩ | ૯ | ૪ | ૨ | ૭ |
| ૪ | ૨ | ૭ | ૮ | ૫ | ૬ | ૧ | ૩ | ૯ |
| ૩ | ૧ | ૯ | ૪ | ૨ | ૭ | ૮ | ૫ | ૬ |
| ૧ | ૯ | ૮ | ૩ | ૭ | ૫ | ૬ | ૪ | ૨ |
| ૭ | ૩ | ૨ | ૯ | ૬ | ૪ | ૫ | ૮ | ૧ |
| ૫ | ૪ | ૬ | ૨ | ૧ | ૮ | ૭ | ૯ | ૩ |
| ૯ | ૫ | ૧ | ૭ | ૮ | ૩ | ૨ | ૬ | ૪ |
| ૬ | ૭ | ૩ | ૫ | ૪ | ૨ | ૯ | ૧ | ૮ |
| ૨ | ૮ | ૪ | ૬ | ૯ | ૧ | ૩ | ૭ | ૫ |

## ૧૪ જાન્યુઆરી બુધવારે મકરસંક્રાંતિ અને ષટ્તિલા એકાદશીના સંયોગમાં ગ્રહ લેશે પરીક્ષા!!!

૧૪ જાન્યુઆરી બુધવારે મકરસંક્રાંતિ અને ષટ્તિલા એકાદશી બેઉ સાથે છે ગ્રહોને મજબૂત કરવા વર્ષો પછી આવતા આ વિશેષ સંયોગનો ઉપયોગ કઈ રીતે કરી શકાય તે અત્રે જાણવું છું. આ દિવસે છ પ્રકારે તલનો ઉપયોગ કરવાની એકાદશી, જે ભગવાન વિષ્ણુને સમર્પિત છે અને પાપ નાશ તથા સમૃદ્ધિ માટે તલના દાન, માલિશ ,સ્નાન, ભોજન, હવન, તર્પણ અને ઉપવાસમાં તલનો ઉપયોગ થાય છે. ખાસ બાબત આજના દિવસે દાનની છે જેમાં તલ ગોળ શેરડી વસ્ત્ર વિગેરે આપવામાં આવે છે જે વિષે રાશિ મુજબ શું દાન કરવું તે પણ અલગ લેખમાં જણાવી ચુકયો છું. આ બેઉના સંયોગમાં ખ્યાલમા એક બાબત રાખવાની એ છે કે આ દિવસે જે વ્યક્તિ તમારી સામે આવે તેને કઈ પ્રકારની મદદની જરૂર છે તે મુજબ જો મદદ કરવામાં આવે તો સુંદર પરિણામ પ્રાપ્ત થાય છે જેમ કે આ દિવસે કોઈ દુ:ખી વ્યક્તિને માર્ગદર્શનની જરૂર હોય તો તેને યોગ્ય માર્ગદર્શન આપવું એ પણ એક પુણ્યનું કામ છે આ દિવસે આપણા જીવનમાં આવતા લોકોના ક્ષેમ કુશળ જોવા એ આપણી ફરજ બની જાય છે, આ દિવસે ગુરુને, ગુરુ સત્તાને નમન કરી તેમને પણ કૈક અર્પણ કરવું જોઈએ જેથી વર્ષો પછી આ સંયોગમાં આવેલી મકરસંક્રાંતિ અને ષટ્તિલા એકાદશીનું ફળ પ્રાપ્ત થાય છે.




જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

લોખંડ-કાંટાના કારખાનેદારો માટે ''અચ્છે દિન''

# સાવરકુંડલા: બોઘરિયાણીમાં ૧૦૦ એકરમાં આકાર લેશે અત્યાધુનિક ''સ્માર્ટ જીઆઈડીસી''

## લોખંડ,કાંટા અને હીરાના ઉદ્યોગને મળશે નવી પાંખો: હજારો યુવાનો માટે રોજગારીના દ્વાર ખુલશે



**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

વિશ્વભરમાં 'કાંટા નગરી' તરીકે જાણીતા સાવરકુંડલાના વિકાસમાં આજે એક નવો અધ્યાય ઉમેરાયો છે. રાજકોટ ખાતે યોજાયેલી રિજિયોનલ વાઈબ્રન્ટ સમિટમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા રાજ્યમાં ૭ નવી 'સ્માર્ટ જીઆઈડીસી'ની જાહેરાત કરવામાં આવી છે, જેમાં અમરેલી જિલ્લાના સાવરકુંડલાનો સમાવેશ થતા સમગ્ર પંથકમાં ખુશીની લહેર પ્રસરી ગઈ છે. સાવરકુંડલા તાલુકાના બોઘરિયાણી (ધજડી) ખાતે અંદાજે ૧૦૦ એકર (૪૧ હેક્ટર) જમીન પર આ જીઆઈડીસી નિર્માણ પામશે. સ્માર્ટ સિટીની તર્જ પર અહીં ડિજિટલ સુવિધાઓ, શ્રેષ્ઠ રોડ નેટવર્ક અને ઉદ્યોગોને પૂરક એવું હાઈટેક ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઊભું કરાશે.

આ સ્માર્ટ જીઆઈડીસી કાર્યરત થવાથી સ્થાનિક હજારો યુવાનોને રોજગારી માટે સુરત, અમદાવાદ કે રાજકોટ જેવા શહેરોમાં સ્થળાંતર નહીં કરવું પડે. ઘરઆંગણે જ રોજગારી મળતા સ્થાનિક અર્થતંત્રને વેગ મળશે. આ ઉપરાંત, ટ્રાન્સપોર્ટ, હોટલ ઉદ્યોગ અને સર્વિસ સેક્ટરનો પણ વ્યાપક વિકાસ થશે, જે ગ્રામ્ય અને શહેરી વિસ્તાર વચ્ચેના અંતરને ઘટાડવામાં મદદરૂપ થશે. જે અમરેલી જિલ્લાના ઔદ્યોગિક નકશાને નવી ઓળખ આપશે.''સાવરકુંડલા અને લીલીયા વિસ્તારના વેપારી મંડળો, સામાજિક અગ્રણીઓ અને નાગરિકોએ આ ઐતિહાસિક ભેટને વધાવી લીધી છે અને ધારાસભ્યની સક્રિય રજૂઆતોની પ્રશંસા કરી છે.

સાવરકુંડલાના પરંપરાગત લોખંડ અને કાંટા ઉદ્યોગ ઉપરાંત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ અને હીરા ઉદ્યોગને આ નિર્ણયથી મોટું પ્રોત્સાહન મળશે.આ પ્રોજેક્ટ સાકાર થવાથી માત્ર નવા કારખાનાઓ જ નહીં, પરંતુ ટ્રાન્સપોર્ટ, હોટલ અને સર્વિસ સેક્ટરનો પણ વ્યાપક વિકાસ થશે. સૌથી મહત્વની બાબત એ છે કે સ્થાનિક યુવાનોને હવે રોજગારી માટે વતન છોડી સુરત કે અમદાવાદ જેવા શહેરોમાં સ્થળાંતર નહીં કરવું પડે, તેમને ઘરઆંગણે જ ઉત્તમ તકો પ્રાપ્ત થશે.સાવરકુંડલા અને લીલીયા વિસ્તારના વેપારી મંડળો અને અગ્રણીઓએ આ ઐતિહાસિક નિર્ણયનો આવકારતા ધારાસભ્યની સક્રિય રજૂઆતોને બિરદાવી છે.



### ધારાસભ્ય મહેશ કસવાલાનો સંકલ્પ પૂર્ણ

ચૂંટણી સમયે સાવરકુંડલાને ઔદ્યોગિક હબ બનાવવાનો વાયદો કરનાર ધારાસભ્ય મહેશ કસવાલાએ આ જાહેરાતને વધાવી લેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને ઉદ્યોગ મંત્રી હર્ષ સંઘવીનો આભાર માન્યો છે. તેમણે જણાવ્યું હતું કે, ''આ જીઆઈડીસી અમરેલી જિલ્લાના ઔદ્યોગિક નકશાને બદલી નાખશે અને ગ્રામ્ય-શહેરી વિકાસ વચ્ચેનો સેતુ બનશે.''

# મનરેગા બચાવો આંદોલનની લડતને રાજ્યવ્યાપી બનાવવાનું કોંગ્રેસના નિદત બારોટનું એલાન

## જુનાગઢ કોંગ્રેસ ભવન ખાતેથી કોંગ્રેસ પ્રવકતાએ લડતનું બુગલ ફુંકયું

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ કોંગ્રેસ ભવન ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા નિદત બારોટે રોજગારીનો અધિકાર આપતો મનરેગા કાયદામાં ખોટા ફેરફાર કરી નબળો પાડવાની ભ્રષ્ટનીતિ પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં અને ગુજરાતમાં દ્વારા મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી કાયદો મનરેગાને સંપૂર્ણપણે નાબૂદ કરવાની કાવતરું છે. અમો વીબી-ગ્રામ-જી કાયદાની કડક શબ્દોમાં નિંદા કરીએ છીએ. નવો કાયદાનો સુધારો ભારત દેશ અને ગુજરાતના ગ્રામીણ ગરીબો, ખેડૂતો, ભૂમિહીન મજૂરો, મહિલા કામદારો, દલિત અને આદિવાસી સમુદાયો સાથે દગો છે. દુષ્કાળ, પૂર, આદિવાસી વિસ્તાર, શ્રમિકો માટે આર્થિક મુશ્કેલીઓમાં મનરેગાને જીવનરેખા સમાન હતી. કોંગ્રેસે આ કાયદાના સુધારા વિરુદ્ધ દેશવ્યાપી 'મનરેગા બચાઓ' કાર્યક્રમની ઘોષણા કરી છે.

આ નવો કાયદો મનરેગાને ખતમ કરવાનું કાવતરું છે અને તેને તાત્કાલિક પાછો ખેંચીને મનરેગાને અધિકાર આધારિત કાનૂન તરીકે પુનઃસ્થાપિત કરવો જોઈએ. નવા કાયદામાં 'વીબી'નો અર્થ 'વિકસિત ભારત' નહીં પરંતુ 'વિનાશ ભારત' છે અને 'જી'નો અર્થ 'કેન્દ્રીકરણની ગેરંટી' છે. જેમાં રાજ્ય સરકારોની સંમતિ વિના ૬૦:૪૦ ફંડિંગ રેશિયો નક્કી કરવો એ બંધારણના અનુચ્છેદ ૨૫૮નું ઉલ્લંઘન છે અને આ કાયદાની વૈધતાને ન્યાયાલયમાં પડકારવામાં આવશે. મનરેગા ૨૦૦૫માં સર્વસંમતિથી પસાર થયો હતો, જેનો ઠરાવ સ્થાયી સમિતિને મોકલવામાં આવ્યો હતો. અને તે સમયે સમિતિના અધ્યક્ષ ભાજપના કલ્યાણસિંહ હતા. તેમની ભલામણો સ્વીકારીને જ કાયદો અમલમાં મૂકાયો હતો. પરંતુ બીજેપીએ તેને જ નાબૂદ કરી દીધો છે. તેમ નિદત બારોટે જણાવ્યું હતું.



નવા કાયદા પ્રમાણે 'રોજગાર' હવે અધિકાર નથી, સરકારની મરજી પર નિર્ભર થઈ ગયો છે. ગ્રામ સભા અને પંચાયતોની સત્તા છીનવી લઈને બધું નિર્ણય દિલ્હીમાં કેન્દ્રિત કરી દીધું છે પંચાયતો માત્ર ક્લાર્ક બની જશે. બજેટની મર્યાદા અને નોર્મેટિવ એલોકેશનને કારણે ફંડ ખતમ થતાં કામ બંધ થઈ જશે. મોઘવારી સાથે જોડાયેલી નિશ્ચિત મજૂરી ખતમ કરી દીધી છે.

'મનરેગા બચાવો આંદોલન' દિલ્હી-કેન્દ્રિત નહીં, પરંતુ પંચાયત, બ્લોક, જિલ્લા અને રાજ્ય સ્તરે લડવામાં આવશે. સમગ્ર દેશ અને ગુજરાતમાં કોંગ્રેસ પક્ષ ગ્રામીણ જનતાની સાથે ખભે ખભો મિલાવીને લડીશું. કોંગ્રેસ પક્ષની માંગ છે કે, કામના અધિકાર અને પંચાયતી રાજનું રક્ષણ કરવામાં આવે. મનરેગા એ દાન નથી પરંતુ બંધારણીય અધિકાર છે. અને કોંગ્રેસ ગરીબો-શ્રમિકો માટે મક્કમતાથી કેન્દ્ર સરકારની નિતિ સામે લડશે તેમ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના પ્રવકતા નિદત બારોટે અંતમાં જણાવાયું હતું.

# ધોરાજી: યુવા અગ્રણી વરૂણ વઘાસીયાના નિવાસ સ્થાને મૂલાકાત લેતા અનારબેન પટેલ-જેનીબેન ઠુંમર



**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી:** ધોરાજી યુવા અગ્રણી ખોડલધામ યુવા સમિતિના વરૂણ વઘાસીયાના નિવાસ સ્થાને અને ફાર્મ હાઉસ ખાતે ખોડલધામના ટ્રસ્ટી અને પૂર્વ મુખ્યમંત્રી આનંદીબેન પટેલની દીકરી અનારબેન પટેલ,ખોડલધામ મહિલા પાંખના જેનીબેન ઠુંમર એ વરૂણ વઘાસીયાના આમંત્રણ ને માન આપી ને તેમના નિવાસ સ્થાને અને ફાર્મ હાઉસ ખાતે મુલાકાત કરેલ હતી.આ તકે વરૂણ વઘાસીયા અને પરિવાર અને મિત્ર મંડળ અને ખોડલધામ યુવા સમિતિ દ્વારા આવકારેલ હતા અને ચર્ચા વિચારણા કરેલ હતી.

# ટીઆરબી જવાનોને ઉતરાયણની ભેટ માનદ વેતનમાં દૈનિક રૂ.૧૫૦નો વધારો

## ટ્રાફિક બ્રિગેડ જવાનને આજથી જ રૂ.૩૦૦ના બદલે રૂ.૪૫૦ ચૂકવાશે

**અબતક, રાજકોટ**

રાજ્ય સરકાર દ્વારા ૧૦ હજારથી વધુ ટીઆરબી જવાનોને ઉતરાયણનાં પર્વની ભેટ આપવામાં આવી છે. ટીઆરબી જવાનોના દૈનિક દોઢ ગણુ કરી દેવામાં આવ્યું છે. આજથી ટીઆરબી જવાનોને દૈનિક રૂ.૩૦૦ના બદલે રૂ. ૪૫૦ ચૂકવાશે.

રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશાનિર્દેશ હેઠળ અને નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના માર્ગદર્શનમાં ગૃહ વિભાગ દ્વારા રાજ્યના ટ્રાફિક બ્રિગેડના જવાનો માટે એક અત્યંત મહત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રાફિક બ્રિગેડ જવાનોનુ દૈનિક માનદ વેતન રૂ.૩૦૦થી વધારીને હવે રૂ.૪૫૦ આપવા આવશે.

નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું છે કે, રાજ્યના માર્ગો પર ટ્રાફિક વ્યવસ્થાપન માટે ખરા સૈનિક તરીકેની ભૂમિકામાં ટ્રાફિક બ્રિગેડના જવાનો છે. કાળઝાળ ગરમી હોય કે મુશળધાર વરસાદ, જનતાની સુરક્ષા અને સુવિધા માટે રસ્તા પર અવિરત ફરજ બજાવતા આ જવાનોના પરિશ્રમની રાજ્ય સરકાર સદાય કદર કરે છે.ઉલ્લેખનીય છે કે, રાજ્યના મોટા શહેરો જેવા કે સુરત, રાજકોટ અને વડોદરામાં ટ્રાફિક એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા શરૂ થયેલી ટ્રાફિક બ્રિગેડ વ્યવસ્થા આજે સમગ્ર રાજ્યમાં કાર્યરત છે. ટ્રાફિક નિયમનમાં પોલીસને પૂરક બનતા આ જવાનોના કાર્યક્ષેત્રને ધ્યાને રાખીને રાજ્ય સરકારે તેમના માનદ વેતનમાં વધારો કરવા નિર્ણય લીધો છે.



ગૃહ વિભાગના વર્ષ ૨૦૧૮ ના ઠરાવ મુજબ અત્યાર સુધી ટ્રાફિક બ્રિગેડના જવાનોને પ્રતિદિન રૂ. ૩૦૦ ચૂકવવામાં આવતા હતા.રાજ્ય સરકાર દ્વારા આ વેતન વધારીને હવે પ્રતિદિન રૂ. ૪૫૦ કરવામાં આવ્યું છે. આ નિર્ણયનો સીધો લાભ રાજ્યના અંદાજે ૧૦,૦૦૦ થી વધુ ટી.આર.બી. જવાનો અને તેમના પરિવારને મળશે. રાજ્ય સરકારના આ સંવેદનાત્મક અભિગમ સાથે લેવાયેલા નિર્ણયનો અમલ આજથી જ કરવામાં આવશે, જે ટ્રાફિક બ્રિગેડના જવાનો માટે આર્થિક રીતે પ્રોત્સાહક બની રહેશે.

# સોશિયલ મીડિયાના યુગમાં ગંધ્રપવાડા વિસ્તારના રહીશોની અનોખી પહેલ

## જૂનાગઢના ગંધપવાડા વિસ્તાર હવે સવાર-સાંજ ભક્તિ સંગીતથી ગુંજશે

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

હાલના સોશિયલ મીડિયાના યુગમાં જયારે લોકો મોબાઈલમાં વ્યસ્ત છે ત્યારે જૂનાગઢના ગંધ્રપવાડા વિસ્તારના રહીશોએ એક નવીન અને સરાહનીય પહેલ કરી છે. આ વિસ્તારમાં મોટા દામોદરજીની હવેલી, રૂગનાથજી મંદિર, હાટકેશ્વર મહાદેવ, હિંગળાજ માતાજી, અષ્ટભુજા અને જગન્નાયજી મંદિર જેવા ધાર્મિક સ્થળોથી ઘેરાયેલો છે, ત્યારે અનેક પાચીન મંદિરો અને ધાર્મિક વારસાને અનુરૂપ વાતાવરણ બની રહે તે હેતુથી ગંધ્રપવાડા સોશિયલ ગ્રુપ દ્વારા લોકભાગીદારીથી સમગ્ર વિસ્તારમાં સ્પીકર લગાવવામાં આવ્યા છે. આ વિસ્તાર હવેથી અહીં દરરોજ સવારે ૮ થી ૯ અને સાંજે ૭ થી ૮ દરમિયાન ભક્તિ સંગીત અને સદાબહાર જૂના ફિલ્મી ગીતો રેલાશે.

આયોજકો દ્વારા નાની હવેલી પાસે, પારેખ શેરી, ડંકી, કાળા પાણાની સીડી, ગોહિલ મંડપ સર્વિસના ઘર પાસે, હાટકેશ્વર મહાદેવ મંદિર અને હિંગળાજ માતાજી મંદિર પાસે એમ કુલ ૭ પોઈન્ટ પર આ સિસ્ટમ કાર્યરત કરાઈ છે. તથા સપ્તાહનું સમયપત્રક પણ નક્કી કરાયું છે. જે મુજબ સોમવારે શિવ સ્રોત. મંગળવારે ગણપતિ દાદાની આરતી. ગુરુવારે જલારામ બાપા અને સાંઈબાબાના ગીતો, શુક્રવારે માતાજીની સ્તુતિ અને શનિવારે હનુમાન ચાલીસા વગાડવામાં આવશે. બાકીના દિવસોમાં જૂના ફિલ્મી ગીતો દ્વારા મોરજન પૂરું પાડવામાં આવશે.

આ સમગ્ર પ્રોજેક્ટનું લોકાર્પણ આગામી ૧૪ જાન્યુઆરી (મકરસંક્રાંતિ) ના રોજ સાંજે હિંગળાજ માતાજી મંદિરે કરવામાં આવશે. આ કાર્યને સફળ બનાવવા નવનીતભાઈ શાહ, કેતનભાઈ પરમાર, વિરેનભાઈ શાહ, શૈલેષભાઈ પારેખ અને ઉમેદસિંહ સોલંકી સહિતના અગ્રણીઓ જહેમત ઉઠાવી રહ્યા છે.

# ભૂજ: રંગબેરંગી પતંગોની ભાતે ધોળાવીરાનું આકાશ રંગાયુ

## ૧૭ દેશ સહિત વિવિધ રાજ્યોના ૬૦થી વધુ પતંગબાજો ઉમટ્યા



**અબતક, નવીનગીરી ગૌસ્વામી, ભૂજ**

આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ ૨૦૨૬નો કચ્છ જિલ્લાના વિશ્વ વારસાના સ્થળ ધોળાવીરા ખાતે ઉત્સાહભેર પ્રારંભ થયો હતો. આ કાર્યક્રમ કચ્છ જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. આ પ્રસંગે ૧૭ આંતરરાષ્ટ્રીય કાઈટિસ્ટની ટીમ, ભારતભરમાંથી આવેલા ૨૩ કાઈટિસ્ટો સહિત કચ્છની ટીમને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે મોમેન્ટો આપીને આવકાર અપાયો હતો. કાર્યક્રમનું ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ અને જિલ્લા વહીવટીતંત્ર કચ્છ દ્વારા કરવામાં આવ્યું હતું.

આંતરરાષ્ટ્રીય કાઈટ ફેસ્ટિવલનો પ્રારંભ કરાવતા જિલ્લા પંચાયત પ્રમુખ જનકસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના વિકાસના વિઝનથી રાજ્ય સરકાર અનેક ઉત્સવો યોજીને ભારતીય સંસ્કૃતિને ટકાવી રાખવાનું કાર્ય કરી રહી છે.



આ પ્રસંગે કચ્છ જિલ્લાના નિવાસી અધિક કલેકટરએ વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરા ખાતે પધારેલા વિવિધ દેશોના કાઈટિસ્ટોને આવકાર આપતા જણાવ્યું હતું કે, ઉત્તરાયણએ દેશ અને ગુજરાત રાજ્ય માટે મહત્વનો પવિત્ર અને ઉત્સાહનો તહેવાર છે.

આ પ્રસંગે ધોળાવીરા સરપંચ જીલુભા સોઢા, જિલ્લા પંચાયત સિંચાઈ સમિતિ અધ્યક્ષ રૂપેશભાઈ આહિર, જિલ્લા પંચાયત સદસ્ય રાજુભા જાડેજા, ભચાઉ પ્રાંત અધિકારી જ્યોતિબેન ગોહેલ, મામલતદાર મોડસિંગ રાજપૂત, તાલુકા વિકાસ અધિકારી વજેસિંગ પરમાર, બીએસએફના અધિકારી સહિત અગ્રણીઓ કેશુભા વાઘેલા, બળવંતભાઈ ઠક્કર, એન.આર. ગઢવી, નારણભાઈ સહિત સંબંધિત વિભાગના અધિકારીઓ, કર્મચારીઓ તેમજ શાળાના વિદ્યાર્થીઓ, પ્રવાસીઓ તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન મનન ઠક્કરે કર્યું હતું.


—: અખબારી યાદી :—

આથી અખબારી યાદી આપી સંબંધિતોને જણાવવામાં આવે છે કે,મામલતદાર રાજકોટ શહેર (પૂર્વ)માં સમાવિષ્ટ સ.નં.૨૫૬ પૈકી ટી.પી.સ્કીમ નં.૬(રાજકોટ) ના એફ.પી.નંબર ૧૩૩ ચો.મી.૭૫૫૬, એફ.પી.નંબર ૧૩૬ ચો.મી.૯૨૪૫, એફ.પી.નંબર ૧૩૭ ચો.મી.૩૯૭૮, એફ.પી.નંબર ૧૫૯ ચો.મી.૮૫૦૨૧ મળી કુલ ચો.મી.૧૦૫૮૦૦ બાબતે સરકારી જમીન પર ગેરકાયદેસર દબાણ કરેલ હોવાનું જણાતા અત્રેથી નોટીસની બજવણી કરી પ્રથમ અને બીજી મુદતની નોટીસ પાઠવી દબાણ કેસની સુનાવણી હાથ ધરવામાં આવેલ.

જે બાબતે લાગતા વળગતા સંબંધિતોને જણાવવામાં આવે છે કે, ઉપરોક્ત નોટીસની બજવણી ન થયેલ હોય તેવા તેમજ તે સિવાય અન્ય હિત ધરાવનાર વ્યકિતઓ જો રજૂઆત કરવા માંગતા હોય તો ન્યાયના હિતમાં અંતીમ વાર જમીનને સંબંધિતો જે કોઈ માલિકીના આધાર પુરાવા કે વિશેષ રજૂઆત કે દલીલો રજૂ કરવા માંગતા હોય તો, તા.૧૯/૦૧/૨૦૨૬ સોમવારના સવારે ૧૧:૦૦ રોજ જાતે,કુલ મુખત્યાર મારફતે કે એડવોકેટ મારફતે મામલતદાર કચેરી,રાજકોટ શહેર(પૂર્વ),જુની કલેકટર કચેરી કંપાઉન્ડ ખાતે હાજર રહેવા જણાવવામાં આવે છે,ગેરહાજર સબબ વિશેષ કોઈ રજૂઆત કે દલીલો રજૂ કરવા માંગતા ન હોય તેમ માની ધોરણસરની આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની સર્વેએ નોંધ લેવી.

Ajmera
મામલતદાર
રાજકોટ શહેર(પૂર્વ)

માહિતી/ રાજ/૧૬૦૩/૨૫-૨૬



HINDUJA HOUSING FINANCE

કોર્પોરેટ ઓફિસ : નં. ૧૬૭-૧૬૯, બીજો માળ, અન્ના સલાઈ સૈદાપેટ, ચેન્નાઈ-૬૦૦૦૧૫
બ્રાન્ચ ઓફિસ : ત્રીજો માળ, ઈફકો ભવન, મારૂતિ કોમ્પલેક્ષ પાછળ,
પીન્ટુ ગાર્મેન્ટ પાછળ, શિવરંજની ચાર રસ્તા પાસે સેટેલાઈટ, અમદાવાદ-૩૮૦૦૧૫.
સૌરભકુમાર નાપીત મો. ૮૭૯૦૦૨૯૩૮૪, વિકાસ સાવરીયા મો. ૭૯૮૪૯૮૨૯૦૪, હીતેષકુમાર પટેલ મો.૭૦૪૮૩૩૬૬૦૧
સુશીલ ચૌધરી મો. ૮૧૧૮૮૧૮૧૬૦, નિતીન સમુદ્રે મો. ૮૧૨૮૩૧૦૬૭૮, ત્રિશુલ પટેલ મો. ૯૬૬૪૬૯૨૯૨૩,
શિવમ મિશ્રા મો. ૯૦૩૩૦૧૫૨૭૭ ઇ-મેલ: auction@hindujahousingfinance.com

**સ્થાવર મિલકતોના વેચાણ માટે ઈ-હરાજી જાહેર સૂચના ઈ-હરાજીથી વેચાણ નોટીસ**

સિક્યુરીટાઈઝેશન એન્ડ રિકન્સ્ટ્રક્શન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિક્યુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ, ૨૦૦૨ની સાથે વંચાણે લેતા સિક્યુરિટી ઈન્ટેરેસ્ટ એક્ટ ૨૦૦૨ના રૂલ ૮(૬)ની જોગવાઈ હેઠળની ઈ-ઓક્શન સેલ નોટીસ આવી જાહેર જનતાને અને ખાસ નીચે જણાવેલા દેવાદાર(રો) અને જામીનદાર(રો)ને નોટીસ આપવામાં આવે છે કે નીચે સહી કરનાર હિન્દુજા હાઉસીંગ ફાયનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારીએ નીચે જણાવેલ દેવાદાર(રો) પાસેથી લેણી રકમની વસુલાત માટે સાંકેતિક કબજો લીધેલી નીચે જણાવેલી સ્થાવર મિલકતનોનું વેચાણ કરવા માટે ઈચ્છુક બિડર્સ પાસેથી સીલબંધ કવરમાં નીચે જણાવેલી **પ્રત્યક્ષ કબ્જાવાળી** મિલકતો માટે - જ્યાં છે ત્યાં છે ધોરણે, જેમ છે જે છે ના ધોરણે અને જે છે ત્યાં છે ના ધોરણે ઓફરો મંગાવે છે. જેની વિગતો મુજબ છે :

| નં. | ઉધારકર્તાઓ/સહ-ઉધારકર્તાઓ/ જામીનદારોના નામ | લોન ખાતા નં. | ડીમાન્ડ નોટીસ તારીખ અને રકમ | પજેશનની તારીખ અને પ્રકાર | મિલકતના નિરીક્ષણની તારીખ, સમય અને ઈએમડી તારીખ | રીઝર્વ કિંમત | અર્નેસ્ટ મની ડિપોઝીટ (ઈએમડી-રકમ ૧૦% પ્રમાણે) |
|---|---|---|---|---|---|---|---|
| 1 | ઉધારકર્તા : શ્રીમતી મંજુબેન ઉઘરેજીયા સહ-ઉધારકર્તા : શ્રી જીવરાજભાઈ ઉઘરેજીયા | GJ/RJK/LMDK/A000000159 | તા. ૨૭/૦૨/૨૦૨૫ રૂા. ૧૨,૦૫,૯૧૨/- | ૦૫/૧૧/૨૦૨૫ પ્રત્યક્ષ કબજો | ૨૦.૦૧.૨૦૨૬ સમય ૧૧.૦૦ થી ૨.૦૦ | રૂા. ૧૨,૯૮,૭૦૦/- | રૂા. ૧,૨૯,૮૭૦/- |
| | **સ્થાવર મિલકતનું વર્ણન/સિક્યોર્ડ એસેટ્સ :** ગુજરાત રાજ્યના તાલુકા જસદણ અને **જિલ્લો રાજકોટના** રેવન્યુ સર્વે નં. ૧૨૫૭પીપ/પી૧/પી૧/પી૧ ના પ્લોટ નં. ૩૫ ના એનએ જમીન ૮૨-૫૧ ચો.મી. ધરાવતી સ્થાવર મિલકતના બધા ટુકડાઓ અને ટુકડાઓ ઉપરોક્ત મિલકત જેની ચતુ:સીમા આ મુજબ છે; ઉત્તર: સર્વે નં. ૧૨૫૭ ની જમીન, દક્ષિણ: પ્લોટ નં. ૩૪, પૂર્વ: રોડ, પશ્ચિમ: સર્વે નં. ૧૨૫૭ ની જમીન | | | | | | |
| 2 | ઉધારકર્તા : શ્રી શૈલેષભાઈ મકવાણા સહ-ઉધારકર્તા : શ્રીમતી જશુબેન મકવાણા શ્રી યોગેશ મકવાણા | GJ/RJK/LMDK/A000000145 | તા. ૨૭/૦૨/૨૦૨૫ રૂા. ૯,૭૪,૫૫૪/- | ૦૫/૧૧/૨૦૨૫ પ્રત્યક્ષ કબજો | ૨૦.૦૧.૨૦૨૬ સમય ૧૧.૦૦ થી ૨.૦૦ | રૂા. ૯,૨૫,૮૩૦/- | રૂા. ૯૨,૫૮૩/- |
| | **સ્થાવર મિલકતનું વર્ણન/સિક્યોર્ડ એસેટ્સ :** ગુજરાત રાજ્યના **રાજકોટ તાલુકા** અને જિલ્લાના આનંદપર (નવાગામ) ગામ ખાતે આવેલ રહેણાંક ફ્લેટ નં. ૧૦૨ સ્થાવર મિલકતના બધા ટુકડાઓ અને પાર્સલ. જેમાં બિલ્ટ-અપ વિસ્તાર ૩૦-૩૩ ચોરસ મીટર પહેલા માળે "શ્રી સોમનાથ રેસીડેન્સી" ના "વિંગ-ડી" તરીકે ઓળખાતી બિલ્ડીંગમાં પ્લોટ નં. ૪૩ થી ૫૭/૨ ના સબ-પ્લોટ નં. ૪૩ થી ૫૭/૨ ના ચોરસ મીટર ૧૭૨૯-૪૫ આરએસ નં. ૨૮પી પર આવેલ જેની ચતુ:સીમા આ મુજબ છે; ઉત્તર ખુલ્લો પછી ફ્લેટ નં. ૧૦૧ વિંગ-બી, દક્ષિણ ફ્લેટ નં. ૧૦૧, પૂર્વ: પેસેજ અને લિફ્ટ, પશ્ચિમ: ખુલ્લો પછી ફ્લેટ નં. ૧૦૩ વિંગ-સી. | | | | | | |

શરતો અને નિયમો : ૧. બંધ કવરમાં બીડ/ઓફર મોકલવાની છેલ્લી તારીખ નિશ્ચિત ટેન્ડર ફોર્મસ સાથે ઈએમ્ડી અને કેવાયસી સાથે **તા. ૨૭-૦૧-૨૦૨૬ ના રોજ ૫.૦૦ વાગ્યા પહેલા** ઉપર જણાવેલા સરનામે મોકલવાના રહેશે અથવા આ વેબ સાઈટ ઉપર અપલોડ કરી શકાય: https://sarfaesi.auctiontiger.net અધુરા ટેન્ડર કે વિતી મુદતે મળેલા ટેન્ડર અમાન્ય ગણાશે અને તેથી તે રદ કરવામાં આવશે ઈએમડી પર કોઈ વ્યાજ આપવામાં નહીં આવે. ૨. મિલકત માટે બીડ/ઓફર ખોલવાની તારીખ (હરાજીની તારીખ): **૨૮-૦૧-૨૦૨૬ ના** https://sarfaesi.auctiontiger.net ઉપર **બપોરે ૩.૦૦ થી ૫.૦૦ કલાકે** ટેન્ડર ખોલવામાં આવશે. ૩. ઉપર જણાવેલી મિલક્ત પર રહેલી કોઈ પણ પ્રકારની જવાબદારીઓ માટે હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ જવાબદાર રહેશે નહીં મિલકતનું વેચાણ જયાં છે ત્યાં છે ધોરણે, જેમ છે જે છે ના ધોરણે અને જે છે ત્યાં છે ના ધોરણે કરવામાં આવશે.૪ . ડીમાન્ડ ડ્રાફ્ટ હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમીટેડની તરફેણમાં આપવાનો રહેશે. ૫. ઓકશન/બીડીંગ માત્ર' ઓન લાઈન ઈલેક્ટ્રોનિક બીડીંગ દ્વારા જ https://sarfaesi.auctiontiger.net ઉપર થશે.બીડરોને વેબસાઈટની મુલાકાત લઈ વિગતવારનિયમો અને શરતો જાણી લીધા બાદ જ ઓકશન પ્રક્રિયામાં ભાગ લેવાની સલાહ છે.૬. રસ ધરાવનાર બીડરોએ તેમના નામ સર્વિસ પ્રોવાઈડર મે.સી વન પ્રા.લિ.ના પોર્ટલ ઉપર મળનારી લીંક www.auctiontiger.in ઉપર નોંધાવી તેમના યુઝર આઈડી, પાસવર્ડ વિના મુલ્યે મેળવી લેવા, સંભવિત બીડરો ઈ-ઓકશન માટેની ઓન લાઈન તાલીમ પણ સર્વિસ પ્રોવાઈડર મે. ઈ-પ્રોક્યોરમેન્ટ ટેક્નોલોજીસ પ્રા. લિ. (ઓકશન ટાઈગર) ની વેબસાઈટ https://sarfaesi.auctiontiger.net ઉપરથી મેળવી શકશે. ૭. વધુ જાણકારી માટે હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારી શ્રી સૌરભકુમાર નાપિત સંપર્ક નં. ૮૭૯૦૦૨૯૩૮૪ શ્રી હિતેશકુમાર પટેલ સંપર્ક નં.: ૭૦૪૮૩૩૬૬૦૧ શ્રી નીતિન સમુન્દ્રે સંપર્ક નં.: ૮૧૨૮૩૧૦૬૭૮, ત્રિશુલ પટેલ મો. ૯૬૬૪૬૯૨૯૨૩ અથવા સર્વિસ પ્રોવાઈડર મે. ઈ-પ્રોક્યોરમેન્ટ ટેક્નોલોજીસ પ્રા. લિ. (ઓકશન ટાઈગર) હેડ ઓફિસ : બી-૭૦૫, વોલ સ્ટ્રીટ-II, ઓરીએન્ટ કલબ સામે, ગુજરાત કોલેજ પાસે, એલિસ બ્રિજ, અમદાવાદ-૩૮૦ ૦૦૬ ગુજરાત (ઈન્ડિયા) (સપર્ક નં. ૯૨૬૫૫૬૨૮૧૯ / ૯૨૬૫૫૬૨૮૨૧) નો સંપર્ક કરી શકે છે. સપોર્ટ support@auctiontiger.net,, શ્રી રામ શર્મા મોબ. ૮૦૦૦૦૨૩૨૯૭. ઇમેઇલ કરો: ramprasad@auctiontiger.net હજુ સુધી હિન્દુજા હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ ના અધિકૃત અધિકારીને સુરક્ષિત મિલકતોના વેચાણ અટકાવવાનો કે ફેરફાર કરવા અંગેનો કોઈ કોર્ટનો આદેશ મળ્યો નથી.૮. વધુ માહિતી તથા નિયમો અને શરતો અને વેચાણ માટેના નિયમો અને શરતો માટે ની માહિતી વેબસાઈટ https://sarfaesi.auctiontiger.net ઉપરથી મેળવી શકશે.૯. ઓક્સન માં બોલી વધારાની રકમ રૂ.૧૦૦૦૦/- રહેશે.

સ્થળ : રાજકોટ
તારીખ : ૧૩.૦૧.૨૦૨૬

નોંધ : વિવાદની સ્થિતીમાં આ નોટીસનો અંગ્રેજી અનુવાદ માન્ય ગણાશે.

અધિકૃત અધિકારી,
હિન્દુજા હાઉસિંગ ફાઈનાન્સ લિમિટેડ

### તંત્રી લેખ

# ભારતનું વિશ્વગુરૂની ભૂમિકા તરફ મક્કમ ડગલે પ્રયાણ!!

વિશ્વની સૌથી મોટી લોકશાહી ભારત હવે આર્થિક મહાસત્તા બનવા તરફ મક્કમ પગલે આગળ વધી રહ્યું છે, ત્યારે ભારત હવે વિશ્વ ગુરુની ભૂમિકા માટે દિવસે દિવસે સક્ષમ થતું જાય છે અને વિશ્વની કહેવાતી મહાસત્તાઓની સાથે સાથે વિકાસશીલ દેશો પણ ભારતની વિકાસ યાત્રામાં સામેલ થવા તત્પર બન્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શરૂ કરેલી વિકાસ ની કેડી હવે ધોરીમાર્ગ બનીને વિશ્વમાં નિરંતર પોતાનો વિસ્તાર વધારતો જાય છે, અને વિકાસના આ રૂપ ઉપર મહાસત્તાઓની સાથે સાથે વિકાસશીલ ઉધમી દેશો પણ ભારતના સમર્થક તરીકે સામેલ થઈ રહ્યા છે જે ભારતની વિશ્વ ગુરુ ની ભૂમિકાને સમયથી વહેલા નિર્માણ કરશે તે હવે નિશ્ચિત બન્યું છે ગુજરાતમાંથી શરૂ થયેલી વાઈબ્રન્ટ ની પરિકલ્પના હવે દેશવ્યાપી બનીને નાનકડો વિચાર મહાસાગર ના રૂપમાં ફેરવાય રહ્યું છે.

દેશમાં નિરંતર પણે ઊભા થઈ રહેલા ઔદ્યોગિક એકમો અને ઈન્ડસ્ટ્રીઝ ક્લસ્ટરમાં સામેલ થવા માટે મલ્ટીનેશનલ કંપનીઓ આતુર બની છે, યુરોપના જર્મની ફ્રાન્સ,પોલેન્ડ ભારતના વિકાસમાં સહભાગી બનવા તૈયાર થયા છે આવતા વર્ષે જાન્યુઆરી મહિનામાં ભારત અને યુરોપિયન દેશોની એક બેઠક નું આયોજન કરવામાં આવ્યું છે ઝડપથી બદલાતી વૈશ્વિક સ્થિતિ વચ્ચે સમગ્ર વિશ્વ માટે ભારતનો સંગાથ વિકાસ માટે અનિવાર્ય બન્યો છે, ગત સદીમાં યુરોપિયન વિચારધારા એશિયાના અને ખાસ કરીને ભારત જેવા વિકસિત દેશો પ્રત્યે એક પ્રકારની પછાત માનસિકતા ધરાવતા હતા જે હવે બદલાય ચૂકી છે આજે અમેરિકા બ્રિટન ચીન ફ્રાન્સ જર્મની ઓસ્ટ્રેલિયા જેવા વિકસિત દેશો માટે ભારત નો સંગાથ અને સહયોગ

# વાઈબ્રન્ટ કોન્ફરન્સમાં સ્વચ્છ ઉર્જા યોજનાઓ રજૂ કરતુ 'એસ્સાર ગ્રૂપ'

## ભારે પરીવહન ક્ષેત્રોમાં કાર્બન ઉત્સર્જન નોંધપાત્ર પ્રમાણમાં ઘટશે: ભારતની ગ્રોથગાથામાં ગ્રીન પરીવહન મહત્વની ભૂમિકા અદા કરશે

**અબતક,રાજકોટ**

રાજકોટ ખાતે યોજાયેલ વાઈબ્રન્ટ ગુજરાત રિજિયોનલ કોન્ફરન્સ દરમિયાન એસ્સાર ગ્રૂપે દેશમાં માલ પરિવહનને વધુ સ્વચ્છ અને પર્યાવરણમૈત્રી બનાવવાના પોતાની વિવિધ પહેલો દર્શાવી છે. આ કાર્યક્રમ સાથે યોજાયેલ ટ્રેડ શોમાં ભાગ લેતા એસ્સાર ગ્રૂપે પોતાની ગ્રીન મોબિલિટી ઈકોસિસ્ટમ અને સમગ્ર ભારતમાં ભારે વાહનોમાંથી પ્રદૂષણ ઘટાડવા માટેની અસરકારક યોજનાઓ રજૂ કરી.




એસ્સારની ગ્રીન મોબિલિટી ઈકોસિસ્ટમમાં, એલએનજી અને બેટરીવાળા ઈલેક્ટ્રિક હેવી-ડ્યુટી ટ્રકનું નિર્માણ કરતી - બ્લૂ એનર્જી મોટર્સ, આ ગ્રીન ફ્લીટનું સંચાલન કરતી - ગ્રીનલાઈન મોબિલિટી સોલ્યુશન્સ અને આ ફ્લીટ માટેનું ઈંધણ - એલએનજી અને બેટરી રી-ચાર્જિંગનું મલ્ટી-ફ્યૂઅલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું નેટવર્ક પૂરું પાડતી - અલ્ટ્રા ગેસ એન્ડ એનર્જી લિ. (યુજીઈએલ), શામેલ છે.

ભારતમાં ભારે ટ્રક્સ પ્રદૂષણના સૌથી મોટા સ્રોતોમાંથી એક છે. આ સમસ્યાના ઉકેલ માટે, એસ્સાર ગ્રુપ ઓછા ઉત્સર્જનવાળા પરિવહન વિકલ્પો પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે અને એક મહત્તવપૂર્ણ વિકલ્પ તરીકે કંપની લાંબી અંતરના પરિવહનમાં એલએનજી (લિક્વિફાઈડ નેચરલ ગેસ) ટ્રક્સનો ઉપયોગ કરે છે અને નિકટ અંતરના માર્ગો માટે ઈલેક્ટ્રિક ટ્રક્સનો ઉપયોગ કરે છે. એલએનજી ટ્રક્સ ડીઝલ ટ્રક્સની તુલનામાં ઓછું પ્રદૂષણ કરે છે, જ્યારે ઈલેક્ટ્રિક ટ્રક્સના વપરાશ દરમ્યાન કોઈજ ઉત્સર્જન થતું નથી. આ પહેલના એક મહત્વપૂર્ણ ભાગરૂપે એસ્સાર ગ્રૂપે તાજેતરમાં મુંબઈ અને પુણે વચ્ચે ભારતનું પહેલું ઈલેક્ટ્રિક ફ્રેઈટ કોરિડોર પણ લોકાર્પિત કર્યું છે.એસ્સાર હાલમાં મુખ્ય માલ પરિવહન માર્ગો પર ૮૦૦થી વધુ એલએનજી ટ્રક્સનું સંચાલન કરી રહ્યું છે, જેના ઈંધણ રી-ફ્યુઅલીન્ગને હાલ કંપનીના ૬ એલએનજી સ્ટેશનો સપોર્ટ કરી રહ્યા છે. ગ્રુપના આ ટ્રકોએ કુલ મળીને લગભગ ૭૦ મિલિયનથી વધુ સ્વચ્છ કિલોમીટરની પરિવહન મુસાફરી કરી છે અને ૧૮,૦૦૦ ટનથી વધુ કાર્બન ડાયોકસાઈડ ઉત્સર્જન ઘટાડ્યું છે - જે લગભગ ૭.૫ લાખ વૃક્ષો લગાવવા સમાન છે.

આવનારા સમય દરમિયાન, એસ્સાર તેની સ્વચ્છ પરિવહન યોજનાઓને આગળ વધારવા કટિબદ્ધ છે. આગામી ત્રણ વર્ષમાં, લગભગ યુએસડી ૧ બિલિયન રોકાણ થકી, કંપની ૧૦,૦૦૦ એલએનજી અને ઈલેક્ટ્રિક ટ્રકની ફ્લીટનું નિર્માણ કરશે અને ભારતમાં ૧૦૦ એલએનજી ફ્યુઅલ સ્ટેશનો ખોલવાનું આયોજન પણ કરશે. કંપનીના આ પ્રયત્નથી લગભગ ૧ મિલિયન ટન સુધીના કાર્બન ડાયઑક્સાઇડ ઉત્સર્જનને ઘટાડવામાં મદદ મળી શકે છે.

રાજકોટ ખાતે યોજાયેલ આ વાઈબ્રન્ટ ગુજરાતમાં, એસ્સાર ગ્રૂપે ભારતની સસ્ટેનેબલ ગ્રોથ ગાથામાં ગ્રીન પરિવહનની ભૂમિકાનું મહત્વ સમજાવી, ગ્રીન પરિવહન ક્ષેત્રે પોતાની ભાગીદારી થકી તેની પહેલો, સફળતાઓ અને ભવિષ્યની યોજનાઓને હાઈલાઈટ કરી છે.

# વેરાવળ નાયબ પોલીસ અધિક્ષક વી.આર.ખેંગારનો કાલે જન્મદિવસ



ગીર સોમનાથ વેરાવળ વિભાગીય નાયબ પોલીસ અધિક્ષક વી. આર. ખેંગાર નો ૧૪ જાન્યુઆરી મકરસંક્રાંત ના પાવનકારી દિવસે જન્મદિવસ.

તારીખ ૧૪-૧-૧૯૭૭ ના રોજ અમદાવાદ મુકામે જન્મેલા અને એમ. કોમ. સુધી અભ્યાસ કરી ગુજરાત પોલીસ દળમાં જોડાયા.

ગાંધીનગર આઈ બી જામનગર, ભાવનગર, ખેડા, નડિયાદ, કચ્છ, ભુજ, જુનાગઢ સ્ટેટ આઈ. બી. ત્યારબાદ ગીર-સોમનાથ જિલ્લા વેરાવળ ખાતે હાલ નાયબપોલીસ અધિક્ષક તરીકે કાર્યરત છે.

બાહોશ પેપર વર્ક અને કુનેહથી તથા જિલ્લા પોલીસવડા ના માર્ગદર્શન હેઠળ અને સ્ટાફના સહકારથી અનેકવિધ ગુનાહો ઉકેલ્યા કડકાઈ છતાં લોકશાહી અભિગમ તથા સારો સ્વભાવ તેમની આગવી ઓળખ છે.

ઓછું બોલવું અને કામ કરવું તેમને સારી કામગીરી બદલ રાજ્યના ડી.જી. નો પ્રશંસા એવોર્ડ પણ તાજેતરમાં મળેલ છે. તેમના જન્મદિનને ઠેર-ઠેરથી અભિનંદન શુભેચ્છાઓ નો વરસાદ મો. નંબર ૯૯૭૮૪ ૦૭૯૬૮ પર થઈ રહ્યો છે.

### મકર સંક્રાંતીમા દાન સાથે સેવાનો સમન્વય

# ધોરાજી: તુલશી ટ્રસ્ટ દ્વારા ગૌશાળાને આર્થિક અનુદાન બાળકોને પતંગ બ્યુગલોની અપાય ભેટ

## ઉતરાયણમાં બાળકો મન મૂકી તહેવાર મનાવે તે માટે અનોખી પહેલ

**અબતક, રમણીક ટોપીયા, ધોરાજી**

મકરસંક્રાંતિ તહેવાર નિમિત્તે તુલસી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા બાળકોને પતંગ તથા બ્યુગલનું વિના મુલ્યે વિતરણ કરવામાં આવેલ તેમજ રૂ. ૫૧,૦૦૦/- નો ચેક શ્રીપાંજરાપોળ અને ગૌશાળાને તેમજ રૂ. ૫૧,૦૦૦/- નો ચેક શ્રીકૃષ્ણ ગૌશાળાના સંચાલક મનુભાઈ જાગાણીને તેમજ રૂ. ૫૧,૦૦૦/- નો ચેક શ્રી ગોકુળધામ ગૌશાળાના સંચાલક ભુપતભાઈ હિરપરા ને આર્થિક સહયોગ રૂપે ચેક અર્પણ કરવામાં આવેલ આ દ્વિવિધિ કાર્યક્રમમાં ધોરાજી પોલીસ સ્ટેશન વિભાગીય કચેરીના ઈંજ્જ સિમરન ભારદ્વાજ મેડમ, તેમજ કાર્તિકભાઈ પારેખ એડવોકેટ તેમજ જયંતીભાઈ




બાલધા સદસ્ય ધોરાજી નગરપાલિકા તેમજ નાનકશાની જગ્યાના મહંત ભીખુબાપુ, બાબુભાઈ જાગાભાઈ બાલધા, ડાયાભાઈ આંબાભાઈ જાગાણી, ગાંડુભાઈ કેશવભાઈ બાલધા, બચુભાઈ પાંચાભાઈ કાછડીયા, ગોવિંદભાઈ છગનભાઈ વાગડિયા, છગનભાઈ પાંચાભાઈ ત્રાડાના વરદ હસ્તે પતંગ, બ્યુગલ, તેમજ ચેક આપવામાં આવેલ આ શુભ પ્રસંગે તુલસી ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ રાજુભાઈ બાલધા, દ્વારા પધારેલ મહેમાનોનુ તેમજ ભાઈઓ બહેનો તથા બાળકોનું સ્વાગત અભિવાદન કરવામા આવેલ તેમજ બાળકોને ચાઈના દોરી ન વાપરવી તેમજ કપાયેલ પતંગો લુટવા દોડાદોડ ન કરવી તેમજ વહેલી સવારે અને ઢળતી સાંજે પતંગ ના ઉડાડવી જેથી કરીને આ સમયે પક્ષીઓ નીકળતા હોવાથી તેને ઈજા થાય નહી તેવી સીખ આપેલ આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સંસ્થાના જેન્તીભાઈ બાલધા, શૈલેષભાઈ બાલધા, ગૌરાંગ બાલધા, સંજય જાગાણી, મહેશ બાલધા, જયેશ બાલધા, બાબુભાઈ વેકરીયા, વિપુલ બાલધા, દિલીપ બાલધા, પ્રદીપ સોજીત્રા, તુપેશ બાલધા, સમીર બાલધા, રાકેશ જાગાણી, અજય બાલધા, જસ્મીન ઠુંમર, રાજ બાલધા, ભાસ્કર બાલધા, યશ બાલધા, ધ્રુવ બાલધા, લવ બાલધા, આર્યન, યુગ, ફાલ્ગુન, વિગેરે નાના મોટા કાર્યકર્તાઓએ જહેમત ઉઠાવી હતી.

# ઉપલેટા: નોબલહૂડ સ્કૂલ વિજયોત્સવમાં વિદ્યાર્થીઓએ બતાવ્યું કૌવત



**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

ઉપલેટા: નોબલહૂડ સ્કૂલ, ઉપલેટાએ વિજયોત્સવ - વાર્ષિક રમતોત્સવ અને ફૂડ કાર્નિવલ ૨૦૨૬નું ઉત્સાહભર્યા અને આનંદમય વાતાવરણમાં સફળ આયોજન કર્યું હતું.

આ કાર્યક્રમમાં ડો. ઉદય નસિત સાહેબ, ચીફ ઓફિસર, ઉપલેટા નગરપાલિકા તથા મહેશ કરંગિયા, ડેપ્યુટી મામલતદાર, ઉપલેટા મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમમાં શાળાના ચેરમેન ભરતભાઈ વઘાસિયા, ડિરેક્ટર જિજ્ઞેશ કોઠિયા, અંગ્રેજી માધ્યમના પ્રિન્સિપાલ હિતેન રાઠોડ તથા ગુજરાતી માધ્યમના પ્રિન્સિપાલ ભરત સોલંકીની ગૌરવપૂર્ણ ઉપસ્થિતિ રહી, જેમના માર્ગદર્શનથી કાર્યક્રમ યાદગાર બન્યો.

વિજયોત્સવ ૨૦૨૬ દરમિયાન વિવિધ રમતગમત સ્પર્ધાઓ, રંગબેરંગી સાંસ્કૃતિક કાર્યક્રમો તેમજ વિદ્યાર્થીઓ દ્વારા સંચાલિત ફૂડ કાર્નિવલનું આયોજન કરવામાં આવ્યું, જેમાંથી રમતોત્સાહ, ટીમવર્ક, શિસ્ત અને નેતૃત્વના મૂલ્યો ઉજાગર થયા.

આ ઉજવણી સમગ્ર નોબલહૂડ પરિવાર માટે ગૌરવ અને આનંદની ક્ષણ બની રહી, તેમજ વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ પ્રત્યે શાળાની પ્રતિબદ્ધતા ફરી એકવાર સાબિત કરી.

### ફિલ્મ-ટીવી સ્ટાર હેમાલી સેજપાલની ઉપસ્થિતિમાં

# વેરાવળના ભાલકા મંદિરે મકરસંક્રાંતીએ ઉજવાશે ભવ્ય પતંગ મહોત્સવ

## ભાવિકોને પતંગ રસીકોને વિનામૂલ્યે અપાશે પતંગ-દોરા-શેરડી-બોર ચીકી, તલ-મમરાના લાડુના ઉપહાર

**અબતક, અતુલ કોટેચા, વેરાવળ**

ભાલકા મંદિરે કૃષ્ણ ભગવાનના સાંનિધ્યમાં મકરસંકાતીના દિવસે ભવ્ય યોજાનારા પતંગ મહોત્સવ યાત્રીકો, સ્થાનીકોને પ્રસાદી રૂપે વિના મુલ્યે પતંગ,દોરા સહીત ની તમામ વસ્તુઓ આપવામાં આવશે ફીલ્મ અભીનેત્રી,ટીવી સ્ટાર હેમાલી સેજપાલ ની ઉપસ્થિતી

વેરાવળ ના ભાલકા મંદિરે સોમનાથ ટ્રસ્ટ ના સહકાર થી ગીર સોમનાથ મીડીયા સેન્ટર ડી.કે.ગ્રુપ દીપક કકકડ દ્વારા છેલ્લા કેટલાય વર્ષોથી વિશાળ મેદાન માં ભવ્ય પતંગ મહોત્સવ ઉજવાય રહેલ છે આ વર્ષે પણ તા.૧૪ બુધવારે મકર સંકાતી ના દિવસે સવારે ૧૦ થી ૧ ડી.જે સાથે મહોત્સવ ઉજવાશે જેમાં ભાલકા મંદિર દર્શનાર્થે આવનાર કૃષ્ણ ભકતો તેમજ ભાલકા,ભાલપરા, ભીડીયા, પ્રભાસ પાટણ,વેરાવળ સહીતી મુખ્ય શહેરો તથા ગ્રામ્ય વિસ્તારમાંથી આવનાર સ્થાનીકોને પ્રસાદી રૂપે વિના મુલ્યે,દોરો પતંગ,ચીકી,તલ મમરા ના લાડુ, આમળા, શેરડી, બોર,માલતા,ચોકલેટ તેમજ ગરમા ગરમ ખીચડો સહીત ની વસ્તુ આપવામાં આવશે આ ભવ્ય પતંગ મહોત્સવ માં ફીલ્મ અભીનેત્રી, ટીવી સ્ટાર તેમજ રઘુવંશી પરીવાર નું ગૌરવ હેમાલી સેજપાલ ઉપસ્થિત રહેશે તેમનું ભાલકા મંદિરે સન્માન કરવામાં આવશે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે મીલનભાઈ જોષી, રામભાઈ સોલંકી, વિપુલભાઈ રાજા, પ્રવીણભાઈ ચૌહાણ, દિલીપ જશાભાઈ બારડ, અભય હીરાભાઈ જોટવા, ધનસુખભાઈ પીઠળ, અશોકભાઈ પરમાર, વેજાનંદભાઈ વાળા, મીત રોહનભાઈ વૈદ્ય, વેરાવળ મર્કન્ટાઈલ બેંક સહકાર આપી રહેલ છે.

# વિસાવદર: ચાપરડા બ્રહ્માનંદ બીબીએ કોલેજના વિદ્યાર્થીઓએ રાજાણી કંપનીની લીધી શૈક્ષણીક મુલાકાત

## બીબીએના વિદ્યાર્થીઓને ભણતા ભણતા ઔદ્યોગીક સંચાલનના ભણાવાયા પાઠ

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

જૂનાગઢ જીલ્લાના વિસાવદર પાસે ક્રાંતિકારી સંત મુક્તાનંદબાપુ દ્વારા સ્થાપિત અને શિક્ષણવિદ્ ગિજુભાઈ ભરાડ દ્વારા માર્ગદર્શિત બ્રહ્માનંદ ગ્રુપ ઓફ કોલેજીસ - ચાપરડા વિસાવદર-બિલખા હાઈવે પર વિશાળ કોલેજ કેમ્પસમાં બી.એસ.સી.નર્સિંગ, એમ.એસ.સી. નર્સિંગ, પોસ્ટ બેઝીક નર્સિંગ, જી.એન.એમ., એ.એન.એમ., બી.સી.એ.,બી.બી.એ.,બી.એડ., અને બી.એસ.સી જનરલ (સાયન્સ) કોલેજ કાર્યરત છે.




બી.બી.એ. વિભાગના વિદ્યાર્થીઓએ રાજાણી કંપનીમાં શિક્ષણના ભાગ સ્વરૂપે પ્રોજેક્ટ અંતર્ગત રાજાણી કંપનીની ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ કરવામાં આવી હતી. આ દરમ્યાન વિદ્યાર્થીઓને ચા, મુખવાસ, મસાલાઓ, તેમજ અલગ-અલગ વસ્તુઓ વિશે કંપની દ્વારા સંપૂર્ણ માહિતી આપવામાં આવી હતી.કંપની ની મુલાકાત કોલેજના ડાયરેકટર ચિરાગ પંડયા, બીબીએ,એચઓ.ડી, વિશાલા ગણાત્રા અને ડો. કાજલ સોલંકીના નેતૃત્વ હેઠળ મુલાકાત કરવામાં આવી હતી. આવી મુલાકાતથી વિદ્યાર્થીઓમાં ઉદ્યોગ અંગે સમજ વિકસિત થઈ હતી. તેમ કોલેજના ઓ.એસ. નિકુંજ નિમાવતની યાદીમાં જણાવ્યું હતુ. આ શૈક્ષણીક મુલાકાતથી વિદ્યાર્થીઓને ભણતા ભણતા ઔદ્યોગીક સંચાલનના પાઠ ભણાવાયા હતા.

# વિસાવદર: આઈસીડીએસ કચેરી દ્વારા બે દિવસીય તેડાગર અને રસોઈની તાલીમ અપાઈ

**અબતક, ગીજુભાઈવિકમા, વિસાવદર**

આઈસી.ડી.એસ. કચેરી વિસાવદર દ્વારા વિસાવદર આંગણવાડી નં.૨ ખાતે તા. ૫.૧થી ૬.૧ એમ બે દિવસીય તેડાગર રસોઈની તાલીમનુંઆયોજન કરવામાં આવેલ.ઝુંબેશના ભાગ રૂપે તેડાગર બહેનોને કુકીંગ મેથડ, ન્યુટ્રીટીપ વેલ્યુ જળવાઈ રહે અને એ મુજબના પ્રમાણમાં ખાધ સામગ્રીનો વપરાશ કરી પૌષ્ટીક સ્વાદિષ્ટ વાનગી સમય મર્યાદામાં તૈયાર કરી સ્વચ્છ રીતે બાળકોને જમાડે તથા તેની કેરી, પ્રોટીન માત્રા જળવાઈ રહે તે મુજબ



રસોઈ કરે તે માટે તાલીમ આપવામાં આવે છે.

આ તાલીમમાં વિસાવદર તાલુકાના કુલ ૨૫ તેડાગર બહેનોને તાલીમ આપવામાં આવેલ જેમાં માસ્ટર ટ્રેઈનર તરીકે કાજલબેન જોશી સી.ડી.પી.ઓ મેંદરડા કાજલ બેન સાથે મોનીકાબેન મેર વિસાવદર દ્વારા આ તાલીમનું સફળ આયોજન કરવામાં આવેલ હતુ.

# પૂર્વ કચ્છ જિલ્લા પોલીસ દ્વારા સલામત અને ખુશહાલ ઉત્તરાયણની શુભકામના સાથે અપીલ

**અબતક, ભારતી માખીજાણી,ગાંધીધામ**

પૂર્વ કચ્છ પોલીસ દ્વારા જાહેર જનતાને અપીલ કરવામાં આવી છે કે,નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલ દ્વારા ચાઈનીઝ માંઝા, તુકકલ અને ગ્લાસ દોરી ઉપર પ્રતિબંધ મુકવામા આવેલ છે. જેથી કરીને ચાઈનીઝ માંઝા, તુકકલ અને ગ્લાસ દોરીનો વપરાસ ન કરવો,કાયદાનું ચુસ્તપણે પાલન કરવું ચાઈનીઝ માંઝા, તુકકલ અને ગ્લાસ દોરીનો ઉપયોગ કરવો તથા વેચાણ કરવો દંડનીય અપરાધ છે!

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા પ્રતિબંધાત્મક જાહેરનામા અમલમાં છે અને તે ભંગ કરનાર વિરુધ્ધ પર્યાવરણ અધિનિયમ હેઠળ કાર્યવાહી કરવામાં આવશે. આ ઉપરાંત પોલીસ દ્વારા ખાસ કરીને નાના બાળકો અને પક્ષીઓ નું દોરીથી ઈજા ન થાય તેનુ ખાસ ધ્યાન રાખવા અપીલ કરવામાં આવી છે. મકરસંક્રાંતિ સુધી નાના બાળકોને ટુ-વ્હીલર પર આગળ ન બેસાડવાનું જણાવવામાં આવ્યું છે.

# તાલાલા ખાતે જિલ્લા કક્ષાના પ્રજાસત્તાક પર્વની થશે ઉજવણી

## કલેક્ટર એન.વી. ઉપાધ્યાયની અધ્યક્ષતામાં સુચારૂં અને ભવ્ય આયોજન અંગે બેઠક મળી

**અબતક, લીલાધર હરવાણી, તાલાલા**

ગીર સોમનાથમાં ૨૬મી જાન્યુઆરીની જિલ્લા કક્ષાની ઉજવણી તાલાલા ખાતે થશે. જેના સુચારૂ અને વ્યવસ્થિત આયોજન અંગે જિલ્લા કલેકટર એન.વી.ઉપાધ્યાયના અધ્યક્ષસ્થાને કલેક્ટર કચેરી, ઈણાજ ખાતે બેઠક યોજાઈ હતી.




આ બેઠકમાં કલેકટરએ સંબંધિત વિભાગના શીર્ષ અધિકારીઓને જિલ્લા કક્ષાની ઉજવણી સંદર્ભે વિવિધ મુદ્દાઓ પર માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

તાલાલા ખાતે વિવિધ વિભાગના ટેબ્લો તેમજ સાંસ્કૃતિક કાર્યક્રમો સાથે ૨૬મી જાન્યુઆરીની ભવ્ય ઉજવણી કરવામાં આવશે. કલેક્ટરશ્રીએ વીજ પુરવઠો, વાહન પાર્કિંગ તેમજ ટ્રાફિક નિયમન, સાંસ્કૃતિક કાર્યક્રમ, ફાયર ફાઈટર વગેરે જેવી સુવિધાઓને અનુલક્ષી સંબંધિત વિભાગના અધિકારીઓ પાસેથી વિગતો મેળવી હતી.

કલેક્ટરએ સુચારૂ રીતે આ કાર્યક્રમ યોજાય તે અંગે કાર્યક્રમના આયોજન બાબતે સંબંધિત વિભાગોને મહત્વના મુદ્દે માર્ગદર્શિત કર્યા હતાં.આ બેઠકમાં જિલ્લા પોલીસવડા જયદિપસિંહ જાડેજા, નિવાસી અધિક કલેક્ટર રાજેશ આલ, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી નિયામક યોગેશ જોશી સહિત શિક્ષણ, પોલીસ, આરોગ્ય, રમતગમત, પી.જી.વી.સી.એલ સહિતના સંબંધિત વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# સુત્રાપાડા: મકરસંક્રાંતિ પર્વે એકતા અને ભાઈચારો જાળવવા પોલીસ સજજ

## શાંતી સલામતીની બેઠક યોજી ઠેર ઠેર ફુટ પેટ્રોલીંગ હાથ ધરાયું

**અબતક,રામસિંહ મોરી, સુત્રાપાડા**

જુનાગઢ રેન્જ આઈ.જી.પી. નિલેશ જાજડીયા તથા ગીર સોમનાથ જિલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા તથા વેરાવળ વિભાગના નાયબ પોલીસ અધિક્ષક વી.આર.ખેંગાર નાઓએ આગામી તહેવાર દરમ્યાન સુલેહ શાંતિ જળવાઈ રહે તે બાબતે પગલાં લેવા સુચના કરેલ હોય.

ગીર સોમનાથ જીલ્લા પોલીસ અધિક્ષક જયદીપસિંહ જાડેજા નાઓના સીધા માર્ગદર્શન હેઠળ સુત્રાપાડા પોલીસ સ્ટેશન ઈ/ચા પોલીસ ઈન્સ્પેક્ટર એચ.આર.લોહ દ્વારા આગામી મકરસંક્રાંતિ તહેવાસ



દરમ્યાન સુત્રાપાડા પોલીસ સ્ટેશન વિસ્તારમાં સુલેહ શાંતિ તેમજ કોમી એકતા જળવાઈ રહે તે હેતુથી આજરોજ સુત્રાપાડા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમીતીની મીટીંગનું આયોજન કરવામા આવેલ હતું. આ શાંતિ સમીતીની મીટીંગમા સુત્રાપાડા ટાઉન તેમજ ગ્રામ્ય વિસ્તારના જુદા-જુદા સમાજના આગેવાનો-પટેલો તેમજ સરપંચઓ હાજર રહેલ હતા,

ઉપરાંત આગામી મકરસંક્રાંતિ તહેવાર સબબ ઈન્ચાર્જ પો.ઈન્સ. આર.એચ.લોહ તથા પો.સબ ઈન્સ. એમ.આર.ડવ સાહેબ તેમજ સુત્રાપાડા પોલીસ સ્ટાફ દ્વારા સુત્રાપાડા ટાઉન મેઈન બજાર, બસ સ્ટેશન, આઝાદ ચોક, મસ્જીદ ચોક, લીમડા ચોક વિસ્તારમાં ફુટ પેટ્રોલીંગ કરી લોકોને ટ્રાફિકના નિયમોથી અવગત કરાવવામાં આવેલ હતા તેમજ જાહેર માર્ગ ઉપર અડચણરૂપ વાહનો પાર્ક નહી કરવા/કરવવા બાબતે દુકાનદારો તેમજ જાહેર જનતાને સુચના આપવામા આવેલ હતી

# જસદણ પંથકમાં ૭ વર્ષની બાળકી પર દુષ્કર્મની કોશિશમાં હેવાન તકસીરવાન, ગુરૂવારે સજાનો હુકમ

## માસુમનું મોઢું દબાવી ગુપ્તાંગમાં સળિયા ઘુસાવી દીધો, બનાવના ૩૩માં દિવસે કેસની સુનાવણી પૂરી

## મેડિકલ, ઈલેકટ્રોનીક પુરાવા મળી આવેલા, પીડિતા અને બાળ સાહેદ આરોપીને ઓળખી આપેલ, સરકારી વકીલ

**અબતક, રાજકોટ**

જસદણ તાલુકાના કાનપર ગામની સીમમાં દાહોદ પંથકના શ્રમિક પરિવારની ૭ વર્ષની માસુમ બાળકી પર દુષ્કર્મ ગુજારવાની કોશિશ કરી ગુપ્તાંગમાં સળીયો ઘુસાવી લોહીલુહાણ કરી દેવાની ચકચારી ઘટનામાં આટકોટ પોલીસે આરોપીને તકસીરવાન ફેરવ્યા છે. સજાનો હુકમ તારીખ ૧૫ ને ગુરૂવારના રોજ સંભળાવવામાં આવશે વધુ વિગત મુજબ જસદણ તાલુકાના કાનપર ગામે વાડીમાં દાહોદ પંથકનો શ્રમિક પરિવાર ખેતર ભાગીયે રાખી ખેત મજૂરી કરે છે. ગત તા.૦૪-૧૨-૨૦૨૫ ના

### નરાધમે પોલીસ પર હુમલો કરતા ફોજદારે ફાયરિંગ કર્યું તું

સાત વર્ષની બાળ ઉપર હેવાનિયત આચરવાના ગુનામાં બાળકીને ખોસી દીધેલો સળિયો કબજે કરવા એલસીબી, એસઓજી અને સ્થાનિક પોલીસ સ્ટાફ આરોપીને જૂના પીપળીયાની સીમમાં લઈ જવામાં આવ્યો હતો. પંચનામું પૂરૂ થયા બાદ આરોપી રેમશિંગ ઉર્ફે રામસિંગ તેરસીંગ ડુડવાએ નાસી જવા માટે ત્યાં પડેલા ધારીયા વડે પોલીસ મેન ધર્મેશ બાવળીયા પર હુમલો કર્યો હતો. જેમાં હેડ કોન્સ્ટેબલને ઈજા પહોંચી હતી. દરમિયાન એલસીબીના પીએસઆઈ એચ.સી. ગોહિલ અને એસઓજીના પી.એસ.આઈ કે.એમ. ચાવડાએ ફાયરિંગ કરતા બંને ગોળી આરોપીના પગમાં વાગી હતી.

માત્ર ૧૧ દિવસમાં જ ચાર્જસીટ રજૂ કરતા અદાલતે માત્ર બનાવના ૩૩ માં દિવસે જ કેસની સુનાવણી પૂર્ણ કરી છે. અદાલતે આજે રોજ શ્રમિક પરિવાર વાડીમાં કામ કરી રહ્યો હતો. ત્યારે પરિવારની છ વર્ષ આઠ માસની બાળકી વાડીમાં જ રમી રહી હતી. દરમિયાન અજાણ્યા શખ્સ ધસી આવી બાળકીનું મોઢું દબાવી હેવાને અમાનુષી અને ક્રૂરતાપૂર્વક દુષ્કર્મ ગુજાર્યો હતો. હેવાનને હવસનો શિકાર બનાવ્યા બાદ ગુપ્તાંગમાં સળિયા જેવું ધારદાર હથિયાર ઘુસાવી દેતા બાળકી લોહીલુહાણ થઈ ગઈ હતી. બાદમાં નરાધમ બાળકીને ત્યાં જ મૂકી નાસી ગયો હતો. પરિવારે બાળકીની શોધખોળ શરૂ કરતા તેણી ત્યાં નજીકમાંથી જ લોહીલુહાણ હાલતમાં મળી આવત બાળકીને સારવાર અર્થે તાત્કાલિક રાજકોટની જનાના હોસ્પિટલ ખાતે ખસેડી હતી.

આટકોટ પોલીસે બાળકીના પિતાની ફરિયાદ પરથી પોકસો અને દુષ્કર્મની કલમો હેઠળ ગુનો નોંધ્યો હતો.બાળકીએ અમાનુષી અત્યાચાર ગુજારનાર શખ્સને પોલીસે મૂળ મધ્યપ્રદેશનો અને હાલ જસદણના કાનપર ગામની સીમમાં રામસિંગ તેરસીંગ ડડવેજરની ધરપકડ કરી હતી. પોલીસની પૂછપરછમાં નરાધમે કબૂલાત આપી હતી કે, પોતે પીડિત બાળકીનો પરિવાર જે વાડીમાં મજૂરી કરે છે તેની બાજુની વાડીમાં



સરકારી વકીલ



સરકારી વકીલ

### આટકોટ પોલીસે ૧૧માં દિવસે ચાર્જસીટ રજૂ કરી

જસદણ ગ્રામ્ય પંથકમાં સાત વર્ષની માસુમ બાળકી પર ગુજારવામાં આવેલા કૃત્ય ને પગલે પીડીતા અને તેના પરિવારને ન્યાય મળી રહે તે માટે જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર ના માર્ગદર્શન હેઠળ ટીમ દ્વારા નરાધમને પકડી આટકોટ પીઆઈ આર એસ સાંકળીયા સહિત ટીમએ તાત્કાલિક ધોરણે તપાસ કરી પુરાવાઓ એકઠા કરી માત્ર બનાવનાર ૧૧ માં દિવસે અદાલતમાં ચાર્જસીટ રજૂ કરી હતી

જ પોતે પણ મજૂરી કરે છે. અહીંથી નીકળતા માસુમ બાળકી ખેતરમાં જ રમી હતી. જેથી નરાધમની દાનત બગડી હતી. બાળકીને ઉઠાવી નજીકમાં જ પાણીની ટાંકી પાસે લઈ ગયો હતો અને દુષ્કર્મ ગુજારવાની કોશિશ કરી હતી. તેમાં નિષ્ફળ જતાં ઉશ્કેરાયેલા શખ્સે બાજુમાં જ પડેલ લોખંડનો એક ફૂટનો સળીયો બાળકીના ગુપ્તાંગમાં ઘુસાવી લોહીલુહાણ કરી ત્યાં જ બાળકીને મૂકી નાશી ગયો હતો. બાદ તપાસનીશ દ્વારા અદાલતમાં ચાર્જસીટ રજૂ કરવામાં આવી હતી.બાળકીના પિતાએ અદાલતમાં વિસ્તૃત પત્ર લખી બાળકીની આ હાલત કરનાર આરોપી સામે તાત્કાલીક કેસ ચલાવી સખ્ત સજાની માંગ કરી હતી. બનાવની ગંભીરતા ધ્યાનમાં લઈને કોર્ટે કેસ રોજબરોજ ચલાવવાનો હુકમ કરી ૬-દિવસમાં પુરાવો નોંધવાનુ કાર્ય પૂર્ણ કર્યો હતો. બાદ કેસની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર પક્ષની દલીલમાં ગંભીર ઈજાના કારણે કાનપર થી જસદણ હોસ્પિટલ અને જસદણ હોસ્પિટલ થી રાજકોટ જનાના હોસ્પિટલ માટે લાવવામાં આવતી વખતે ફરીથી ભોગ બનનારને ફરીથી રકતસ્ત્રાવ ચાલુ થઈ શકે. આરોપીને શંકાના આધારે પકડેલ હતો. તપાસનીશ અમલદારની આરોપી ઉપરની શંકા સંપુર્ણ વ્યાજબી ઠેરવવા માટે મેડીકલ, મૌખિક અને ઈલેકટ્રોનીક ત્રણેય પ્રકારના પુરાવા મળી આવેલ છે. ભોગ બનનાર બાળકી અને બાળ સાહેદ આરોપી લોખંડનો સળીયો સાંકેતિક રીતે ઓળખી આપેલ છે.સરકાર પક્ષે આરોપીને કડક માં કડક સજા કરવાની માંગ કરી પીડિતા અને પીડિત પરિવારને ન્યાય આપવાની દલીલ કરી છે જ્યારે અદાલતે માત્ર બનાવના ૩૩ માં દિવસે જ કેસની સુનાવણી પૂર્ણ કરી છે. અદાલતે આજે આરોપીને તકસીરવાન ફેરવ્યા છે અને સજાનો હુકમ તારીખ ૧૫ ને ગુરૂવારના રોજ સંભળાવવામાં આવશે આ કેસમાં જિલ્લા સરકારી વકિલ સંજયભાઈ કે. વોરા અને મદદગારીમાં એ.પી.પી. પ્રશાંતભાઈ પટેલ રોકાયેલા હતા.

### હેવાન પકડાયો બાદ પોલીસની ૧૦ ટીમ ઘરે ગઈ



જિલ્લા પોલીસ અધિક્ષક વિજયસિંહ ગુર્જર દ્વારા તાત્કાલિક નરાધમને પકડી લેવા સૂચનાને પગલે ડીવાયએસપી કે જી ઝાલાના નેતૃત્વ હેઠળ રૂરલ એલસીબી પીઆઈ વી વી ઓડેદરા, પીએસઆઈ એચ.સી.ગોહિલ, એસઓજી પીઆઈ એફ એ પારગી અને આટકોટ પીઆઈ આર એસ સાંકળીયા સહિત ટીમોએ અધિકારીઓએ પોતપોતાની ટીમોને એક સ્પષ્ટ સંદેશ આપ્યો હતો કે, જયા સુધી વિકૃત નરાધમ પકડાય નહિ ત્યાં સુધી કોઈએ ઘરે જવાનું નથી. બાદ પોલીસે ૧૦૦ શખ્સોને આઈડેન્ટિફાઈ કરી ૧૦ શખ્સો પ્રબળ શંકાના દાયરામાં પોલીસે તમામ શખ્સોના ફોટોગ્રાફ લઈ પીડિત બાળકીને બતાવતા હેવાનને ઓળખી બતાવ્યો હતો. અને ફકત ૧૨ કલાકમાં જ આરોપીને ઝડપી લીધો હતો.

---

# કાલાવડ: સમસ્ત લેઉઆ પટેલ સમાજ સમુહ ભોજન સમારંભમાં દાતાઓને કરાયા સન્માનિત



## ૪૦૦૦થી વધુ લોકો સમુહ ભોજન હાજરી રહી લેઉઆ પટેલ સમાજ એકતા, સહકાર અને ભાઈચારાની ભાવનાને મજબૂત બનાવી

**અબતક**
**રાજુ રામોલિયા, કાલાવડ**

સમસ્ત લેઉઆ પટેલ સમાજ કાલાવડ દ્વારા સમાજમાં એકતા, સહકાર અને ભાઈચારાની ભાવનાને વધુ મજબૂત બનાવવા હેતુથી ભવ્ય સમૂહ ભોજન સમારંભનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય કાર્યક્રમમાં કાલાવડ શહેર તથા આસપાસના વિસ્તારોમાંથી અંદાજે ચાર હજાર થી વધુ સમાજજનો ઉમટી પડ્યા હતા. નાના-મોટા, યુવા-વૃદ્ધ સહીત તમામ વર્ગના લોકો ઉત્સાહભેર જોડાયા હતા અને કાર્યક્રમને યાદગાર બનાવ્યો હતો.

આ સમૂહ ભોજન સમારંભની વિશેષતા એ રહી કે સમાજના દાતાશ્રીઓએ ઉદાર હાથે દાન આપી કાર્યક્રમને સફળ બનાવવા માટે મહત્વપૂર્ણ સહયોગ આપ્યો હતો. સમાજહિત માટે આગળ આવી દાન આપનાર તમામ દાતાશ્રીઓનું જાહેરમાં સન્માન કરવામાં આવ્યું હતું. સન્માન સમારંભ દરમિયાન દાતાઓના યોગદાનની પ્રશંસા કરી સમાજના સર્વાંગી વિકાસમાં તેમના સહકારને બિરદાવવામાં આવ્યો હતો. દાતાઓના ઉદાર દાનથી સમગ્ર કાર્યક્રમ સુવ્યવસ્થિત અને ભવ્ય રીતે સંપન્ન થયો હતો.

સમૂહ ભોજન સાથે સાથે લોકડાયરા કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. લોકડાયરા દરમિયાન જાણીતા લોકગાયકોએ પરંપરાગત લોકસંગીત અને ડાયરા રજૂ કરીને ઉપસ્થિત જનસમુદાયને મંત્રમુગ્ધ કરી દીધો હતો. લોકસંસ્કૃતિના રંગે રંગાયેલા આ કાર્યક્રમથી સમગ્ર વાતાવરણ ઉત્સવસભર અને આનંદમય બની ગયું હતું. સમાજજનો લાંબા સમય સુધી લોકડાયરા અને સંગીતનો આનંદ માણતા જોવા મળ્યા હતા.

આ કાર્યક્રમમાં પૂર્વ કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. તેમણે સમાજને સંબોધન કરતાં લેઉઆ પટેલ સમાજની એકતા, સંસ્કાર અને સહકારની ભાવનાની પ્રશંસા કરી હતી તેમજ આવા સમૂહ કાર્યક્રમો સમાજને વધુ મજબૂત બનાવે છે તેમ જણાવ્યું હતું.

આ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે લેઉઆ પટેલ સમાજ કાલાવડના પ્રમુખ ભરતભાઈ ઠેસીયા (પટેલ જવેલર્સ કાલાવડ), ટ્રસ્ટી વિનુભાઈ વસોયા સહિતના તમામ ટ્રસ્ટીઓએ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી હતી.

---

# ધ્રાંગધ્રા સાધના વિદ્યાલયના છાત્રોને કરૂણા જીવદયા પાઠ ભણાવાયા

## કરૂણા અભિયાન અંતર્ગત અરાઈસ ગ્રુપે યોજ્યો જાગૃત્તિ કાર્યક્રમ

**અબતક,**
**સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા ખાતે મકરસંક્રાંતિના પર્વને ધ્યાનમાં રાખી અબોલ પક્ષીઓના જીવ બચાવવાના સંવેદનશીલ હેતુ સાથે સાધના વિદ્યાલયમાં કરૂણા અભિયાન અંતર્ગત વિશેષ જાગૃતિ અને માર્ગદર્શન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ વન્ય પ્રાણી રેન્જ ધ્રાંગધ્રા, ઘુડખર અભ્યારણ તથા અરાઈસ ગ્રુપ ધ્રાંગધ્રાના સંયુકત ઉપક્રમે યોજાયો હતો.



કાર્યક્રમ વન વિભાગ અને અરાઈસ ગ્રુપના નિષ્ણાતોએ વિદ્યાર્થીઓને મકરસંક્રાંતિના તહેવારમાં પક્ષીઓની સુરક્ષા માટે જરૂરી સાવચેતી અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું. વહેલી સવારે અને મોડી સાંજે પક્ષીઓની અવરજવર વધુ હોવાના કારણે તે સમયગાળામાં પતંગ ન ઉડાડવા અપીલ કરવામાં આવી હતી. ચાઈનીઝ દોરી કે કાચ ચડેલા માંજાના ઉપયોગથી દૂર રહેવાની સમજ આપવામાં આવી હતી. દ્વિચક્રી વાહનચાલકોને ગળામાં સેફટી ગાર્ડ અથવા મફલર પહેરવાની સલાહ આપી અકસ્માતોથી બચવા જાગૃત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે વન્ય પ્રાણી રેન્જ તરફથી જયદીપસિંહ હરમા તેમજ અરાઈસ ગ્રુપ તરફથી મહેશભાઈ રાજગોર અને તેમની ટીમે હાજરી આપી વિદ્યાર્થીઓને પ્રેક્ટિકલ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. શાળાના સંચાલક દિલીપભાઈ માકાસણા અને આર.સી. પટેલ સાહેબે પ્રાસંગિક ઉદબોધન કરીને વિદ્યાર્થીઓ તથા સ્ટાફને આ અભિયાનના સાચા દૂત બની સમાજમાં માનવતા અને કરુણાનો સંદેશ ફેલાવવા પ્રોત્સાહિત કર્યા હતા.

---

# જૂનાગઢની ઐતિહાસિક બહાઉદ્દીન કોલેજ દ્વારા રાષ્ટ્રીય યુવા દિવસની 'રન ફોર સ્વદેશી' યોજી ઉજવણી

**અબતક, દર્શન જોશી,**
**જુનાગઢ**

જૂનાગઢની ઐતિહાસિક બહાઉદ્દીન સરકારી વિનયન કોલેજ ખાતે સ્વામી વિવેકાનંદજીની ૧૬૪મી જન્મજયંતિ એટલે કે 'રાષ્ટ્રીય યુવા દિવસ' ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

આચાર્ય ડો. જે. આર. વાંઝાના માર્ગદર્શન હેઠળ તત્વજ્ઞાન વિભાગના અધ્યક્ષ ડો. પી. વી. બરસીયા તેમજ એનએસએસ વિભાગના પ્રા. ભાવિક ચાવડા દ્વારા આ અવસરે 'રન ફોર સ્વદેશી' (સ્વદેશી સંકલ્પ રન) નું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આચાર્ય સહિતના મહાનુભાવોએ લીલી ઝંડી બતાવી



દોડનું પ્રસ્થાન કરાવ્યું હતું. આ દોડમાં કોલેજના તમામ સ્ટાફ મિત્રો અને વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ 'ભારત માતા કી જય' ના નારા સાથે જોડાયા હતા.

આ પ્રસંગે વિશેષ અતિથિ તરીકે સમાજમાં 'ઈન્ડિયન' તરીકે ઓળખાતા સાયકલિસ્ટ ઉપસ્થિત રહ્યા હતા. તેઓ વર્ષ ૨૦૧૨થી સતત સાયકલિંગ દ્વારા પર્યાવરણ જાળવણીનો સંદેશ ફેલાવી રહ્યા છે. તેમણે વિદ્યાર્થીઓને સંબોધતા 'પ્રદૂષણ મુક્ત ભારત' નો મેસેજ આપ્યો હતો

---

# અમરેલીમાં રાજયકક્ષાની મહિલા કબડ્ડી સ્પર્ધાનો ૨૭મીથી પ્રારંભ

**અબતક, પ્રદીપ ઠાકર,**
**અમરેલી**

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, અમરેલી દ્વારા ખેલ મહાકુંભ-૨૦૨૫ અંતર્ગત રાજ્યકક્ષાની બહેનોની કબડ્ડી સ્પર્ધાનું આયોજન અમરેલી ખાતે કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા તા. ૨૭,૨૯,૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ યોજાશે.

તા. ૨૭ જાન્યુઆરીએ અંડર-૧૪, ૨૯ જાન્યુઆરીએ અંડર-૧૭ અને ૩૧ જાન્યુઆરીએ ઓપન એજ કેટેગરીની સ્પર્ધા યોજાશે. સ્પર્ધાનું સ્થળ સરદાર પટેલ રમત સંકુલ, ચિત્તલ રોડ, ગોળ દવાખાનાની બાજુમાં અમરેલી રાખવામાં આવ્યું છે તેમ જિલ્લા રમત વિકાસ અધિકારીએ જણાવ્યું છે.

---

# સુરેન્દ્રનગર: થાન-મોરથળા રોડ પર ગેરકાયદે ખનીજ ભરેલ ડમ્પર ઝડપાયું

## ચોટીલા ડે.કલેકટરની ટીમે ડમ્પર સહિત ૩૦ લાખનો માલ કર્યો સીઝ

**અબતક, ધનશ્યામ ભટ્ટી,**
**સુરેન્દ્રનગર**

થાન તાલુકામાં ભૂમાફિયાઓ દ્વારા મોટાપાયે ગેરકાયદેસર ખનીજ સંપત્તિનું ખનન તેમજ વહન થતું હોવાની વ્યાપક ફરીયાદો ઉઠવા પામી છે. જેને ધ્યાને લઈને ચોટીલા ડેપ્યુટી કલેકટરના માર્ગદર્શન હેઠળ થાન મામલતદારની ટીમ દ્વારા પેટ્રોલિંગ હાથ ધર્યું હતુ. જે દરમિયાન બાતમીના આધારે થાનના મોરથળા રોડ પરથી ગેરકાયદેસર ખનિજ સંપતિ ભરેલ એક ડમ્પર સહિત અંદાજે રૂ.૩૦ લાખથી વધુનો મુદામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.




જ્યારે મામલતદારની ટીમ દ્વારા ડમ્પર સહિતનો મુદ્દામાલ જપ્ત કરી મામલતદાર કચેરી ખાતે મોકલી દેવામાં આવ્યો હતો.

---

# જૂનાગઢ: દેશી દારૂની બે ભઠ્ઠી પકડાઈ

**અબતક**
**દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ એ-ડિવિઝન પોલીસે ગત સાંજના અરસામાં શહેરના પંચેશ્વર વિસ્તારમાં પ્રોહીબિશનની બે અલગ અલગ રેઈડ કરી, દેશી દારૂ બનાવવાની ચાલતી બે ભઠ્ઠી ઝડપી લીધી છે. જુનાગઢ એ ડિવિઝન પોલીસે જૂનાગઢના પંચેશ્વર વિસ્તારમાં આવેલ પંચેશ્વર મંદીરની બાજુમા ડાયાભાઈ જેતાભાઈ હુણના કબ્જા ભોગવટાના રહેણાક મકાન પર રેઈડ પાડી, ગે.કા.વગર પાસ પરમીટે દેશી પીવાનો દારૂ બનાવવાની ચાલતી ભઠ્ઠી પકડી પાડી હતી, પોલીસે આ રેઈડ દરમિયાન ભઠ્ઠીના સાધનો જેમા તગારા, ગેસના બાટલા, બોઈલર બેરલ નંગ ૨, ગરમ તથા ઠંડો આથો આશરે લીટર ૬૦૦, ખાલી બેરલ નંગ ૧, દેશી દારૂ લીટર ૨૫ મળી આવતા કુલ કી. રૂ..૨૩,૨૦૦ નો મુદામાલ કબજે લઈ, આરોપી ડાયાભાઈ જેતાભાઈ હુણને પકડી પાડી, કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ સાથે એ ડિવિઝન પોલીસે પંચેશ્વર વિસ્તારમાં પ્રોહીબિશનની બીજી રેઈડ વીપુલ વેજાભાઈ કોડીયાતરના કબ્જા ભોગવટાના રહેણાક મકાન પર કરતા, રેઈડ દરમિયાન ગેરકાયેદસર વગર પાસ પરમીટે દેશી પીવાનો દારૂ બનાવવાની ભઠ્ઠી ઝડપી પાડી હતી, રેઈડ દરમિયાન પોલીસે ભઠ્ઠીના સાધનો, જમીનમા દાટેલ પતરાના બેરલ નંગ ૨, ગરમ તથા ઠંડો આથો, દેશી દારૂ લીટર ૧૫ મળી આવતા કુલ કી. રૂ..૨૬,૪૦૦ નો પ્રોહી મુદામાલ કબજે લીધો હતો, આ રેઈડ દરમ્યાન આરોપી વીપુલ વેજાભાઈ કોડીયાતર હાજર નહી મળી આવતો તેમના વિરુદ્ધ એ ડિવિઝન પોલીસમાં ગુન્હો નોંધી, આરોપીને પકડી પાડવા તજવીજ હાથ ધરી છે.

---


# ગોંડલ: માંધાતા દેવના પ્રાગટ્ય દિવસ નિમિતે કાલે શોભાયાત્રા અને જ્ઞાતિ ભોજન

## 'અબતક' ની શુભેચ્છા મુલાકાતમાં માંધાતા ગ્રુપના સભ્યોએ આપી માહીતી

**અબતક, રાજકોટ**

મકરસંક્રાંતિના પાવન પર્વ નીમીતે કોળી સમાજના ઈષ્ટદેવ માંધાતા મહારાજની જન્મ જયંતિ નીમીતે કોળી સેના તથા માંધાતા ગ્રુપ ગુજરાતના સંયુકત ઉપક્રમે ભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવેલ છે. તથા શોભાયાત્રા પૂર્ણ થયા બાદ જ્ઞાતિ ભોજનનું આયોજન કરવામાં આવેલ છે. શ્રી માંધાતા ગ્રુપ ગુજરાતના સ્થાપક ભુપતભાઈ ડાભીના માર્ગદર્શનથી સતત ૧૮માં વર્ષે શોભાયાત્રાનું તા. ૧૪-૧-૨૬ બુધવાર સવારે ૭ કલાકે, બપોરે ૧૧.૩૦ કલાકે જ્ઞાતિ ભોજન માંધાતા પાર્ટી પ્લોટ: ભગવતપરા મેઈન રોડ ગોંડલ ખાતે આયોજન કરવામાં આવ્યું છે.

'અબતક' ની શુભેચ્છા મુલાકાતમાં મહેશભાઈ કોળીએ માહીતી માટે આ શોભાયાત્રામાં ગોંડલ શહેર તથા તાલુકાના તમામ ઘર દીઠ સવા મુઠી ખીચડી એકત્ર કરી મહા પ્રસાદ બનાવવામાં આવે છે અને જ્ઞાતિ ભોજનમાં પીરસવામાં આવે છે.આ શોભાયાત્રામાં ૨૦ હજારથી વધુ



ભાઈઓ, બહેનો જોડાશે. શોભાયાત્રામાં શ્રી માંધાતા, વેલનાથ, જલકારી બાઈ, વિર તાનાજી વગેરેનાં જીવન ચરિત્રો રજુ કરવામાં આવશે આ શોભાયાત્રામાં ગોંડલ સહિત સમગ્ર ગુજરાતભરમાંથી જ્ઞાતિજનો ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમમાં સંતો-મહંતો, પુ.રૂષીભારતીબાપુ- સરખેજ અમદાવાદ, દિવ્ય પુરુષ સ્વામી અક્ષર મંદિર, સીતારામબાપુ, રામદાસબાપુ, આર્યન ભગત સહિતના ઉપસ્થિત રહેશે. કાર્યક્રમના અદયક્ષ તરીકે કુંવરજીભાઈ બાવળીયા કેબીનેટ મંત્રી, મુખ્ય અતિથિ તરીકે પરસોતમભાઈ સોલંકી, મંત્રી ગુજરાત, મુખ્ય મહેમાન તરીકે દિવ્યેશભાઈ સોલંકી, ધારાસભ્યઓ હિરાભાઈ સોલંકી-રાજુલા, કાળુભાઈ ડાભી ધોળકા, દેવાભાઈ માલમ કેશોદ, કાળુભાઈ રાઠોડ ઉના, ભગવાનજીભાઈ કરગટીયા માંગરોળ, શિવાભાઈ ગોહેલ મહુવા તથા રમાબેન મકવાણા, વિનોદભાઈ નાગાણી, આનંદભાઈ ડાભી, ચંદુભાઈ ડાભી, રેખાબેન સાગરકા સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

મનસુખભાઈ માંડવીયા કેન્દ્રીય મંત્રી, ગીતાબા જાડેજા ધારાસભ્ય, ગોંડલ પરસોતભાઈ રૂપાલા, અલ્પેશભાઈ ઢોલરીયા, ચેતનભાઈ રામાણી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહેશે.

માંધાતા પાર્ટી પ્લોટ ગોંડલની ઘોઘાવદર ચોક, પટેલ વાડી, હોસ્પિટલ ચોક, માંધાતા સર્કલ માંડવી ચોક, આંબેડકર ચોક, જેલ ચોક, પાંજરાપોળથી માંધાતા પાર્ટી પ્લોટ ખાતુ પૂર્ણ થશે.સમગ્ર આયોજનને સફળ બનાવવા માંધાતા ઉત્સવ સમિતિના પ્રમુખ હિરેન ડાભી, મહેશજી કોલી, વિજય ગોહેલ, પરેશ મકવાણા, રમેશભાઈ મકવાણા, સોમાભાઈ સદાદીયા, અશોકભાઈ ગોહેલ, રઘુભાઈ મેટાળીયા, પુનાભાઈ સાકરીયા, તેમજ ગોંડલ શહેર તાલુકાના અનેક કાર્યકરો જહેમત ઉઠાવી રહ્યાં છે. 'અબતક' ની શુભેચ્છા મુલાકાતમાં ચંદુભાઈ ડાભી, મહેશજી કોલી, વિનુભાઈ નાગાણી, રમેશભાઈ મકવાણા, રેખાબેન સગારકા, રઘુભા ડાભી, સંજયભાઈ બેરાણી, જીવારાજભાઈ ગોહેલ, રવિભાઈ પરમાર, મુકેશભાઈ ડાભી અને દિનેશભાઈ રાઠોડ ઉપસ્થિત રહ્યા હતા.

ઘડિયાળ હોય કે ટાઈલ્સની ધાર મોરબી છે વિશ્વનો 'શણગાર'

# વિકસીત ભારત માટે 'વિકસીત મોરબી' અનિવાર્ય: કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલ

## મોરબી જીઆરસી-૨૦૨૬ અંતર્ગત સિરામિક ઉદ્યોગની ગુણવત્તા અને ટકાઉપણું જાળવવા માટે રાજ્ય સરકાર અને સિરામિક ઉદ્યોગ વચ્ચે રૂ. ૧૪૬૦ કરોડના એમઓયુ થયા

**અબતક, ઋષિ મહેતા**

સીરામીક કોન્કલેવ ફોર વિકસિત ભારત- ક્વોલિટી મીટ્સ ગ્લોબલ કોમ્પેટીટીવનેસ વિષયક સેમિનારમાં સિરામિક ઉદ્યોગમાં ગુણવત્તા અને ટકાઉપણું જાળવવા પર ભાર મુકાયો. કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલની હાજરીમાં રાજ્ય સરકાર અને મોરબીના સિરામિક ઉદ્યોગો વચ્ચે રૂ.૧૪૬૦ કરોડના એમ.ઓ.યુ. થયા.

કેન્દ્રીય મંત્રી પિયુષ ગોયલની પ્રેરક ઉપસ્થિતિમાં એક્ઝિબિશન ડોમ ખાતે સિરામિક સેમિનારમાં રૂ. ૧૪૬૦ કરોડના એમ.ઓ.યુ. સંપન્ન થયા હતા. મારવાડી યુનિવર્સિટી ખાતે યોજાયેલી રિજનલ વાઈબ્રન્ટ ગુજરાત કોન્ફરન્સમાં મંત્રી પિયુષ ગોયલે જણાવ્યું હતું કે સીરામીક ઉદ્યોગમાં ગુણવત્તા અને ટકાઉપણું જાળવવું એ સમયની માંગ છે. બિલ્ડીંગ ઉદ્યોગ સાથે જોડાયેલા સીરામીક ઉદ્યોગની તાકાત તેની વિશ્વસનીયતા અને ઉચ્ચ ગુણવત્તા છે ત્યારે સીરામીક ઉદ્યોગની જરૂરિયાતને પહોંચી વળવા માટે પાયાની સુવિધાઓની પૂર્તિ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે.



મોરબી ખાતે ધમધમતા સીરામીકના ૮૦૦ પ્લાન્ટ માટે સરકાર ઉચ્ચકક્ષાની લેબોરેટરી સ્થાપવા માટે સક્રિયપણે વિચારી રહી છે. વૈશ્વિક બજારમાં ઊભી થયેલી સિરામિક ક્ષેત્રની માંગને પહોંચી વળવા માટે સીરામીક ઉદ્યોગે સતત અને સખત સંશોધનો પર વિશેષ ભાર મૂકવો પડશે. ઉચ્ચ કક્ષાના ગુણવત્તા નિયમન પ્રત્યે સીરામીક ઉદ્યોગોએ આંખ આડા કાન કરવા નહીં ચાલે. વૈશ્વિક કક્ષાની સ્પર્ધા સિરામિક ઉદ્યોગને વધુ સક્ષમ બનાવશે, '' વિકસિત ભારત, વિકસિત ગુજરાત, વિકસિત સૌરાષ્ટ્ર''ની શરૂઆત ''વિકસિત મોરબી'' થી કરવા માટે બધા કટિબદ્ધ બનીએ, તેઓ અનુરોધ મંત્રી ગોયલે ઉપસ્થિતોને કર્યો હતો

આ સેમિનારમાં રાજ્ય સરકાર અને મોરબીના સિરામિક ઉદ્યોગો વચ્ચે રૂપિયા ૧૪૬૦ કરોડના એમ.ઓ.યુ. સંપન્ન થયા હતા. મંત્રી જીતુભાઈ વાઘાણી તથા જયરામ ગામીત, ઉદ્યોગ સચિવ મમતા વર્મા અને મોરબી સીરામીક ઉદ્યોગના અગ્રણીઓ આ સેમિનારમાં ઉપસ્થિત રહ્યા હતા.

# વાંકાનેર: કોન્ટ્રાક્ટના રૂપિયા બાબતે કારખાનામાં તોડફોડ, અંદાજે ૭૫ લાખનું નુકશાન

## આઠ અજાણ્યા સહિત ૧૨ સામે નોંધાતો ગુનો

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેરના વઘાસીયા ગામ નજીક કુશો સિરામિક કારખાનામાં જૂના મજૂરીના રૂપિયા લેવાના બાકી મુદ્દે થયેલ વિવાદ બાદ કારખાનામાં તોડફોડની ગંભીર ઘટના સામે આવી છે. કારખાનામાં ઘુસી મશીનરીમાં તેમજ કેબલ વાયર તોડી અંદાજે ૭૫ લાખ રૂપિયાનું નુકશાન પહોંચાડ્યું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર, મોરબીના નરસંગ સોસાયટી મેઘધનુષ એપાર્ટમેન્ટમાં રહેતા અને કુશો ગ્રેનીટો પ્રા. લી. કારખાનાના ભાગીદાર આંનદભાઈ રમેશભાઈ વાઘડીયા ઉવ.૩૫ દ્વારા આરોપી ભીષ્મ પાન્ડે, પ્રકાશભાઈ ભરવાડ, શશીપ્રકાશભાઈ, આનંદભાઈ કૈલા તથા આઠ અજાણ્યા સહિત કુલ ૧૨ વિરુદ્ધ વાંકાનેર સીટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી કે, ગત તા. ૨૬/૧૨/૨૦૨૫ના રોજ બપોરના સાડા ત્રણેક વાગ્યાના સમયે અગાઉ મજૂરી કોન્ટ્રાક્ટ પર કામ કરતા આરોપી ભીષ્મ પાન્ડે, પ્રકાશભાઈ ભરવાડ, શશીપ્રકાશભાઈ તથા તેમના માણસો બાકી રકમના બહાને કારખાને પહોંચ્યા હતા. અને સિક્યુરિટી ગાર્ડને ધમકી આપી કારખાનામાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કર્યો હતો અને આયશર ગાડી રજી.નં. જીજે-૨૩-વાય-૭૪૧૨માં મશીનરીનો સામાન ભર્યો હતો. ત્યારે સિક્યુરિટી ગાર્ડ દ્વારા ૧૧૨ પોલીસને બોલાવ્યા બાદ તાત્કાલિક સામાન ઉતારવામાં આવ્યો હતો, પરંતુ બાદમાં તપાસ કરતા કારખાનાના પ્રેસ વિભાગ, કિલન વિભાગ, ગ્લેઝલાઈન તથા સાઈઝિંગ વિભાગમાં ભારે તોડફોડ અને વાયર કાપી નાખ્યાનું સામે આવ્યું હતું. સી.સી.ટી.વી. ફૂટેજ જોતા, આરોપીઓ ભીષ્મ પાન્ડે, પ્રકાશભાઈ ભરવાડ, શશીપ્રકાશભાઈ, આંનદભાઈ કૈલા તથા તેમની સાથે આવેલા આઠ અજાણ્યા શખ્સો કારખાનામાં બળજબરીપૂર્વક પ્રવેશ કરી તોડફોડ કરતા જોવા મળ્યા હતા. સમગ્ર ઘટનામાં અંદાજે રૂ. ૭૫ લાખ જેટલું નુકશાન થયાનું ફરિયાદમાં જણાવાયું છે. હાલ વાંકાનેર સીટી પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ટંકારા: મકાનમાંથી મેફેડ્રોનના જથ્થા સાથે હાર્દિક ભાડજા ઝડપાયો

## એસ.ઓ.જી.એ દરોડો પાડી રૂ. ૨.૮૪ લાખનો મુદામાલ કબ્જે કર્યો

**અબતક, ઋષી મહેતા**

ટંકારા ખાતે નાર્કોટીકસ માદક પદાર્થ મેફેડ્રોન સાથે એક ઈસમને ઝડપી લીધો છે. પોલીસે રહેણાંક મકાનમાંથી મેફેડ્રોન, મોબાઈલ અને વજનકાંટો મળી કુલ રૂ.૨.૮૪ લાખનો મુદ્દામાલ જપ્ત કરી પકડાયેલ આરોપી વિરુદ્ધ ટંકારા પોલીસ મથકે એન.ડી.પી.એસ. એકટ હેઠળ ગુનો નોંધાવી આગળની તપાસની તજવીજ હાથ ધરી છે. મોરબી એસ.ઓ.જી. ટીમને બાતમી મળી હતી કે હાર્દિકભાઈ નરેન્દ્રભાઈ ભાડજા (રહે. હરીઓમ સોસાયટી ટંકારા) પોતાના કબજા-ભોગવટાના રહેણાંક મકાનમાં ગેરકાયદેસર રીતે નાર્કોટીકસ માદક



પદાર્થ મેફેડ્રોન પાઉડર રાખી ખાનગી રીતે ગ્રાહકોને વેચાણ કરે છે. આ બાતમીના આધારે એસ.ઓ.જી. ટીમ દ્વારા બાતમીવાળી જગ્યાએ રેઈડ કરવામાં આવી હતી.

રેઈડ દરમિયાન આરોપીના રહેણાંક મકાનમાંથી નાર્કોટીકસ માદક પદાર્થ મેફેડ્રોન ૮૩ ગ્રામ ૨૦૦ મિલિગ્રામ કિ.રૂ.૨,૪૯,૬૦૦/-, મોબાઈલ ફોન નંગ-૨ કિ.રૂ.૩૦,૦૦૦/- તથા ડિજિટલ વજનકાંટો નંગ-૧ કિ.રૂ.૫૦૦/- મળી આવ્યા હતા. આ રીતે કુલ રૂ.૨,૮૪,૬૦૦/-નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હતો. મળેલ મુદ્દામાલના આધારે આરોપી હાર્દિકભાઈ નરેન્દ્રભાઈ ભાડજા વિરુદ્ધ એનડીપીએસ એક્ટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે. આ બાબતે આરોપી સામે ટંકારા પોલીસ સ્ટેશન ખાતે ગુનો રજીસ્ટર કરાવી એસઓજી ટીમે આગળની તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

# વાંકાનેર નજીક ટ્રકની ટક્કરે પતિની નજર સામે પત્નીનું મોત

**અબતક, ઋષિ મહેતા**

સરતાનપર-માટેલ રોડ પર ટાટા ટ્રક ટ્રેલરના ચાલકે ફૂલ સ્પીડમાં વાહન ચલાવી ડબલ સવારી મોટરસાયકલને સાઈડમાંથી હડફેટે લેવાના અકસ્માતમાં મોટરસાયકલ ઉપર સવાર દંપતી ખંડિત થયું હતું, જેમાં પત્નીનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું.

મળતી વિગતો અનુસાર, મુળ સુરેન્દ્રનગરના સોલડી ગામના વતની હાલ બાફીટ સિરામિક, સરતાનપર રહેતા હિંમતભાઈ ઉકાભાઈ રાઠોડ ઉવ.૪૮એ વાંકાનેર તાલુકા પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી કે, ગઈકાલ તા.૧૨/૦૧/૨૦૨૬ના રોજ બપોરના અરસામાં સરતાનપર-માટેલ રોડ ઉપર આરોપી ટાટા ટ્રક ટ્રેલર રજી.નં. આરજે-૦૧-જીડી-૩૭૪૫ના ચાલકે પોતાનું વાહન પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવી આગળ જઈ રહેલા ફરિયાદીના હીરો એચ.એફ. ડીલક્સ મોટરસાયકલ રજી.નં. જીજે-૧૩-બીસી-૩૬૧૨ને જમણી બાજુથી અડફેટે લીધું હતું. ટક્કરના કારણે મોટરસાયકલ સવાર દંપતી રોડ પર પટકાતા પાછળ બેઠેલ ફરિયાદીના પત્નીને ગંભીર ઈજા પહોંચી હતી. ઘટનામાં તેમના પત્નીનું મોત નીપજ્યું હતું, જ્યારે ફરિયાદીને પણ ઈજાઓ પહોંચી હતી. હાલ પોલીસે ટ્રક ચાલક વિરુદ્ધ ધોરણસર ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માળીયા(મી)ના ફતેપર ગામની સીમમાંથી ૬૦૦ લીટર દેશી દારૂ બનાવવાનો ઠંડો આથો ઝડપાયો

**અબતક, ઋષિ મહેતા**

માળીયા(મી) પોલીસ ટીમ પેટ્રોલિંગમાં હોય તે દરમિયાન બાતમી મળી કે, મુસ્તાક અકબરભાઈ જામ ફતેપર ગામની સીમમાં દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ચલાવે છે, જે બાતમીને આધારે તુરંત માળીયા(મી) પોલીસે ફતેપર ગામની સિમ ટીટોડી વાંઢ નજીક રેઈડ કરતા, જ્યાંથી બાવળની કાંટમાં ૬૦૦ લીટર દેશી દારૂ બનાવવા ઉપયોગમાં લેવાતો ઠંડો આથો જપ્ત કરવામાં આવ્યો હતો. રેઈડ દરમિયાન આરોપી મુસ્તાક અકબરભાઈ જામ રહે. માળીયા(મી) વાળો હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવી તેની વિરુદ્ધ પોલીસે પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જિલ્લામાં યુવતી અને સગીરા સહિત ત્રણનો આપઘાત

## નવલખી ફાટક પાસે અજાણ્યા પ્રૌઢનો મૃતદેહ મળ્યો

**અબતક, ઋષિ મહેતા**

મોરબી જીલ્લામાં ગઈકાલ તા.૧૨/૦૧/૨૦૨૬ના રોજ અપમૃત્યુના પાંચ અલગ-અલગ બનાવો સામે આવ્યા છે. મોરબી સીટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયો જેમાં કંડલા બાયપાસ નવલખી ફાટક પાસે સિલ્વર સોસાયટીના પાછળના ખુલ્લા મેદાનમાંથી આશરે ૫૦થી ૫૫ વર્ષની વયના અજાણ્યા પુરૂષનો મૃતદેહ મળી આવ્યો હતો. ગાળા ગામના કાંઠે ૨૩ વર્ષીય માધવીબેન જિતેન્દ્રભાઈ ટીંડોડીયા નામની યુવતીએ પોતાના રહેણાંક મકાને ગળેફાંસો ખાઈ આપઘાત કર્યાનો બનાવ સામે આવ્યો છે. મધ્યપ્રદેશ વતની ૧૬ વર્ષીય જયાબેન રાકેશભાઈ ડાવરે રાતીદેવરી ગામની સીમમાં આવેલી વાડીમાં ઝેરી દવા પીધા બાદ સારવાર દરમ્યાન મોત નિપજ્યું હતું.ટંકારા તાલુકાના કલ્યાણપર ગામે ૬૩ વર્ષીય થોભણભાઈ મોહનભાઈ કગથરાએ લાંબા સમયથી માનસિક અસ્વસ્થતાના કારણે પોતાના રહેણાંક મકાનમાં ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાનું સામે આવ્યું છે.

# નજીવી બાબતે મોટરસાયકલ ચાલક પર હુમલો કર્યો

## વાહન સાઈડમાં ચલાવવાનું કહેતા છ શખ્સોએ મારમાર્યો

**અબતક, ઋષિ મહેતા**

મોરબી-૨ વિસ્તારમાં મોટર સાયકલ સાઈડમાં ચલાવવાનું કહી, ઉગ્ર બોલાચાલી બાદ છ ઈસમોએ મળીને મોટરસાયકલ ચાલક ઉપર હુમલો કર્યો હતો. હુમલામાં ફરિયાદીને ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી.

મળતી માહિતી મુજબ, મોરબી-૨ વિધુતનગર પાછળ વિક્રમ વાડી વિસ્તારમાં રહેતા મુકેશભાઈ ઘોઘજીભાઈ સુરેલા પોલીસ મથકમાં આરોપી અહેમદ અનવરભાઈ માલાણી, મીતુલભાઈ રમેશભાઈ સનુરા, વસીમભાઈ અનવરભાઈ માલાણી, રૂતીકભાઈ રમેશભાઈ સનુરા ચારેય રહે. કાંતિનગર, મોરબી-૨ તથા બે અજાણ્યા ઈસમો વિરુદ્ધ ફરિયાદ નોંધાવવામાં આવી છે. જે ફરિયાદ મુજબ તેઓ ગઈકાલ તા.૧૨/૦૧/૨૦૨૬ના રોજ સાંજના સાડા ચારેક વાગ્યાના સુમારે પોતાનું મોટરસાયકલ ચલાવી કુળદેવી પાનથી ઘરે જઈ રહ્યા હતા. તે દરમિયાન કુળદેવી પાન અને સર્કિટ હાઉસ વચ્ચે આવેલા વણાંક પાસે વર્ના કાર રજી. નં.જીજે-૦૧-ડબ્લ્યુએમ-૦૦૦૪ના ચાલકે અચાનક સાઈડ કાપી આગળ ઊભી રાખી બોલાચાલી શરૂ કરી હતી. કારમાં બેઠેલા આરોપી અહેમદ અનવરભાઈ માલાણીએ ગાળો આપીને ફરિયાદીના ગાલ પર ફડાકો માર્યો હતો. બાદમાં અહેમદે પોતાના ભાઈ વસીમભાઈને ફોન કરતાં વસીમ ક્રેટા કારમાં રૂતીકભાઈ રમેશભાઈ સનુરા તથા બે અજાણ્યા ઈસમોને સાથે લઈ આવ્યો હતો. ત્યારબાદ તમામે મળીને ફરિયાદીને ઢીકા-પાટુનો માર માર્યો હતો, ત્યારે આજુબાજુના લોકો ભેગા થતાં આરોપીઓ ફરાર થઈ ગયા હતા. જતાં પહેલાં આરોપીઓએ ફરીયાદીને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ ઘટનાને લઈને પોલીસે આરોપી વિરુદ્ધ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

# વેપારી પિતા-પુત્ર ચા પીવા ગયાને તસ્કરો એક્ટિવા હંકારી ગયા

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી-૨ લાલબાગ વિસ્તારની વર્ધમાન સોસાયટીમાં રહેતા અને કપડાના વેપારી નીતીનભાઈ દેવરામભાઈ કાથરાણી ઉવ.૫૮ દ્વારા મોપેડ ચોરી બાબતે ફરિયાદ નોંધાવવામાં આવી છે. ફરિયાદ મુજબ, ગત તા. ૧૫/૧૨/૨૦૨૫ના રોજ બપોરના ચાર વાગ્યાના સુમારે તેઓ પોતાના પુત્ર સાથે હોન્ડા કંપનીનું સફેદ કલરનું એકટીવા રજી.નં. જીજે-૩૬-એક્યુ-૬૧૦૮ લઈને નહેરુગેટ ખાતે આવેલી પોતાની જલારામ હોજીયરી દુકાને જઈ રહ્યા હતા. તે દરમિયાન લાલબાગના ગેટ પાસે ચાની લારી પર ચા પીવા માટે એક્ટીવા પાર્ક કરી બંને ચા પીવા ગયા હતા. ચા પીને પરત ફરતા પાર્ક કરેલ જગ્યાએ મોપેડ ન મળતા આજુબાજુ તપાસ કરી હતી, પરંતુ ક્યાંય મોપેડ મળ્યું ન હતું. આ અંગે પ્રથમ ઓનલાઈન ઈ-એફ.આઈ.આર. નોંધાવવામાં આવી હતી.

# ઝીંઝુડા ગામે દુકાન પાસે ગાળો બોલવાની ના પાડતા કાકા-ભત્રીજાને ધોકા ફટકાર્યા

**અબતક, ઋષિ મહેતા**

મોરબી તાલુકાના ઝીંઝુડા ગામે રહેતા શબ્બીરભાઈ હુશેનભાઈ નોડે ઉવ ૪૦ એ તાલુકા પોલીસ સમક્ષ ફરિયાદ નોંધાવી કે, ગત તા.૧૧/૦૧ ના રોજ આરોપીઓ સલીમભાઈ સેડાત, અનવરભાઈ સેડાત તથા આમીન કરીમભાઈ મીયાણા રહે.તમામ ઝીંઝુડા વાળા ફરિયાદીના પિતરાઈ ભાઈની દુકાને ગાળો બોલતા હોય જે બાબતે ફરિયાદી અને તેમનો ભત્રીજો મોહમદહુશેન ઉઓરોકટ ત્રણેય આરોપીઓને સનજવા ગયેલ ત્યારે એકદમ ઉશ્કેરાયેલ ત્રણેય આરોપીઓએ લાકડાના ધોકા તથા ઢીકા પાટુ વડે ફરિયાદી તથા તેમના ભત્રીજાને માર માર્યો હતો, તે દરમિયાન દેકારો થતા, ત્રણેય આરોપીઓ ત્યાંથી ચાલ્યા ગયા હતા. હુમલામાં ફરિયાદીને માથામાં ગંભીર ઈજા પહોંચી હતી. હાલ મોરબી તાલુકા પોલીસે ત્રણેય આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ૧૧૨ જનરક્ષક પોલીસ વાનના ચાલકે અકસ્માતની હારમાળા સર્જી

## બે યુવતી ઘવાઈ: રિક્ષા સહિત ત્રણ વાહનને ઠોકરે લીધા, ચાલક પીધેલી હાલતમાં હોવાનો ફરિયાદ ઉલ્લેખ

**અબતક, ઋષિ મહેતા**

મોરબીના ધરમપુર રોડ પર ૧૧૨ જનરક્ષક પોલીસ વાનના ચાલકે સરકારી વાહન બેફામ અને ગફલતભરી રીતે ચલાવી રીક્ષા સહિત ત્રણ વાહનોને હડફેટે લીધા હતા. આ અકસ્માતની હારમાળામાં રીક્ષા ચાલક સહિત પાંચને ઈજા પહોંચી, જેમાં બે યુવતીઓને પગમાં ફ્રેકચર જેવી ગંભીર ઈજા થઈ હતી. પોલીસ કર્મી સામે બીએનએસ અને એમ.વી.એક્ટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ શરૂ કરી છે.

મોરબી-૨ વિસ્તારના લાભનગર ખાતે ધરમપુર રોડ ઉપર ૧૧૨ જનરક્ષક પોલીસ વાનના ચાલક પોલીસકર્મીની બેદરકારીને કારણે ગંભીર અકસ્માત સર્જાયો હતો.

જેમાં ફરિયાદી જગદીશભાઈ બાબુભાઈ અગેચાણીયા ઉવ.૩૮ રહે. લાભનગર મોરબી-૨ વાળા પોતાની રીક્ષા રજી. નં. જીજે-૩૬-ડબલ્યુ-૪૪૬૨માં પરિવારજનોને લઈને કારખાનેથી ઘરે પરત ફરી રહ્યા હતા. તે દરમિયાન રાત્રીના સાડા આઠેક વાગ્યાના સુમારે સામેથી ફુલ સ્પીડમાં આવતી ૧૧૨ જનરક્ષક પોલીસ વાન રજી. નં. જીજે૩૬-જી-૦૧૯૩ના ચાલક પોલીસકર્મીએ સરકારી વાહન ગફલતભરી રીતે ચલાવી રીક્ષાને ટક્કર મારી હતી. અકસ્માતમાં રીક્ષાને પાછળથી આવતી ઈકો સ્પોર્ટ કાર રજી. નં. જીજે-૩૬-એઆર-૭૬૭૬ સાથે પણ ટક્કર વાગી હતી. આ ઘટનામાં ફરિયાદીને માથા, નાક તથા શરીરે ઈજાઓ થઈ હતી, જ્યારે તેમની દીકરી જયશ્રી તથા તેમના એરિયામાં રહેતી દીકરી મિતલને જમણા પગે ફ્રેકચર જેવી ગંભીર ઈજાઓ થઈ હતી. આ સિવાય રીક્ષામાં બેઠેલા પારૂબેન તથા સોનુભાઈ યાદવને સામાન્ય ઈજાઓ પહોંચતા તમામને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સારવાર માટે મોરબીની સમર્પણ હોસ્પિટલ તથા સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. અત્રે ઉલ્લેખનીય છે કે, પોલીસ વાનનો ચાલક પોલીસકર્મી નશાની હાલતમાં હોય તેમ લાગતું હોવાનું પણ ફરિયાદમાં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. હાલ અકસ્માતની ઘટનાને લઈ નોંધાવવામાં આવેલ ફરિયાદને આધારે બી ડિવિઝન પોલીસે આરોપી ૧૧૨ જનરક્ષક પોલીસ વાનના ચાલક વિરુદ્ધ બીએનએસની કલમ તથા એમવી એક્ટની કલમ મુજબ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વાંકાનેર પાંજરાપોળ - ગૌશાળા દ્વારા ગૌસેવકોનું કરાયું સન્માન

## ગૌસેવકોને સન્માનિત કરી મકર સંક્રાતિ નિમિતે દાન માટે જનતાને કરાય અપિલ

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર ખાતે કાર્યરત પાંજરાપોળ અને ગૌશાળા દ્વારા છેલ્લા ૧૭૪ વર્ષથી પશુ-પક્ષી રક્ષા, બિમાર પશુધન સેવા, જીવદયા, પારેવાને ચણ, કુતરાને રોટલા, સ્મશાનમાં નિ:શુલ્ક અંતિમવિધિ, કતલખાને ધકેલાતા પશુઓને આશ્રય સહિત વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ સાથે એક હજાર કરતા વધારે ગૌવંશના નિભાવનું ભગીરથ કાર્ય કરવાંમાં આવી રહ્યું છે, ત્યારે ગૌશાળા દ્વારા દર વર્ષે વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓ માટે તન, મન અને ધનથી સેવા આપતા ગૌસેવકોના સન્માન સમારોહનું આયોજન કરવામાં આવે છે. જે અનુસંધાને શનિવારે વાંકાનેરની જૈન ભોજનશાળા ખાતે આ



સન્માન સમારોહ યોજાયો હતો.

વાંકાનેર શહેર-તાલુકાનાં વિવિધ સેવાકીય સંસ્થાઓ તથા ગૌ સેવક મંડળો દ્વારા દર વર્ષે મકરસંક્રાંતિ પર્વે વાંકાનેર, રાજકોટ, જામનગર વગેરે શહેરોમાં વાંકાનેર પાંજરાપોળ ગૌશાળા માટે દાન એકત્ર કરવા પંડાલ બનાવી દિવસભર સેવા યજ્ઞ કરે છે. તેમને સન્માનિત કરવામાં આવ્યા હતા.

આ પાંજરાપોળની સેવાકીય પ્રવૃત્તિઓ માટે દર વર્ષે રૂ.૧.૫૦ કરોડ ખર્ચ થઈ રહ્યો છે. જેમાં માર્ચ-૨૦૨૦થી કોરોના મહામારીના કારણે સંસ્થાને મળતા દાનમાં નોંધપાત્ર ઘટાડો થતાં પશુધન દાન માટે નાગરિકોને અપિલ કરવામાં આવી હતી.

# મિલકત વેરો ભરપાઈ ન કરનાર ૪ આસામીની મિલકત સીલ

**અબતક, ઋષી મહેતા**

મોરબી મહાનગર પાલિકાની મિલકત વેરા શાખા દ્વારા વર્ષ ૨૦૨૫-૨૬ અંતર્ગત વિવિધ પ્રકારનું ટેક્સનું બાકી ઉઘરાણું બાકીદારો પાસેથી વસૂલ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે, જે અંતર્ગત મિલકત વેરા શાખાના કર્મચારીઓ શહેરમાં ઠેર ઠેર હાલ જે મિલકત આસામીઓ દ્વારા વેરો ભરપાઈ કરવામાં ન આવ્યો હોય તેમને તા.૦૩/



૦૧/૨૦૨૬ થી વોરંટ બજવણી કામગીરી હાથ ધરવામાં આવી છે, જેમાં તા.૦૯/૦૧/૨૦૨૬ના રોજ મહાનગરપાલિકાની હદ વિસ્તારમાં આવતા ૪ મિલકત વેરો ભરપાઈ ન કરનાર કોમર્શિયલ મિલકત ધારકોની મિલકત સીલ કરવામાં આવી હતી. કુલ ૧૯ જેટલા મિલકત ધારકોને વોરંટની બજવણી કરવામાં આવી હતી જેમાં ૧૫ મિલકત ધારકોએ મિલકતવેરા શાખાને બાકી વેરો સ્થળ પર જ ભરી આપ્યો હતો, જ્યારે ૪ આસામીઓ દ્વારા મિલકત વેરો ભરપાઈ કરવામાં ન આવતા તેમની મિલકતને સીલ કરવામાં આવી હતી.

## રાપરઃ પ્રતિબંધિત ચાઈનીઝ દોરી સાથે આરોપી પકડાયો



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

રાપર પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટર જે.બી.બુબડીયાને ખાનગી રાહે બાતમી હકીકત મળી કે, પાર્થ પ્રકાશભાઈ માલી ઉ.વ.-૨૩ રહે-અયોધ્યાપુરી રાપર તા-રાપર કચ્છ વાળો પોતાની માલીચોકમા આવેલ ટોપટેન નામની કપડાની દુકાનમા પ્રતિબંધિત ચાઈનીઝ તુક્કલ દોરી રાખી વેચાણ કરે છે જેથી બાતમી વાળી જગ્યાએ રેડ કરતા આરોપી માધવ ઉર્ફે પાર્થ પ્રકાશભાઈ માલી પાસેથી પ્રતિબંધિત ચાઈનીઝ તુક્કલ દોરી ની રીલ નંગ-૧૨૦ કિંમત રૂપિયા ૬૦,૦૦૦ મળી આવતા મુદ્દામાલ કબજે કરી આરોપીને પકડી પાડી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે. આ ગુનામાં સામેલ અન્ય એક આરોપી હેંમત ચૌહાણ (રહે-તકીયાવાસ રાપર) હાજર ન મળી આવ્યો હોવાનું પોલીસે જણાવ્યું છે.

## ઈડરના સુરપુર ગામની સીમમાંથી ૧૪૮૫ બોટલ દારૂ ઝડપાયો

### એલસીબીએ દરોડો પાડી રૂ. ૬ લાખનોમુદામાલ સાથે બે ની ધરપકડ

**અબતક, સંજય દિક્ષીત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લામાં ઈડર તાલુકાના સુરપુર ગામની સીમમાંથી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની ૧૪૮૫ નંગ બોટલો મળી આવતા ચકચાર મચી ગઈ છે એલસીબી પોલીસે બાતમીને આધારે વિદેશી દારૂની બોટલો તેમજ આશરે ૬ લાખથી વધુના મુદ્દામાલ સાથે બે ઈસમોને ઝડપી લઈ કાર્યવાહી હાથ ધરી હોવાનું જાણવા મળે છે


આ અંગે સુત્રો પાસેથી મળતી માહિતી મુજબ સાબરકાંઠા લોકલ ક્રાઈમ બ્રાન્ચ (એલસીબી) ને બાતમી મળી હતી અને તે બાતમી આધારે સુરપુર ગામની સીમમાંથી દારૂના જથ્થા સાથે બે ઈસમોને ઝડપી પાડી મોટી કાર્યવાહી હાથ ધરી છે જયારે આ દરોડોમાં જી.જે.૦૯.એ.એક્સ ૭૫૧૦ નંબરની રીક્ષા તથા નંબર વગરની એક્ટિવા સાથે બે શખ્સો શંકાસ્પદ હાલતમાં ઝડપાઈ આવ્યા હતા



પોલીસ તપાસ દરમિયાન ઝડપી પાડવામાં આવેલા ઈસમોની ઓળખ આકાશ વણઝારા અને મુકેશ વણઝારા તરીકે થઈ છે આ બંને ઈસમોની પાસે તથા વાહનોમાંથી અલગ અલગ બ્રાન્ડની કુલ ૧૪૮૫ બોટલ વિદેશી દારૂ મળી આવ્યો હતો પોલીસે દારૂનો મોટો જથ્થો કબ્જે લઈ બંને વાહનો આશરે ૬ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળે છે પ્રાથમિક તપાસમાં દારૂની હેરાફેરી અને ગેરકાયદેસર રીતે પરિવહન કરાતું હોવાનું સામે આવતાં જીલ્લા એલસીબી પોલીસે આરોપીઓ સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે જોકે આ સમગ્ર ઘટનાને લઈ વિસ્તારમાં ચર્ચાનો વિષય બન્યો છે કે જો હજુ વધુ તપાસ કરવામાં આવે તો વિદેશી દારૂ પોલીસને હાથ લાગે તેમ છે પરંતુ દારૂનો જથ્થો ક્યાંથી લવાયો અને ક્યાં પહોંચાડવાનો હતો તે દિશામાં પોલીસે તપાસ શરૂ કરી છે.

## ઉનાના સૈયદ રાજપરા ગામે ખેડુત પર દીપડાએ કર્યો હુમલો

**અબતક, ઉના**



ઊના તાલુકાના સૈયદ રાજપરા ગામના રામાભાઈ ભગવાનભાઈ ચૌહાણ ઉ. વ. ૫૦ પોતાની સૈયદ રાજપરા ગામની સીમમાં આવેલ વાડીએથી ખાણ ગામે વ્યક્તિના ઘરે બેસવા જતા હતા ત્યારે રોડ ની સાઈડમાં ઝાડીમાં શિકારની લાલચ માં છૂપાયેલ દીપડા એ રામા ઉપર તરાપ મારી હુમલો કરી પંજાના નહોર ભરાવી પછાડી દીધેલ અને રામાભાઈ પ્રતિકાર કરી દીપડા સાથે બાથ ભીડી દીપડાને ભગાડી મુકેલ અને તુરંત તેમના દીકરા ધનસુખ ને મોબાઈલ ફોન કરી સ્થળ ઉપર બોલાવતા તે પહોંચી ગયો હતો અને પિતાને પ્રથમ સિમર સામુહિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર આપી વધુ સારવાર માટે ઊનાની ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા હતા આ અંગે વન વિભાગને જાણ કરતા સ્ટાફ હોસ્પિટલે ઈજાગ્રસ્તનું નિવેદન નોંધી સૈયદ રાજપરા ગામની સીમ પાંજરું ગોઠવી દીપડાને પકડવા તજવીજ શરૂ કરી છે.

## વિસાવદરના ગુજસીટોકના આરોપી ઈમ્તીયાઝ ઉર્ફે પોપટની ધરપકડ

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનાગઢ એસ.ઓ.જી. એ વિસાવદરના ગુજસીટોકના ગુન્હામાં આઠેક માસથી નાસતા ફરતા આરોપી ઈમ્તીયાઝ ઉર્ફે પોપટને વિસાવદર ખાતેથી પકડી પાડી, વધુ કાર્યવાહી માટે વિસાવદર પોલીસને સોંપી દેવામાં આવ્યો હતો.




જૂનાગઢ એસ.ઓ.જી.ને ચોક્ક્સ બાતમી રાહે હકિકત મળેલ કે, વિસાવદર ગુજસીટોકના ગુનાનો નાસ્તો ફરતો આરોપી ઈમ્તીયાઝ ઉર્ફે પોપટ જાવીદભાઈ બ્લોચ (રહે.વિસાવદર, હનુમાનપરા, શેરી નં.૧) વિસાવદર ખાતે હોય તેવી ચોકકસ હકીકતના આધારે એસ.ઓ.જી. એ આરોપી ઈમ્તીયાઝ ઉર્ફે પોપટ બ્લોચને વિસાવદર ખાતેથી હસ્તગત કરી વિસાવદર પોલિસ સ્ટેશનમાં વધુ કાર્યવાહી માટે સોંપી આપવામા આવ્યો હતો.

પોલીસમાંથી જાણવા મળેલ વિગતો મુજબ, વિસાવદર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુજરાત કંટ્રોલ ઓફ ટેરીઝમ એન્ડ ઓર્ગેનાઈઝડ ક્રાઈમ એકટના કામે મુખ્ય જીલ્લા ન્યાયાલય રાજકોટ દ્વારા આરોપી ઈમ્તીયાઝ ઉર્ફે પોપટ જાવીદભાઈ બ્લોચના જામીન રદ થયેલ હોય, જેનુ મુખ્ય જીલ્લા ન્યાયાલય રાજકોટ દ્વારા વોરંટ ઈસ્યુ થયેલ હોય અને છેલ્લા આઠેક માસથી આરોપી નાસ્તો ફરતો હતો, ત્યારે જુનાગઢ એસ.ઓ.જી. એ નાસતા ફરતા આરોપીને પકડી પાડયો હતો.

## સુરેન્દ્રનગરઃ દારૂ અને હથિયારના ગુનામાં વોન્ટેડ આદમ માણેક ઝડપાયો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



સુરેન્દ્રનગર જીલ્લામાં અલગ અલગ ગુન્હાઓમાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડવા પોલીસ દ્વારા ખાસ ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે સુરેન્દ્રનગર એ-ડિવિઝન પોલીસે શહેરી વિસ્તારમાં પેટ્રોલિંગ હાથ ધર્યું હતું જે દરમ્યાન છેલ્લા બે વર્ષથી અલગ અલગ પોલીસ મથકના પ્રોહીબીશનના ગુન્હામાં નાસતો ફરતો આરોપી શહેરના વડનગર વિસ્તારમાં હોવાની બાતમીનાં આધારે ટીમે સ્થળ પર પહોંચી આરોપી આદમ સલીમભાઈ માણેક,રહે.બસ સ્ટેન્ડ પાછળ, સુરેન્દ્રનગર વાળાને ઝડપી પાડ્યો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે ઝડપાયેલ આરોપી વિરુદ્ધ એ-ડિવિઝન, બી-ડિવિઝન, વઢવાણ પોલીસ મથકમાં પ્રોહીબિશન તેમજ હથિયાર ધારા હેઠળ ૧૩ જેટલા ગુન્હાઓ નોંધાયા હોવાનું બહાર આવ્યા હતું.

## ગીરગઢડાના ઉમેદપરા ગામે દારૂ બીયરનો જથ્થો ઝડપાયો

### રેઢી કારમાંથી અડધા લાખનો શરાબ મળ્યોઃ આરોપીની શોધખોળ

**અબતક, ઉના**

ગીરગઢડા પોલીસે ઉમેદપરા ગામ પાસે બિન વારસી કારમાંથી ઈંગ્લીશ દારૂ અને બિયર કબજે કરી આરોપી ને શોધવા તપાસ શરૂ કરી છે.

ગીરગઢડા પોલીસ સ્ટેશન ના ઈનચાર્જ પી આઈ. એમ. કે. વણારકા , અને એન. એ. વાઘેલા અને એ. એસ. આઈ. ધીરેન્દ્રસિંહ જશાભાઈ સિંધવ અને સ્ટાફ પેટ્રોલિંગ માં હતો ત્યારે ગીર ગઢડા તાલુકાના ઉમેદ પરા ગામમાં શંકર ના મંદિર પાસે એક સફેદ કલર ની મારૂતિ સ્વીફ્ટ મોટર કાર નંબર GJ 36 B 6060 ઊભી હતી જે ની તપાસ કરતા કારમાં છૂપાવેલ પર પ્રાંતનો ઈંગ્લીશ દારૂ ની બોટલ અને બિયરના ટીન નગ ૯૨ જેની કિંમત રૂપિયા ૪૯૪૮૦/ અને બે લાખ રૂપિયા ની મોટર કાર મળી કુલ ૨,૪૯,૪૮૦/નો મુદામાલ કબજે કરી કારના માલિક અને કારમાં મુસાફરી કરી રહેલ અજાણ્યા શખ્શો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## ઉનાના નલીયા માંડવી ગામે આર.ટી.આઈ.ના મામલે યુવક પર હુમલો

### ગ્રામ પંચાયતની માહિતી માંગ્યાનો ખાર રાખી ચાર શખ્સોએ મારમાર્યો

**અબતક, ઊના**

ઊના તાલુકાના નલિયા માંડવી ગામે રહેતા રજાક ભાઈ દાદાન ભાઈ સુમરા એ નલીયા માંડવી ગ્રામ પંચાયત ની માહિતી મેળવવા આર. ટી. આઈ. ની અરજી કરેલ હોય તે બાબતે મનદુઃખ રાખી નલિયા માંડવી ગામ ના સરફરાજ હુસેન સુમરા, રફીક ઈસ્માઈલ સુમરા, શાહનવાઝ હુસેન સુમરા, સાજીદ ઈસ્માઈલ સુમરા એ એક સંપ કરી રજાક ભાઈ ને કહેલ કે તે આર. ટી. આઈ. ની અરજી કેમ કરી છે તેમ કહી ભૂંડી ગાળો આપી ઢીકાપાટું નો આડેધડ માર મારી ઈજા કરી હવે અરજી કરી છે તો જાન થી મારી નાખવા ની ધમકી આપી હતી. જ્યારે લોકો મારતા હતા ત્યારે રજાક ભાઈ ની પત્ની અને અન્ય લોકો આવી જતા પ્રથમ ઊના સરકારી હોસ્પિટલ લે અને ત્યાર બાદ વેરાવળ સારવાર માટે ખસેડાયા હતા. નવાબંદર મરીન પોલીસ સ્ટેશન એ ચાર સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

## પડધરીના ખંભાળા ગામના ભાઈ-બહેનના ત્રાસથી રાજકોટના દુધના ધંધાર્થીનો આપઘાત

### મહિલા વકીલે કહ્યું મારા પતિને મારી નાખો અને બનાવને અકસ્માતમાં ખપાવી દઈશું, આધેડે ઈનકાર કરતા પ્લાન્ટની તાળા મારી દીધાઃ આધેડે સાતોદડ પાસે ઝેર પી પરિવારને વીડિયો કોલ કર્યો

**અબતક, રાજકોટ**

શહેરના રેલનગર વિસ્તારમાં શામજીકૃષ્ણ વર્મા ટાઉનશિપમાં રહેતા દૂધના ધંધાર્થી આધેડે ઝેરી દવા પી આપઘાત કર્યો હતો. જે અંગે આધેડની પત્નીની ફરિયાદ પરથી પડધરીના ખંભાળા ગામે રહેતા એડવોકેટ ભાઈ-બહેન વિરુદ્ધ આપઘાતની ફરજ પાડવા અંગે ગુનો નોંધાયો છે. આરોપીની ખંભાળા ગામે આવેલી જગ્યામાં દૂધનો પ્લાન્ટ શરુ કર્યા બાદ તેમની પાસેથી ઉછીના પૈસા લીધા હતાં. જેના બદલામાં મહિલા એડવોકેટે આધેડને તેના પતિને મારી નાખવા અને બનાવને અકસ્માતમાં ખપાવવા અંગેનો પ્લાન જણાવી આવું કરવા માટે કહેતા આધેડે તેનો ઈનકાર કરતા ભાડાના હિસાબમાં ગોટાળો છે કહી પ્લાન્ટને તાળુ મારી દેતા અને આ બાબતે ત્રાસ આપતા ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો.બનાવની જાણવા મળતી વિગતો મુજબ, રેલનગર શ્યામજી કૃષ્ણવર્મા ટાઉનશીપ ૨૦૩ રહેતા કાજલબેન નિલેશભાઈ હિંડોચા (ઉ.વ. ૪૫) દ્વારા નોંધાવવામાં આવેલી ફરિયાદમાં આરોપી તરીકે પડધરીના ખંભાળા ગામે રહેતા જયદીપ મનજીભાઈ પાચાણી અને ધર્મિષ્ઠાબેન મનજીભાઈ પાંચાણી સામે જામકંડોરણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પતિ નિલેશભાઈ શાંતિભાઈ હિંડોચાએ ગત તા. ૧૮/૪ ના જામકંડોરણાના સાતોદડ પાસે ઝેરી દવા પી આપઘાત કરી લીધો હતો.

વધુમાં જણાવ્યું હતું કે, તેમના પતિ નિલેશભાઈ તથા ભાર્ગવભાઈ ભરતભાઈ ભદ્રા (રહે.રેલનગર) તથા પૂર્વીબેન કેતનભાઈ ત્રિવેદી (રહે. ગાંધીગ્રામ) ત્રણેય પાર્ટનરમાં પડધરીના ખંભાળા ગામે જયદીપ પાંચાણીનું મકાન રૂપિયા ૧૫,૦૦૦ લેખે ભાડે રાખ્યું હતું અને દૂધનો પ્લાન્ટ ફીટ કરી અલગ અલગ દૂધની બનાવટો બનાવી વેચાણ કરતા હતા. જેનું નિયમિત ભાડું જયદીપને આપતા હતા. વર્ષ ૨૦૨૪ ના ફેબ્રુઆરી મહિનામાં જયદીપ તથા ધર્મિષ્ઠા પાસેથી ફરિયાદીના પતિએ રૂ.૨ લાખ ૨ માસ માટે ઉછીના લીધા હતા. ફરિયાદીના પતિ પાસે પૈસાની ઉઘરાણી કરતા હોય જેથી બંનેને દૂધના પ્લાન્ટે બોલાવતા જયદીપ તથા તેની બહેન ધર્મિષ્ઠા અહીં આવ્યા હતા ત્યારે ફરિયાદીના પતિએ રૂ. ૧ લાખ રોકડા ધર્મિષ્ઠાને આપ્યા હતા અને રૂ. ૧ લાખ દેવાના બાકી હતા તે વખતે ધર્મિષ્ઠાએ તેના પતિનો ફોટો બતાવી કહ્યું હતું કે, નિલેશભાઈ મારા પતિએ મૈત્રી કરાર કરી લીધો છે જેથી તેને મારી નાખવો છે મારા પતિને મારવાનું કામ તમારે કરવાનું છે મારા પતિને આપણે એક્સિડન્ટનો પ્લાન બનાવી મારી નાખવાનો છે બાકીનું બધું હું જોઈ લઈશ હું તમને કંઈ નહીં થવા દઉં મારા પતિનો એક કરોડનો વીમો છે તેમાં હું તમને ભાગ પણ આપીશ આ વાત ફરિયાદીના પત્નીએ પણ સાંભળી હોય જેથી ધર્મિષ્ઠા તથા તેનો ભાઈ ગયા બાદ તેમણે પતિને આવું કંઈ ન કરવાનું કહેતા તેણે કહ્યું હતું કે, હું ખાલી હા કહેતો હતો આપણે એવું કંઈ કરવું નથી ત્યારબાદ ધર્મિષ્ઠા અવારનવાર ફરિયાદીના પતિને ફોન કરતા નિલેશભાઈ સતત ચિંતામાં રહેતા હતા.નિલેશભાઈએ ખંભાળાના સરપંચ અશ્વિનભાઈ પટેલને આ બાબતે વાત કરતા તેણે કહ્યું હતું કે હું જયદીપને સમજાવીશ.જયદીપ તથા તેની બહેન ધર્મિષ્ઠા અને તેના માતા પિતા હાજર હોય તે વખતે ભાઈ-બહેનને કહ્યું હતું કે અમારે ધંધો બંધ છે તમે મકાનને તાળુ મારી દીધું છે. હિસાબ ફરીથી કરવો પડશે તેમ ભાઈ બહેને કહ્યું હતું. જેથી નિલેશભાઈએ કહ્યું હતું કે, જો તમે તાળું નહીં ખોલો તો મારે દવા પીવાનો વારો આવશે તેમ કહેતા બાદમાં તારીખ ૧૮/૪/૨૦૨૫ ના અશ્વિનભાઈને આ બાબતે કહેતા તેમણે પણ હાથ ઊંચા કરી દીધા હતા બાદમાં દિનેશભાઈએ પત્નીને કહ્યું હતું કે હું વકીલ પાસે જઈને આવું છું. પાર્ટનર ભાર્ગવભાઈ ભદ્રા તથા પત્ની અને દીકરીને વોટસએપમાં સ્યુસાઈડ નોટ મોકલી હતી અને બાદમાં ફોન બંધ કરી દીધો હતો. જેથી તેમને શોધવા નીકળ્યા હતા બાદમાં ચારેક વાગ્યે દીકરીના ફોનમાં વીડિયો કોલ આવ્યો હતો તે વખતે દીકરીએ પૂછ્યું હતું પપ્પા તમે ક્યાં છો? જેથી તેમણે કહ્યું હતું કે હું ઘરે નહીં આવું મેં ધર્મિષ્ઠાબેન તથા તેના ભાઈ જયદીપ બંનેના માનસિક ત્રાસના કારણે ઝેરી દવા પી લીધી છે વિડીયોકોલ માં જામકંડોરણા તાલુકાના સાતોદડ ગામે આવેલ સુરાપુરા દાદાનું મંદિર દેખાઈ રહ્યું હતું જેથી પરિવાર એ તેમને કહ્યું હતું કે અમે ત્યાં આવીએ છીએ પરંતુ નિલેશભાઈએ કહ્યું હતું કે તમે અહીંયા નહીં પહોંચી શકો બાદમાં અહીં પહોંચી નિલેશભાઈને સારવાર માટે હોસ્પિટલ લઈ જતા તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા. જેથી આ અંગે નિલેશભાઈના પત્નીએ ખંભાળાના એડવોકેટ ભાઈ બહેન જયદીપ પંચાણી અને ધર્મિષ્ઠા પંચની વિરુદ્ધ આ ફરિયાદ નોંધાવી છે.

## પાટડીના ખારાઘોડા ગામે સાત ગેસ સિલિન્ડરની ચોરી

### ગેસ સિલિન્ડરની ચોરી અટકાવવા પોલીસને રજુઆત

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



પાટડી તાલુકાના ખારાઘોડા ગામમાં આવેલ અલગ અલગ બે સોસાયટીઓ ખોડિયારનગર અને જગદીશ સોસાયટીમાં અનેક પરિવારો વસવાટ કરે છે. પરંતુ આ બન્ને સોસાયટીના રહીશોને ઘર બહાર ગેસ સિલિન્ડર રાખવા મોંઘા પડ્યા છે. જેમાં ગેસ સિલિન્ડર ઘર બહાર રાખતા તસ્કર ટોળકીને મોકળુ મેદાન મળી જતા છેલ્લા ૦૧ મહીનામાં અલગ અલગ ૦૭ મકાનોની બહાર રાખેલ ગેસ સિલિન્ડરની ઉઠાંતરીના બનાવો બની ચૂક્યા છે. જે અંગે ભોગ બનનાર મકાન માલિક સહિતનાઓએ પોલીસ મથકે પ્રથમ અરજી બાદ પણ ચોરીનો બનાવ ન અટકતા મોટી સંખ્યામાં રહીશો રજૂઆત કરવા પાટડી પોલીસ મથકે પહોંચ્યા હતા અને તસ્કરો સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી. પાટડી પોલીસ મથકના પીઆઈ દ્વારા ખાત્રી આપવામાં આવી હતી

## માણાવદરઃ ઓનલાઈન જુગાર રમતો એક ઝડપાયો

### મૂળ માણાવદરના હાલ દુબઈ સ્થિત શખ્સને પકડવા પોલીસે તજવીજ હાથ ધરી

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જુનાગઢ પોલીસે માણાવદરમાંથી ક્રિકેટ લોટરી કેસીનો વિગેરે અલગ અલગ ગેમીગની રમતો મળી તીનપતી ૨૦/૨૦ નામની ગેમમાં પૈસાની હારજીતનો ઓનલાઈન જુગાર પકડી પાડી, માણાવદરને એક શખ્સને ઝડપી લીધો છે, તથા આ ગુન્હાનું પગેરું છેક દુબઈ નીકળયું.

માણાવદરના સિનેમા ચોક વિસ્તારમાં જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચ એ રાત્રિના પોણા બે વાગ્યાના અરસામાં બાતમીના આધારે રેઈડ કરી તપાસ કરતા, ઉદય ભરતભાઈ કાછેલા (રહે.માણાવદરના બહારપરા વ્રજ એપાર્ટમેન્ટ બ્લોક નં.૨૦૪) એ રાજા એકચેન્જ નામની આઈ.ડી. મારફત ક્રિકેટ લોટરી કેસીનો વિગેરે અલગ અલગ ગેમીગની રમતો મળી તીનપતી ૨૦/૨૦ નામની ગેમમાં પ્લેયર એ તથા પ્લેયર બી સાથે પૈસાની હારજીતનો ઓનલાઈન જુગાર રમી રમાડી, ગુગલ પે નંબર ૮૯૦૫૪૧૦૨૧૦ મારફત આરોપી ઉદય કાછેલા હાજર નહી મળી આવેલ વિરેન જમનભાઈ પરમાર (રહે. માણાવદર એસ.બી.આઈ. કોલોની પાસે, હાલ દુબઈ) સાથે પૈસાની હાર જીતનો ઓનલાઈન જુગાર રમી રમાડતો મળી આવતા ક્રાઈમ બ્રાન્ચે આરોપી ઉદય ભરતભાઈ કાછેલા સામે માણાવદર પોલીસ સ્ટેશનમાં ગુન્હો દાખલ કરાવતા માણાવદર પોલીસે આ કેસની વધુ તપાસ હાથ ધરી છે.

## ગાંધીધામઃ ચોરાઉ બાઈક સાથે તસ્કર ઝડપાયો

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**



એ ડિવિઝન પીઆઈ એમ.ડી ચૌધરીએ પોલીસ સ્ટાફના માણસોને મિલ્કત સંબધી ગુના કામેના આરોપી તથા ચોરીમાં ગયેલ મુદ્દામાલ શોધી કાઢવા સુચના આપેલ હોવાથી સર્વેલન્સ સ્ટાફના પોલીસ કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ખાનગી રાહે મળેલ બાતમી હકિકત આધારે અગાઉ મો.સા. ચોરીના ગુન્હામાં પકડાયેલ ઈસમ પેરાજભાઈ ઉર્ફે પેરૂ પચાણભાઈ મહેશ્વરીને ચોરી કરેલ 30,000 ની કિંમતની એક્સેસ મો.સા. સાથે ભારતનગર રેલ્વે ઝુપડા પાસેથી પકડી પાડી મુદ્દામાલ કબજે કરી પોલીસ સ્ટેશન લાવી તેના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## માંગરોળના વાડલા ગામે પતંગ ચગાવતા સીડી પરથી પટકાતા બાળક ગંભીર

**અબતક રાજકોટ**

ઉતરાયણનો તહેવાર નજીક આવી રહ્યો છે ત્યારે પતંગ ચગાવવાના શોખમાં બાળકો અકસ્માતનો ભોગ બને છે ત્યારે માંગરોળ તાલુકાના વાડલા ગામે રહેતા ૭ વર્ષીય બાળકનો પતંગ ચગાવવા જતી વખતે અગાસીની સીડી પરથી પગ લપસી જતાં નીચે પટકાતા માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી રાજકોટ સિવિલમાં ખસેડવામાં આવ્યો છે

આ અંગે પ્રાપ્ત વિગતમુજબ વાડલા ગામના રહેવાસી અને વ્યવસાયે રિક્ષાચાલક એવા ફિરોજભાઈ સલવાણીનો ૭ વર્ષનો પુત્ર આફ્દિી ફિરોજભાઈ સલવાણી ગઈકાલે સવારે પોતાના ઘરની અગાસી પર પતંગ ચગાવવા જઈ રહ્યો હતો દરમિયાન અચાનક સીડી પરથી પગ લપસી જતાં તે નીચે પટકાયો હતો. પટકાવાને કારણે તેને માથાના ભાગે ગંભીર ઈજા થઈ હતી. ઘટનાને પગલે પરિવારજનો તાત્કાલિક બાળકને સારવાર માટે જૂનાગઢ હોસ્પિટલ લઈ ગયા હતા. જોકે, ઈજા ગંભીર હોવાથી વધુ સારવાર અર્થે તેને રાજકોટની સિવિલ હોસ્પિટલમાં રીફર કરવામાંઆવ્યો હતો. ફિરોજભાઈને બે પુત્રો છે, જેમાં આફ્દિી નાનો પુત્ર છે. યોગ્ય સારવાર મળતા હાલ આફ્દિીની તબિયતમાં સુધારો છે અને તેની હાલત સ્થિર છે.

## ધોરાજીના ઉમરકોટની સગીરાનો ગળેફાંસો ખાઈ કર્યો આપઘાત

### માતા પિતાએ ઘરકામ કરવા બાબતે ઠપકો આપતા પુત્રીએ ભર્યું પગલું

**અબતક રાજકોટ**

ધોરાજીના ઉમરકોટ ગામની સીમમાં ખેત મજૂરી કરી રહેતા મધ્યપ્રદેશના આદિવાસી પરિવારની ૧૪ વર્ષની દીકરીએ માતાએ ઘર કામ અંગે આપેલા ઠપકાથી માથું લગાડી ગળે ફાંસો ખાય આત્મહત્યા નો બનાવ નોંધાયો છે. આ અંગે પ્રાપ્ત વિગત મુજબ ધોરાજીના ઉમરકોટ ગામે સીમમાં ખેતી કામ કરવા માટે રહેતા મૂળ મધ્ય પ્રદેશ ના ખેત મજુર સુનિલભાઈ ચીગોડા અને પત્ની સહિતના પરિવારજનો ગઈકાલે ખેતરે કામ કરવા ગયા હતા ત્યારે ઘેર રહેલી ૧૪ વર્ષની દીકરી અરુણાબેન ને પોતાના ઘરમાં ગળે ફાંસો ખાય આત્મહત્યા કરી લીધી હતી, પરિવારજનો ઘેર આવ્યા ત્યારે દીકરી છત પર લટકતી જોવા મળી હતી, દીકરીનો નિષ્પ્રાણ દેહ જોઈ માતા-પિતા કરુણઆક્રંદ મચી ગયો હતો, સુનિલભાઈ ને સંતાનમાં ત્રણ દીકરીઓ હોય આપઘાત કરનાર અરુણાબેન સૌથી મોટી હોય બે દિવસ પહેલા માતા પિતાએ અરુણાબેન ને ઘરનું કામ કરવા બાબતે ઠપકો આપ્યો હોય જેનું માઠુ લગાડી અરુણાબેન એ આપઘાત કરી લીધો હોવાનું પિતાએ જણાવ્યું હતું આગે ધોરાજી પી.આઈ ગોસાઈએ તપાસ હાથ ધરી છે

## પડધરી નજીક અકસ્માતમાં પરપ્રાંતીય શ્રમિકનું મોત

### ડમ્પરની સાઈડ કાપવાની ઉતાવળમાં બાઈકને લીવર મારતા કાબૂ ગુમાવ્યોઃ છ સંતાનોએ પિતાની છત્રછાયા ગૂમાવી

**અબ તક, રાજકોટ**

મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના વતની અને હાલ પડધરીના ઉકરડા ગામે વાડીએ ખેતમજૂરી કામ કરનાર યુવાન બાઈક લઈ જતો હતો ત્યારે કાબુ ગુમાવતા બાઈક સ્લીપ થતા રોડ પર પટકાયો હતો. અકસ્માતમાં યુવાનને માથાનાભાગે ગંભીર ઈજા પહોંચતા તેને સારવાર મળે તે પૂર્વે જ મોત થયું હતું. બનાવને લઈ પરિવારમાં માતમ છવાઈ ગયો હતો.

અકસ્માતના આ બનાવની જાણવા મળતી વિગતો મુજબ, મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના ડુંગરવા ગામના વતની અને હાલ પડધરી તાલુકાના ઉકરડા ગામ પાસે વાડીએ ખેત મજૂરી કામ કરનાર યુવાન પ્રતાપ સુરલા મેડા (ઉ.વ. ૩૨) ગઈકાલે બપોર બાદ ૩:૪૫ વાગ્યા આસપાસ બાઈક લઈને જતો હતો. દરમિયાન ઉકરડા પડધરી રોડ પર સાનવી કંપની સામેના રોડ પાસે બાઈક સ્લીપ થઈ જતા યુવાન રોડ પર પટકાતા તેને માથાનાભાગે ગંભીર ઈજા પહોંચી હતી. જેથી તેને સારવાર માટે પડધરી સરકારી હોસ્પિટલ ખસેડવામાં આવતા અહીં ફરજ પરના તબીબે જોઈ તપાસી યુવાનને મૃત જાહેર કર્યો હતો.

અકસ્માતના આ બનાવની વધુમાં જાણવા મળતી વિગતો મુજબ, બનાવ અંગે યુવાનના ભાઈ વેસ્તા સુરલા મેડા (ઉ.વ.. ૩૮ રહે. હાલ બાદલપુર તા. જોડિયા, મૂળ અલીરાજપુર) દ્વારા નોંધવામાં આવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, ગઈકાલે તે તેના ભાઈ પ્રતાપભાઈ જ્યાં ખેતમજૂરી કામ કરે છે ત્યાં ઉકરડા ગામે ગયા હતા. ત્યાંથી જમીને તે તથા તેમનો ભાણેજ રાહુલ બંને એક બાઈક પર બાદલપુર જવા માટે નીકળ્યા હતા જ્યારે તેનો નાનો ભાઈ પ્રતાપ પોતાનું બાઈક નંબર એમપી ૬૯ ઝેડબી ૫૯૬૧ લઈ બીજી વાડીએ જોતો હતો. દરમિયાન થોડેક આગળ જતા ઉકરડા પડધરી રોડ પર આગળ જતા એક ડમ્પરની સાઈડ કાપવા તેણે લીવર મારતા બેલેન્સ ગુમાવ્યું હતું અને તેનું બાઈક સ્લીપ થઈ જતા તે રોડ પર પટકાયો હતો જેમાં તેનું મોત થયું છે. યુવાન છ ભાઈ ત્રણ બહેનના પરિવારમાં વચેટ હતો અને તેને સંતાનમાં બે પુત્ર અને ચાર પુત્રી હોવાનું જાણવા મળ્યું છે. બનાવને પગલે યુવાનના પરિવારમાં માતમ છવાય ગયો હતો.

## ધ્રાંગધ્રાઃ ચાઈનીઝ દોરીના જથ્થા સાથે બે પકડાયા

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધાંગધ્રા સીટી પોલીસ સ્ટાફ પેટ્રોલિંગમાં હોય ત્યારે મેળાના મેદાન પાસેથી બે યુવાનોને મોટરસાયકલ માં ચાઈનીઝ દોરીના ફીરકા લઈને જતા ધર્મેશભાઈ વાલજીભાઈ ઠાકોર રહે બુટવડા હળવદ તથા સંજયભાઈ ગણેશભાઈ ઠાકોર રહે બુટવાડા હળવદ વાળા ને ઝડપી લેવામાં આવ્યા હતા જેમાં પોલીસે ૩૪ નંગ ફીરકી મોટરસાયકલ સહિત ૩૦,૨૦૦ નો મુદ્દામાલ ઝડપી વધુ કાર્યવાહી માટે ધાંગધ્રા સીટી પોલીસમાં સુરેન્દ્રનગર જિલ્લા મેજિસ્ટ્રેટના જાહેરનામાનો ભગ બદલ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી

# અમરેલી: ખેલમહાકુંભમાં ગજેરા કેમ્પસના ખેલાડીઓનો દબદબો

### ખેલાડીઓએ ૨૨ મેડલ મેળવી કુસ્તી સ્પર્ધામાં રાજયકક્ષાએ રમવા જશે



**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

ખેલ મહાકુંભ જિલ્લા કક્ષાની અંન્ડર-૧૪,૧૭ અને ઓપન એજ ભાઈઓ -બહેનો કુસ્તી ગેમ ચેમ્પિયનશીપનું આયોજન લાઠી મુકામે થયું હતું. જ્યાં અલગ-અલગ તાલુકાના કુસ્તી રમતના ખેલાડીઓએ પાર્ટીશીપેશન કરેલ. તેમાં શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલના કુસ્તી ગેમના ખેલાડીઓએ અમરેલી તાલુકા તરફથી પાર્ટીશીપેશન કરેલ. જેમાં બહોળી સંખ્યામાં અલગ-અલગ તાલુકાના ખેલાડીઓ એ પાર્ટીસિપેટ કરેલ હતું. ખેલાડીઓ પૈકી શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ વિદ્યાસભા સ્કૂલના ખેલાડીઓએ અમરેલી જિલ્લામાં પ્રથમ સ્થાન મેળવેલ. ૧૪ સુવર્ણ પદક, ૬ રજત પદક અને ૨ કાંસ્ય પદક પ્રાપ્ત કર્યા છે જે ખરેખર ગુજરાત રાજય અને અમરેલી જિલ્લા માટે ગૌરવની વાત છે આ સિધ્ધી મેળવનાર ખેલાડીઓમાં ૧) ધાંધલા વિધિ ૪૦ કિલો અંડર-૧૭, ૨) પેથાણી કાવ્યા ૩૬ કિલો અંડર-૧૪, ૩) ચૌહાણ પૂજા ૪૩ કિલો અંડર-૧૭, ૪) ચારણીયા પ્રથા ૪૬ કિલો અંડર-૧૭, ૫) પંડ્યા રુદ્રિકા ૪૯ કિલો અંડર-૧૭, ૬) અજાણી જેની ૫૩ કિલો અંડર-૧૭, ૭) સુવર્ણ પદક પ્રાપ્ત કરેલ. સંસ્થામાં તજજ્ઞો દ્વારા શિક્ષણ કાર્ય તેમજ વિદ્યાર્થીઓએ રમત-ગમત ક્ષેત્રે સતત અનુભવી કોચ દ્વારા પ્રશિક્ષણ મેળવી સિધ્ધિઓ પ્રાપ્ત કરેલ છે તે બદલ સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ, મનસુખભાઈ ધાનાણી તેમજ કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ ખેલાડીઓને અને કોચ ધ્રુવરાજસિંહ ગોહિલ , ટ્રેનર- કૃપા ચૌહાણ ને અભિનંદન પાઠવ્યા હતા.

# મોરબીમાં રખડતા કુતરા પકડવા માટે મ.ન.પા. પાસે ગાડી જ નથી

### શહેરમાં કુતરા કરડવાની ઘટનાઓમાં ચિંતાજનક રીતે થાય છે વધારો

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી શહેરમાં રખડતા કુતરાઓના વધતા આતંક સામે સામાજિક કાર્યકરોએ અવાજ ઉઠાવ્યો છે. મહાનગરપાલિકાને એક વર્ષ પૂર્ણ થવા છતાં કુતરાઓ પકડવાની એક પણ ગાડી ઉપલબ્ધ નથી. ત્યારે ડોગ બાઈટના વધતા કેસો લોકોની જીવસલામતી માટે ગંભીર ચિંતા બની છે. હાલ આ મુદ્દે તાત્કાલિક પગલા લેવા મોરબીના સામાજિક કાર્યકરોએ મનપા કમિશ્નરને લેખિત રજૂઆત કરી છે.

મોરબીના સામાજિક કાર્યકરો રાજુભાઈ દવે, જગદીશભાઈ બાંભણીયા, રાણેવાડીયા દેવેશ મેરૂભાઈ, ગીરશભાઈ છબીલભાઈ કોટેચા વિગેરે દ્વારા મહાનગરપાલિકા કમિશ્નરને લેખિત રજૂઆત કરી મોરબી મહાનગરપાલિકાને એક વર્ષ પૂર્ણ થયું હોવા છતાં રખડતા કુતરાઓ પકડવા માટે આજદિન સુધી એક પણ ગાડી વસાવવામાં આવી નથી. ગાયો અને ખુટીયાઓ પકડવાની વ્યવસ્થા હોવા છતાં કુતરાઓ માટે કોઈ અસરકાર પગલા ન લેવાતા લોકોમાં ભારે અસંતોષ ફેલાયો છે. મહાનગરપાલિકા કચેરીના ગ્રાઉન્ડમાં પણ કુતરાઓ ખુલ્લેઆમ ફરતા જોવા મળે છે,વર્ષ ૨૦૨૫ દરમિયાન મોરબી શહેરમાં કુલ ૪૫૭૯ ડોગ બાઈટના કેસ નોંધાયા હતા, જ્યારે સમગ્ર વર્ષ દરમિયાન અંદાજે ૬૦૦૦થી વધુ કુતરાના બચકાના કેસ સામે આવ્યા હોવાનું જાણવા મળે છે. સને ૨૦૨૬ના માત્ર આઠથી દસ દિવસમાં જ ૨૫૦ ડોગ બાઈટના કેસ નોંધાતા સ્થિતિ વધુ ભયજનક બની છે.

આ સાથે સામાજિક કાર્યકરોએ માંગ કરી છે કે તાત્કાલિક રખડતા કુતરાઓ પકડવા માટે ખાસ ટીમની રચના કરવામાં આવે. નિયમ મુજબ વેકસિનેશન અને સ્ટરિલાઈઝેશનની પ્રક્રિયા અમલમાં મુકવા માટે જરૂરી પ્રશિક્ષિત સ્ટાફ, સાધનો અને વાહનો ઉપલબ્ધ કરાવવામાં આવે. જો સમયસર પગલા નહીં લેવામાં આવે તો આવનારા સમયમાં વધુ ગંભીર ઘટનાઓ સર્જાઈ શકે છે.

# મોરબી ટ્રાફિક શાખા દ્વારા ટુ-વ્હીલરોમાં સેફ્ટી ગાર્ડ લગાવાયા



**અબતક, ઋષી મહેતા, મોરબી**

મોરબીમાં મકરસંક્રાંતિ પર્વ દરમિયાન પતંગના દોરાથી થતા અકસ્માત અટકાવવા મોરબી ટ્રાફિક પોલીસે પહેલ કરી છે. જેમાં ટુ-વ્હીલરોમાં સેફ્ટી ગાર્ડ લગાવી વાહન ચાલકોને માર્ગ સલામતી અંગે માર્ગદર્શન અપાયું હતું.

મોરબીમાં રાષ્ટ્રીય માર્ગ સલામતી માસ-૨૦૨૬ અન્વયે તથા મકરસંક્રાંતિના તહેવારોને ધ્યાનમાં રાખી મોરબી ટ્રાફિક શાખા દ્વારા ખાસ કામગીરી હાથ ધરવામાં આવી હતી. પતંગના દોરાથી ટુ-વ્હીલર ચાલકોના ગળામાં ગંભીર ઈજા ન થાય તે માટે શહેરના અલગ અલગ પોઈન્ટ પર ટુ-વ્હીલર વાહનોમાં સેફ્ટી ગાર્ડ લગાવવામાં આવ્યા હતા. આ દરમિયાન મોરબી ટ્રાફિક શાખા પીઆઈ સહિતની ટીમ દ્વારા વાહન ચાલકોને જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું તેમજ સલામતીના નિયમોનું પાલન કરવા સમજાવવામાં આવ્યા હતા.

# ગાંધીધામ બીએસએફ કેમ્પસ ૮૫ બટાલીયા ખાતે વિરાંજલી વન બનાવાશે

### સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન દ્વારા વિરાજંલી વન બનાવી સરદાર પટેલની પ્રતિમાની સ્થાપના કરાશે

**અબતક, નવીનગીરી ગોસ્વામી, ભૂજ**



સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન સુરત દ્વારા ગાંધીધામ ખાતે બીએસએફ કેમ્પસ ૮૫ બટાલિયન ની મુલાકાત લેવામાં આવી હતી. આ અંગે વધુ માહિતી આપતા સંસ્થા ના પ્રમુખ ઘનશ્યામ બિરલા એ જણાવ્યું હતું કે તાજેતરમાં સરદાર પટેલ ની ૧૫૦ મી જન્મ જયંતિ ની શાનદાર ઉજવની કરવામાં આવી હતી ત્યારે સંસ્થા દ્વારા ૧૫૦ સરદાર વન બનાવવાનો સંકલ્પ લેવામાં આવ્યો હતો. તેને સાકર કરવા માટે બટાલિયનના સીઓ શિવકુમાર સાથે ચર્ચા કરીને એક સરદાર પટેલ વિરાજંલી વન બનાવવા માટે તેમજ સરદાર પટેલની પ્રતિમાનું સ્થાપન કરવા માટેની માહિતી આપવામાં હતી. જેની ટૂંક સમયમાં મંજૂરી આપીને કાર્ય કરવાની હૈયાધારણા આપવામાં આવી હતી આ ટૂરમાં સંસ્થાના મહેશ ક્યાડા તેમજ દુર્લભ નસિત સાથે જોડાયા હતા. સંસ્થા દ્વારા ગાંધીધામ કેમ્પના સીઓ તેમજ ડીઆયજીનું સ્મૃતિ ચિન્હ અને ગિફ્ટ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

# અરજદારોને હાલાકી: પોસ્ટ ઓફિસના પાસપોર્ટ વિભાગનું પાણીનું પરબ ખંઢેર હાલતમાં

**અબતક, જામનગર**



જામનગર શહેરના ચાંદી બજારમાં આવેલ પોસ્ટ ઓફિસની ઈમારતના પહેલા માળે કાર્યરત પાસપોર્ટ વિભાગમાં લાંબા સમયથી પાણીની પરબ બંધ હાલતમાં હોવાથી ખંડેર બની ગયું છે. રોજિંદા અનેક નાગરિકો પાસપોર્ટ સંબંધિત કામગીરી માટે અહીં આવે છે, ત્યારે પીવાના પાણીની સુવિધા મળતી ન હોવાથી હાલાકી પડે છે.

પોસ્ટ ઓફીસમાં ખંઢેર બની ગયેલા પાણીના પરબના કારણે કચરા પોસ્ટ જેવી સ્થિતિ સર્જાય રહી છે. તો બીજી બાજુ દૂર દૂરથી આવતા અરજદારો, વૃદ્ધો, મહિલાઓ અને બાળકો માટે મોટી સમસ્યા બની છે.

પાસપોર્ટ વિભાગમાં ઘણી વખત લાંબી લાઈનો રહેતી હોવાથી લોકોને કલાકો સુધી રાહ જોવી પડે છે. સરકારી કચેરીમાં મૂળભૂત સુવિધા તરીકે પીવાનું પાણી ઉપલબ્ધ કરાવવું જરૂરી છે. ત્યારે જવાબદાર તંત્ર દ્વારા તાત્કાલિક પાણીની પરબ શરૂ કરવામાં આવે તેવી લોકલાગણી ઉઠી રહી છે.

# અમરેલીમાં રાજયકક્ષાની મહિલા કબડ્ડી સ્પર્ધાનો ૨૭મીથી પ્રારંભ

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

સ્પોર્ટ્સ ઓથોરિટી ઓફ ગુજરાત, ગાંધીનગર અને જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર, અમરેલી દ્વારા ખેલ મહાકુંભ-૨૦૨૫ અંતર્ગત રાજ્યકક્ષાની બહેનોની કબડ્ડી સ્પર્ધાનું આયોજન અમરેલી ખાતે કરવામાં આવ્યું છે. આ સ્પર્ધા તા. ૨૭,૨૯,૩૧ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ યોજાશે.તા. ૨૭ જાન્યુઆરીએ અંડર-૧૪, ૨૯ જાન્યુઆરીએ અંડર-૧૭ અને ૩૧ જાન્યુઆરીએ ઓપન એજ કેટેગરીની સ્પર્ધા યોજાશે. સ્પર્ધાનું સ્થળ સરદાર પટેલ રમત સંકુલ, ચિત્તલ રોડ, ગોળ દવાખાનાની બાજુમાં અમરેલી રાખવામાં આવ્યું છે તેમ જિલ્લા રમત વિકાસ અધિકારીએ જણાવ્યું છે.

# લખતરની કુંભાર શેરી વિસ્તારની મહિલાઓએ પ્રાથમિક સુવિધા મુદે રજૂઆત

### રોડ રસ્તા, સ્ટ્રીટ લાઈટ, વાસ્મોની લીકેજ લાઈનો અંગે અનેક વખત રજૂઆત કરવા છતાં કોઈ જ ઉકેલ નહીં

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



લખતર શહેરમાં આવેલ અનેક વિસ્તારમાં પ્રાથમિક સુવિધાઓ નહીં મળતા સ્થાનિકોમાં રોષ જોવા મળી રહ્યો છે.અમુક વોર્ડમાં પ્રાથમિક સુવિધાઓ નહી મળતી હોવાની વ્યાપક ફરિયાદો ઉઠવા પામી છે.ત્યારે લખતર શહેરના કુંભાર શેરી સહિત આસપાસના વિસ્તારમાં તૂટેલા રોડ રસ્તા, સાફ સફાઈનો અભાવ, સ્ટ્રીટલાઈટ, વાસ્મોની લીકેજ લાઈનો જેવી અનેક સમસ્યાઓથી રહીશો, સિનિયર સીટીઝન, મહિલાઓ, બાળકો, રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે.

આથી અનેક સમસ્યાઓથી કંટાળીને કુંભાર શેરી વિસ્તારની મહિલાઓ પ્રાથમિક સુવિધા અંગે રજુઆત કરવા માટે લખતર ગ્રામ પંચાયત કચેરી, તાલુકા પંચાયત કચેરી ખાતે રજુઆત કરવા અધિકારી સમક્ષ દોડી ગઈ હતી. આ વિસ્તારની અંદર પાકા રોડ રસ્તા, સ્ટ્રીટલાઈટ, નિયમિત સાફ સફાઈ, વાસ્મો લીકેજ લાઈનો બંધ કરવા સહિતની સુવિધાઓ આપવાની માંગ કરી હતી.જ્યારે આગામી દિવસોની અંદર પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં નહી આવે તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલનની ચીમકી પણ ઉચ્ચારી હતી. જ્યારે તંત્ર દ્વારા આગામી દિવસોની અંદર વહેલી તકે પ્રાથમિક સુવિધાઓ પુરી પાડવામાં આવશે તેવી અધિકારીઓ દ્વારા ખાત્રી આપવામાં આવી હતી.

# જૂનાગઢ: આહિર સમાજ અગ્રણી સ્વ.સરમણભાઈ મારૂની પુણ્યતિથિ નિમિત્તે ૩૫૦ બોટલ રક્ત એકત્રિત

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**



જૂનાગઢના આહિર સમાજના અગ્રણી સ્વ.સરમણભાઈ મારૂની ૨૯મી પુણ્યતિથિ નિમિત્તે મહા રક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે એક્ત્રીત થયેલ ૩૫૦ થી વધુ લોહીની બોટલ જૂનાગઢ તથા રાજકોટની સિવિલ હોસ્પિટલને અર્પણ કરવામાં આવી હતી.

દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વ. સરમણભાઈ મારૂ પરિવાર દ્વારા સોરઠ - સૌરાષ્ટ્રમાં થેલેસેમીયા પિડીત બાળકોની સંખ્યા સતત વધી રહી છે અને એનિમિક દર્દીઓ, બ્લડ કેન્સર અને સગર્ભા મહિલાઓ માટે હોસ્પિટલોમાં લોહીની જરૂરીયાત સતત વધી રહી છે ત્યારે રક્તદાનથી કોઈને નવી જિંદગી અને સ્વાસ્થ્ય સુધરે તે હેતુથી જુનાગઢના મજેવડી ગેઈટ નજીક સ્થિત વેદ (સરમણ બિલ્ડર્સ) ખાતે રવિવારના રોજ સવારે ૧૦ થી સાંજે ૫ કલાક દરમિયાન મહારકતદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

મારૂ પરિવારના આ મહા રકતદાન કેમ્પના આયોજનમાં વિવિધ સેવાભાવી કાર્યો કરનારી સોરઠની સંસ્થાઓ જોડાઈ હતી. તે સાથે જુનાગઢ અને આસપાસના જિલ્લાઓના રાજકીય, સામાજિક, સેવાકીય અગ્રણીઓ, શ્રેષ્ઠીઓ તથા અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યાં હતાં અને જૂનાગઢના આહિર સમાજના અગ્રણી સ્વ. સરમણભાઈ મારૂની ૨૯મી પુણ્યતિથિ નિમિત્તે પુષ્પાંજલિ કરી, શ્રદ્ધાંજલિ અર્પણ કરી હતી.

(પહેલા પાનાનું ચાલું)

## ટ્રેડ ડિલ...

ભાગીદારી તરીકે વર્ણવ્યા.

આ નવા રાજદૂત ગોર, જે અમેરિકાના રાષ્ટ્રપતિ સાથે સારા સંબંધો ધરાવે છે, તેમણે સંબંધને કર અને બજાર પ્રવેશ જેવા વિવાદોથી આગળના તરીકે દર્શાવ્યા. તેમણે કહ્યું, ‘‘સાચા મિત્રો વચ્ચે અસંમતિ થઈ શકે છે, પરંતુ તેઓ હંમેશા તેમના મતભેદોનો ઉકેલ લાવે છે.‘‘ ‘‘અમેરિકા અને ભારત માત્ર સમાન હિતોથી જ નહીં, પરંતુ ઉચ્ચ સ્તરે મજબૂત સંબંધથી જોડાયેલા છે.‘‘

ગોરે કહ્યું કે ટ્રમ્પ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચેની મિત્રતા ‘‘સાચી‘‘ છે. તેમણે કહ્યું કે તેઓ આની સાક્ષી આપી શકે છે, કારણ કે તેઓ ‘‘રાષ્ટ્રપતિ ટ્રમ્પ સાથે વિશ્વભરમાં મુસાફરી કરી છે.‘‘

વેપાર કરાર અંગે રાજદૂતે કહ્યું, ‘‘તમારા ઘણા લોકોએ વેપાર કરારની વાતચીત પર અપડેટ પૂછ્યું છે.‘‘ ‘‘બંને પક્ષો હજુ પણ સક્રિયપણે વાત કરી રહ્યા છે.‘‘ ‘‘હકીકતમાં, વેપાર પર આગામી વાતચીત આજથી એટલે કે મંગળવારથી થશે. ભારત વિશ્વનો મહત્વનો મોટો દેશ છે. તેથી, આને પૂરો કરવો સરળ કામ નથી.‘‘ ભારત અને અમેરિકા વેપાર કરાર માટે લાંબી વાતચીત કરી રહ્યા છે. તેઓ બે અલગ વાતચીત કરી રહ્યા છે: એક અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ઉચ્ચ કરને ઉકેલવા માટેના માળખાના કરાર પર, અને બીજી વ્યાપક દ્વિપક્ષીય વેપાર કરાર પર.

વોશિંગ્ટને ૨૭ ઓગસ્ટથી ભારત પર ૫૦% કર લાદ્યા છે, જેમાં રશિયન ઈંધણ ખરીદવા માટે ૨૫% દંડ કરનો સમાવેશ થાય છે. અમેરિકા સાથેના પ્રસ્તાવિત કરારનો હેતુ હાલના ૧૯૧ બીલીયન ડોલરથી વેપારને બમણો કરીને ૨૦૩૦ સુધીમાં ૫૦૦ બીલીયન ડોલર કરવાનો છે. નાણાકીય વર્ષ ૨૦૨૫માં અમેરિકા ચોથા વર્ષે ભારતનો સૌથી મોટો વેપારી ભાગીદાર રહ્યો, જેમાં દ્વિપક્ષીય વેપાર ૧૩૧.૮૪ બીલીયન ડોલર હતો.

વેપારના મુદ્દાઓ વિવાદાસ્પદ છે તેમ છતાં, ગોરે ભારપૂર્વક કહ્યું કે ભાગીદારી કરથી આગળ વિસ્તરે છે. તેમણે કહ્યું, ‘‘વેપાર અમારા સંબંધ માટે ખૂબ મહત્વપૂર્ણ છે, પરંતુ અમે અન્ય મહત્વપૂર્ણ ક્ષેત્રો જેમ કે સુરક્ષા, આતંકવાદ વિરોધ, ઊર્જા, ટેક્નોલોજી, શિક્ષણ અને આરોગ્યમાં નજીકથી કામ કરીશું.‘‘ ભારતને વોશિંગ્ટનની વૈશ્વિક યોજના માટે અનિવાર્ય ગણાવતા રાજદૂતે કહ્યું, ‘‘કોઈ ભાગીદાર ભારત કરતા વધુ જરૂરી નથી. આગામી મહિનાઓ અને વર્ષોમાં, મારો ધ્યેય ખૂબ મહત્વાકાંક્ષી યોજના અનુસરવાનો છે. અમે આને સાચા વ્યૂહાત્મક ભાગીદાર તરીકે કરીશું, જેમાં દરેક તાકાત, આદર અને નેતૃત્વ લાવશે.‘‘

## જૈન બાળકી અરિહા શાહ...

તેમની દીકરી અરીહા શાહ જયારે તે માત્ર નવ મહિનાની હતી ત્યારે પરિવાર પાસેથી તેને લઈને જર્મની સરકારે ફોસ્ટર કેર સરકારી પાલક દેખભાળ સેન્ટરમાં રાખી દીધેલ છે. આજે ૪ વર્ષથી આ દીકરી માતાપિતાથી વિખુટી પડીને જર્મન સરકારના પાલક સેન્ટરમાં છે. જયારે અરીહા શાહ માત્ર ૯ મહિનાની હતી ત્યારે તેની માતા તેને ઓઈલનો મસાજ આપીને નવડાવી રહ્યા હતા ત્યારે દીકરી અકસ્માતે હાથમાંથી લપસી પડતા પ્લાસ્ટિકના ટબનો એક કિનારો દીકરીના બન્ને સાથળની વચ્ચે વાગ્યો હતો અને તેને થોડી ઈજા થઈ હતી. તુરંત જ દીકરીના માતાપિતા દીકરીને જર્મનીની હોસ્પિટલમાં લઈ ગયા હતા. હોસ્પિટલના સત્તાધીશોએ કહ્યું કે, આ ઈજા અંગત પાર્ટમાં છે માટે પોલીસ કેસ કરવો પડશે કારણ કે સેકસ્યુઅલ એસોલ્ટ પણ હોઈ શકે. માતાપિતાએ પોલીસ તપાસનો સામનો કર્યો અને પોલીસ દ્વારા ક્લીનચીટ મળી હતી આમ છતાં જર્મનીની સરકારે કહ્યુ કે તમને બાળકને સાચવતા આવડતું નથી માટે આ બાળકને સરકારી પાલક સેન્ટરમાં રાખી દેવાનું રહેશે. આજે ચાર વર્ષથી આ બાળકી માતાપિતાની છાયા વગર જર્મન સરકારના પાલક સેન્ટરમાં છે.

જૈન સમાજમાં કાંદા, લસણ કે કંદમૂળ ખવાતા નથી તેવા સમાજની દીકરી જર્મનીના પાલક સેન્ટરમાં પોતાના સંસ્કાર, ધર્મ અને પરંપરાને કેમ જાળવી શકે ? ચાર વર્ષ દીકરીને થઈ ગયા છે અને હવે પછી જો એ દીકરી જૈન સમાજના સંસ્કારો, ગુજરાતી ભાષા નહીં મેળવી શકે અને જર્મની બોલતી અને જર્મનીના સંસ્કારને સ્વીકારતી થઈ જશે તો પછી ભવિષ્ય માતાપિતા અને બાળકી માટે અંધકારમય બની જશે. યુએન અન્વેશનમાં સ્પષ્ટ નક્કી થયું છે કે દુનિયાના કોઈપણ બાળકને પોતાની સંસ્કૃતિ અને પોતાના સંસ્કાર જાળવી રાખવાનો સંપૂર્ણ અધિકાર છે. જર્મની સરકારની વધારે પડતી નફફટાઈ તો એ છે કે એક તો દીકરીને જબરજસ્તીથી પાલક સેન્ટરમાં રાખી છે અને ઉપરાંત ૨૦૨૪ સુધીનું પાલક સેન્ટરનું ખર્ચનું ૨૪ લાખ રૂપિયાનું બીલ બાળકીના માતાપિતાને આપ્યું છે. દર મહીને ૫૫ હજાર રૂપિયા પાલક સેન્ટરના ખર્ચના અને આ ઉપરાંત બીજા ખર્ચ ઉમેરીને પરિવાર ઉપર આર્થિક બોજો નાંખવામાં આવી રહ્યો છે.

જર્મની ખાતે ફોસ્ટર કેરમાં રાખવામાં આવેલ ગુજરાતના એક જૈન પરિવારની દીકરી અરીહા શાહને ન્યાય અપાવવા માટેની માંગણીની વિડીયો જોવા તેમજ સાંભળવા માટે આ સાથે સામેલ લીંક https://youtu.be/hRwVISMEi6M પર ક્લિક કરવા વિનંતી છે.

(છેલ્લા પાનાનું ચાલુ)

## પતંગોત્સવ...

ગરબાની રમી નવરાત્રીના પર્વ જેવો આનંદ ઉઠાવે છે. જયારે રાત્રિના સમયે ફટાકડા ફોડી આતશબાજી સાથે દિવાળીના પર્વનો આનંદ માણે છે.

ઉત્તરાયણ અને મકરસંક્રાતના પર્વનું ખગોળીય દ્રષ્ટિએ પણ ઘણું મહત્વ છે. મકરસંક્રાત એટલે સૂર્યનો ધન રાશિમાંથી મકર રાશિમાં પ્રવેશ અને આ દિવસ ૧૪ જાન્યુઆરી હોય છે. વળી ઉત્તરાયણ એટલે સૂર્યનુ વધુમાં વધુ દક્ષિણ દિશા તરફ જઈ ઉત્તર તરફની ગતિ ની શરૂઆત એટલે સૂર્યનુ ઉત્તર દિશામાં પ્રયાણ કરવું. આ દિવસ ૨૨ ડિસેમ્બર હોય છે.

આ દિવસે સૌર શિશિર ઋતુનો પ્રારંભ થાય છે અને ઉત્તર ગોળાર્ધ ના તમામ દેશો માં રાત્રીની લંબાઈ વધુ માં વધુ હોય છે. આ દિવસ ને ઉત્તરાયણ કહેવાય છે.

આમ મકરસંક્રાત અને ઉત્તરાયણ આ બંન્ને તહેવારો એકજ દિવસે નથી હોતા, બંન્ને દિવસો અલગ-અલગ હોય છે.

ખગોળશાસ્ત્ર મુજબ ઈ. સ. ૧૪૨૬ માં સૂર્યનો મકર રાશિમાં પ્રવેશ ૧૪ જાન્યુઆરીએ થયો હતો, ત્યારે મકરસંક્રાતની ઉજવણી આ દિવસે કરવામાં આવી હતી. ત્યારથી આજ દિવસ સુધી મકરસંક્રાત ની ઉજવણી ૧૪ જાન્યુઆરી એજ કરવામાં આવે છે.

આપણે જાણીએ છીએ કે આપણી પૃથ્વી સંપૂર્ણ ગોળ નથી, પણ થોડીક ચપટી છે. વિષુવવૃત પાસે તેનો વ્યાસ ધ્રુવબિંદુના વ્યાસ કરતા ૪૦ કી. મી. વધારે છે. આ અસમાન ગોળાકારને કારણે અને પૃથ્વી ની ધરી અનંત અવકાશ માં સૂર્ય ને સમાંતરે નથી પણ પૃથ્વીની ધરી ૨૩.૨૭ અંશ ઢળેલી છે. જેને કારણે સૂર્યના ગુરૂત્વાકષણ થી પૃથ્વી ખેંચાતા તેની ગતિમાં એક લચક આવે છે, સાથે ચંદ્ર નું ગુરૂત્વાકષણ સાથે મહાસાગર ની ભરતી અને ઓટ આ લચક ગતિ માં વધારો કરે છે. પૃથ્વી ની આ લચક ગતિ ને ભમરડાની ગતિ સાથે સરખાવી શકાય.

પૃથ્વી ની આ વિષુવાયન લચક ગતિ નો ચક્રાવો ૨૫૭૯૭.૩૦ વર્ષે પૂર્ણ થાય છે. પૃથ્વીની આ નિરાલી ગતિને કારણે વસંતસંપાત અને શરદસંપાત બિંદુઓ દર ૭૧.૬૬ વર્ષે એક અંશ આગળ વધે છે. પૃથ્વીની આ વિષુવાયન ગતિ ને કારણે પૃથ્વી ની ધરી સામે તંકાયેલ ધ્રુવના તારાનુ સ્થાન બદલતા રહે છે.

આજથી ૩,૦૦૦ વર્ષ પછી વૃષપર્વા મંડળ નો કાલિયનાગ ની પૂંછડી નો ઝાંખો તારો ધ્રુવ નું સ્થાન લેશે, અને ૧૨,૦૦૦ વર્ષ પછી

અભિજીત નો તારો ધ્રુવ બનશે. આમ ૨૬,૦૦૦ વર્ષ નું એક ચક્ર પૂર્ણ થતાં ફરી હાલ નો ધ્રુવ તારો પૃથ્વી ની ધરી સામે આવતાં આપણો ધ્રુવ તારો બનશે.

આમ પૃથ્વીની આ વિશિષ્ટ લચક ગતિ અવકાશ માં સૂર્ય ની અને તારાઓની આકાશી ગતિમાં નોંધપાત્ર ફેરફારો સર્જે છે અને સંક્રમણ ની તિથીઓ બદલે છે.

ઉત્તરાયણના દિવસે રાશી પ્રમાણે દાન આપવાથી તેનું સવિશેષ ફળ મળે છે. આ વર્ષ સંક્રાંતનું વાહન વાઘ છે ઉપવાહન અશ્વ છે. પીળા કપડા પહેર્યા છે. હાથમાં આયુધ ગદા ધારણ કરી છે.

### કંઈ રાશીના જાતકોએ શેનું દાન આપવું?

વિક્રમ સંવત ૨૦૮૨, પિંગલ નામ સંવત્સર, ઉત્તરાયણ-શિશિરઋતુ, પોષ વદ અગિયારસ, બુધવાર, તા. ૧૪ ના રોજ સૂર્યનારાયણ મકર રાશિમાં બપોરે ૩.૦૮ કલાકેએ પ્રવેશ કરે છે. આ સમયે નક્ષત્ર- અનુરાધા, યોગ- ગંડ, કરણ- બાલવ, ચંદ્ર- વૃશ્ચિક રાશિમાં છે. શની ગ્રહ મીન રાશિમાં છે આ વર્ષે મકરસંક્રાંતિના દિવસે અનુરાધા નક્ષત્ર તથા એકાદશી હોવાથી આ વર્ષની મકરસંક્રાંતિ વધારે શુભ અને ઉત્તમ છે

આ વર્ષે સંક્રાંતિનું વાહન વાઘ છે. ઉપવાહન-અશ્વ છે. પીળાં કપડાં પહેરેલ છે. હાથમાં આયુધ ગદા ધારણ કરેલ છે. જાતિ સર્પ છે. કેસરનું તિલક કરેલ છે. તે બેઠેલી છે. દૂધપાક ખાતી છે અને જૂઈનું પુષ્પ ધારણ કરેલ છે. મોતીનાં આભૂષણ ધારણ કરેલ છે. વારનામ મોહદરી છે. નક્ષત્ર નામ મંદાકિની છે. સમુદાય મુહૂર્ત ૩૦ સામ્યાર્ધ છે. પૂર્વમાંથી આવીને પશ્ચિમમાં જાય છે. તેની દૃષ્ટિ વાયવ્ય તરફ છે. મુખ દક્ષિણ તરફ છે. જેથી પૂર્વ અને વાયવ્ય દિશાનાં લોકોને સુખ મળે.

મકર સંક્રાંતિ માટે એમ મનાય છે કે, જે- જે વસ્તુઓ કે, વ્યક્તિઓ સાથે સંક્રાંતિને સંબંધ થાય છે, તે વસ્તુઓ મોંઘી થાય છે તથા તેની સાથે સંબંધ ધરાવતી વ્યક્તિઓને ત્રાસ થાય છે. મુહૂર્ત ૩૦ સામ્યાર્ધ છે. જેથી વરસાદ મધ્યમ સારો રહે. વાઘ અને અશ્વ જેવા પ્રાણીઓમાં રોગચાળો ફેલાય. વાઘ, અશ્વની અમુક જાતો લુપ્ત થતી લાગે. પીળી વસ્તુઓ હળદર, સોનું, ચણાદાળ વગેરેના ભાવ વધે. દૂધના ભાવ પણ વધી શકે છે કન્યા જાતિને આરોગ્ય જાળવી રાખવું જરૂરી બનશે

આ વર્ષે બુધવારે સૂર્યનારાયણ દેવતા બપોરે ૩.૦૮ કલાકે મકર રાશિમાં પ્રવેશ કરતાં હોવાથી દાન દેવાનો શુભ સમય બપોરે ૩.૦૮ વાગ્યા થી સાંજના ૬.૨૩ સુધી વધુ શુભ રહેશે. જોકે બુધવારે આખો દિવસ પણ દાન દઈ શકાય છે

**મેષ, સિંહ, ધન:** કાળા તલ, સ્ટીલનું વાસણ, કાળું કપડું, કાળા તલની વાનગી.

**વૃષભ, કન્યા, કુંભ :** ઘઉં, ગોળ, લાલ કાપડ, લાલ તલ, તાંબાનું વાસણ, કંકુની ડબ્બી

**કર્ક, તુલા, મીન:** ઘી, ખાંડ, સફેદ તલ, ચાંદી

**મિથુન, વૃશ્ચિક, મકર:** ચણાની દાળ, પીળું કાપડ, પિત્તળનું વાસણ દાન આપવું

આ દિવસે ગાયોને ઘાસચારો નાખવો પણ શુભ અને ઉત્તમ ફળ આપનાર બને છે

## ષટતિલા એકાદશી...

અવશ્ય મળે છે.

આ એકાદશીના દિવસે ઉપવાસ કરવો. મહાભારત અને પદ્મપુરાણ પ્રમાણે વ્રતીએ આ દિવસે- (૧) શરીરે તલના તેલનું માલીશ કરવું, (૨) તલના પાણીથી સ્નાન કરવું, (૩) તલનો હોમ કરવો, (૪) તલ નાખેલા જળનું પાન કરવું, (૫) તલવટ બનાવીને ખાવો અને (૬) તલનું દાન કરવું.(૭) કાળા તલવાળા જળ થી પિતૃ તર્પણ કરવું આ સાત પ્રકારે તલ નો ઉપયોગ પાપ નષ્ટ કરે છે. (તિલા અર્થ શું થાય છે તલ) એકાદશી નો બોધ : જીવનમાં લોભ અને મોહ નો હંમેશાં ત્યાગ કરવો જોઈએ તો જ જીવન શાંતિથી પસાર કરી શકાય છે જોઈએ તેમ જ્યોતિષી રાજદીપ જોશી (વેદાંત રત્ન) એ જણાવ્યું હતું.

Editor, Printer and Publisher: Satishbhai Shantilal Mehta, Owner: Arham Publication - Rajkot, Printed and Published from Arham Publication, Abtak Media House, Rashtriya Shala Road, Rajkot - 360001, Gujarat.

# ઉપલેટા: મેડિકલ અને સર્જીકલ કેમ્પમાં ૫૬૫ દર્દીઓનાં કરાયા ઓપરેશન

## ૧૧ દિવસથી ચાલતા કેમ્પમાં નલીનીબેન સોલંકી પરિવારે મુખ્યદાતા બની ગરીબ પરિવારને વ્હારે આવ્યાં

**અબતક, કિરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટા પંથકમાં છેલ્લા ૨૩ વર્ષ થયા એનઆઈઆર અને ઉપલેટા પંથકના ભામાસા ઉકાભાઈ સોલંકી પરિવાર દ્વારા હરીફ નારાયણ મેડીકલ તથા સર્જીકલ કેમ્પનો પ્રારંભ કરાવી આજે ૨૩ વર્ષથી દર વર્ષ જાન્યુઆરી માસમાં કેમ્પનું આયોજન કરી ૫૬૫ જેટલા ઓપરેશનમાં વિનામૂલ્ય કરી આપવામાં આવે છે.

ઉપલેટા પંથકમાં છેલ્લા ૨૩ વર્ષ થયા ઉકાભાઈ સોલંકી આગેવાની સૌરાષ્ટ્ર સર્વોદય ટ્રસ્ટ દ્વારા જટીલ સર્જરી ઓપરેશનની મિશાલ પ્રગટાવી હજારો ગરીબ દર્દીઓનાં સર્જીકલ ઓપરેશન નામાંકીન અને એનઆઈઆર ડોકટરોની મદદથી કરવામાં આવે છે.આ કેમ્પમાં કેન્સર નિદાન, નાક, ગળા, ગર્ભાશિય, પેટ, આંતરડા, પોસ્ટેડ, દાંતના જટીલ ઓપરેશન વિદેશ અને જુદા જુદા રાજ્યની નામાંકિત ડોકટરો ડો.બી.કે. ગજજર, ડો.પિયુષ ટોલીયા, ડો.હેમત પાટીલ, ડો.મહેશ ઠક્કર, ડો.શૈલેષ જાદવ,ડો. કિશોરી કદમ, ડો.વિક્રમ પરમાર, ડો.આરતી ખડકે, ડો.મિતેષ બચાણી, ડો.શાહીલ સાદ, ડો. અમોલ ગૈસાવી, ડો.મૃદુલ પાંડે, ડો.મનોજ ગોરેલા, ડો.ઓમપ્રકાશ દુબે, ડો.વેનીસા ફ્રાન્સીસ, ડો.ધનરાજ ખોના, ડો.ચેતન શેટી, ડો.રવિન્દ્ર ગાધે જેવા મુંબઈ, અમદાવાદ સહિત જુદા જુદા રાજયના ડોકટરો દ્વારા જટીલ રોગોના ઓપરેશન કરી દર્દીઓને દૂઃખ દૂર કરવામાં સહભાગી બન્યા હતા. આ કેમ્પમાં ચાર હજાર દર્દીની ઓપીડી કરાઈ હતી. જેમાં ૫૬૫ જેટલા નાના મોટા ઓપરેશનો કરાયા હતા.



તસ્વીરઃ શહેઝાદ બાદશાહ





૧૧ દિવસ બાદ કેમ્પનું સમાપન કરવામાં આવતા ૫૬૫ જેટલા વિવિધ રોગોનાં ઓપરેશન વિનામૂલ્ય કરી આપતા દોઢ કરોડ જેવા રૂપીયા દર્દીઓને લાભ મળ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે ઉપલેટાના ભામાશા અને હાલ અમેરિકા સ્થાય થયેલા ઉકાભાઈ સોલંકી પરિવાર દ્વારા ઉકાભાઈ સોલંકીની અવસાન બાદ પણ માદરે વતનનું ઋણ અદા કરવા તેમના ધર્મપત્ની નલીનીબેન સોલંકી પરિવાર દ્વારા આ મેડીકલ કેમ્પની મિશાઈલ આજે પણ આ ચાલુ રાખી છે. છેલ્લા ૨૩ વર્ષમાં ૧૦ હજાર જેટલા ગંભીર દર્દીના ઓપરેશન કરી સૌરાષ્ટ્રની ગરીબ દર્દીઓને કરોડો રૂપીયાની રાહત આપી છે.

આ કેમ્પમાં ઉપલેટા, ધોરાજીના ધારાસભ્ય ડો. મહેન્દ્રભાઈ પાડલીયા પણ સારવાર લઈ ભારે ધન્યતા અનુભવ્યા હતા અને કેમ્પ પ્રવૃત્તિને બિરદાવી હતી.

સતત ૧૧ દિવસ સુધી ચાલેલા કેમ્પમાં પૂર્વ ધારાસભ્ય છગનભાઈ સોજીત્રા, પાલીકા પ્રમુખ વર્ષાબેન ગજેરા, ઉપપ્રમુખ જીજ્ઞાબેન વ્યાસ, ચેમ્બરના વિનુભાઈ ઘેરવડી, નગરશેઠ અમીતભાઈ શેઠ, લોહાણા સમાજ શ્રેષ્ઠી જગદીશભાઈ ગણાત્રા, સમસ્ત બ્રહ્મ સમાજના પ્રમુખ જીજ્ઞેશભાઈ વ્યાસ, સ્કુલ બોર્ડના ચેરમેન નિકુલભાઈ ચંદ્રવાડીયા, મુલાકાત લઈ કેમ્પની ચાલતી વિવિધ સર્જીઓ નિહાળી કામગીરીને બિરદાવી હતી.

આ કેમ્પને સફળ બનાવવા સૌરાષ્ટ્ર સર્વોદય ટ્રસ્ટના નલીનીબેન સોલંકી ડો. પિયુષ ટોલીયાની આગેવાનીમાં મનોજભાઈ સોલંકી, મિલનભાઈ ગજેરા, દાનભાઈ ચંદ્રવાડીયા, રમેશભાઈ પાનેરા, ભરતભાઈ સોજીત્રા, અશોકભાઈ ચંદ્રવાડીયા, રશીકભાઈ સોજીત્રા, ચંદુભાઈ વ્યાસ, ગીરીશભાઈ વેકરીયા, માધવજીભાઈ પેશીવાડીયા, સિવિલ હોસ્પિટલના અધિક્ષક ડો.ખ્યાતી કેશવાલા, ડો.મેહુલ કણસાગરા સહિતનાઓએ જહેમત ઉઠાવી હતી.

# કેશોદ: સર્વોત્તમ પ્રિસ્કુલ અને પાઠક સ્કુલ આયોજીત ‘ખીલે છે ફુલડાઓ સંસ્કારોના સથવાર’કાર્યક્રમ યોજાયો

## બાળ વિદ્યાર્થીઓએ રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમમાં કલાના કામળ પાર્થયા

**અબતક, જય વિરાણી, કેશોદ**

કેશોદ શહેરની સર્વોત્તમ પ્રિ સ્કૂલ અને પાઠક સ્કૂલ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ અને સંસ્કારના ઘડતર માટે ‘ખીલે છે ફૂલડાંઓ - સંસ્કારોના સથવારે’ નામે એક ભાવસ અને રંગારંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઈશ્વરની સમગ્ર રચનામાં બાળકને શ્રેષ્ઠ પુષ્પ માનવામાં આવે છે અને આવા નાનકડા ફૂલડાંઓને મન મૂકીને ખીલતા અને આનંદથી ઝૂમતા જોવું એ સૌ માટે અતિ આનંદદાયક ક્ષણ બની રહી હતી.





આ કાર્યક્રમનો મુખ્ય હેતુ બાળકોને પ્રોત્સાહન આપવાનો તેમજ તેમની અંદર રહેલી છુપાયેલી પ્રતિભા અને સર્જનાત્મક શક્તિઓને ઉજાગર કરવાનો હતો. કાર્યક્રમ દરમિયાન વર્ષ દરમિયાન સ્કૂલમાં ઉજવાયેલા વિવિધ તહેવારો, શૈક્ષણિક પ્રવૃત્તિઓ તેમજ પરીક્ષાઓમાં શ્રેષ્ઠ સિદ્ધિ હાંસલ કરનાર તમામ વિદ્યાર્થીઓને ઈનામ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.જેથી બાળકોમાં આત્મવિશ્વાસ અને ઉત્સાહનો વધારો થાય.

પછી યોજાયેલા રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમમાં નાનકડા બાળકો દ્વારા રજૂ કરાયેલા નૃત્ય અને રજૂઆતોને ઉપસ્થિત સૌ કોઈએ ઉત્સાહભેર બિરદાવ્યા હતા. સ્ટેજ પર નાના બાળકોને આનંદપૂર્વક નાચતા જોઈને ઉપસ્થિત વાલીઓ પણ પોતાના નાનપણના દિવસોને યાદ કરી ભાવવિભોર બન્યા હતા.

આ કાર્યક્રમમાં કેશોદના ધારાસભ્ય દેવાભાઈ માલમ સહિત નગરના આગેવાનો, પ્રતિષ્ઠિત નાગરિકો તથા મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે સ્કૂલના સંચાલક સમીર કણસાગરા અને કેમ્પસ ડાયરેક્ટર સ્વાતિ કણસાગરાએ ઉપસ્થિત તમામ વાલીઓ, મહેમાનો અને આગેવાનોનો દિલથી આભાર વ્યક્ત કર્યો હતો.

આ રીતે ‘ખીલે છે ફૂલડાંઓ - સંસ્કારોના સથવારે’ કાર્યક્રમ બાળકોના સંસ્કાર, પ્રતિભા અને આનંદના ઉત્સવરૂપ બનીને સૌ માટે યાદગાર સાબિત થયો હતો.

### શક્તિ ગ્રુપ દ્વારા

# માણાવદર: અનસુયા ગૌધામના હરેશ શેઠનું કરાયું સન્માન

**અબતક, જિજ્ઞેશ પટેલ, માણાવદર**

માણાવદર અનસુયા ગૌધામ દ્વારા માણાવદર તાલુકાના યુવાધનને રમતગમતમાં પ્રોત્સાહિત કરવામાં સાથ સહકાર આપવા બદલ શક્તિ ગ્રુપ દ્વારા અનસુયા ગૌધામ વાળા હરેશભાઈ શેઠનું કૃષ્ણ ભગવાનની ગાય સાથેની છબી આપી સન્માન કરાયું હતું. માણાવદર સરકારી હાઈસ્કૂલના ઐતિહાસિક ક્રિકેટ ગ્રાઉન્ડ ઉપર બે દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરાયું હતું. જેમા સ્પોન્સર તરીકે માણાવદર અનસુયા ગૌધામ રહ્યું હતું. ફાઈનલ મેચ સનાતન ઈલેવન અને મહાદેવ ઈલેવન વચ્ચે રમાઈ હતી. જેમાં મહાદેવ ઈલેવન માણાવદર ચેમ્પિયન બની હતી. વિજેતા ટીમને ટ્રોફી હરેશભાઈ શેઠ અને કોમલબેન શેઠ દ્વારા એનાયત કરવામાં આવી હતી.



# જૂનાગઢ: જેસીઆઈના વાર્ષિક શપથવિધી સમારોહમાં માનવતા સેવાકાર્યોનો જયઘોષ

## નવનિયુક્ત પ્રમુખ ડો.મોહિત જોશીએ લોકસેવા કાજે અત્યાધુનીક સુવિધાવાળી એમ્બ્યુલન્સ વસાવવાનો સંકલ્પ લીધો

**અબતક, દર્શન જોશી, જુનાગઢ**

જૂનીયર ચેમ્બર ઈન્ટરનેશનલ (જેસીઆઈ)ની વર્ષ ૨૦૨૬ની નવી ટીમનો શપથવિધિ અને સન્માન સમારોહ યોજાયો હતો. આ તકે નવનિયુક્ત પ્રમુખે લોકસેવા માટે અત્યાધુનિક સુવિધાવાળી એમ્બ્યુલન્સ વસાવવાનો સંકલ્પ જાહેર કર્યો હતો.





જુનાગઢમાં જેસીઆઈનો વાર્ષિક શપથવિધિ અને સન્માન સમારોહમાં વર્ષ ૨૦૨૫ ના પ્રમુખ ડો. મોહિત જોષી એ સ્વાગત પ્રવચન કર્યું હતું. લક્ષ્મીધર દ્વાસ નવનિયુકત પ્રમુખ જગદીશ મદનાણી એ પોતાના કાર્યકાળ દરમિયાન લોકસેવા માટે અત્યાધુનિક સુવિધાવાળી એમ્બ્યુલન્સ વસાવવાનો સંકલ્પ જાહેર કર્યો હતો.

આ પ્રસંગનું દીપ પ્રાગટલ ધારાશાસ્ત્રી કીરીટભાઈ સંઘવીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ તકે કિરીટભાઈ સંઘવીએ પોતાની જમીન નમ્રમુનિ મહારાજ સાહેબને સેવાકીય કાર્યો માટે અર્પણ કરવાની જાહેરાત કરી હતી.

આ તકે બહાઉદીન સાયન્સ કોલેજના પ્રિન્સિપાલ ડો. આર.પી. ભટ્ટ, આર્ટસ કોલેજના પ્રિન્સિપાલ ડો. જે.આર. વીજા, બી-ડિવિઝન પી.આઈ. જે.જે. પટેલ તથા જેસીઆઈના ઝોન ઓફિસરો ઉપસ્થિત રહ્યા હતા.

અરવિંદભાઈ સોનીના માર્ગદર્શન હેઠળ કિશોર ચોટલીયા, કેતન ચોલેરા, યતીન કારિયા અને સમગ્ર ટીમે જહેમત ઉઠાવી હતી. સંચાલન કેતન ચોલેરા અને વિજય ચાવડાએ કર્યું હતું.

# બગસરા: પાસ છે પણ બસ નથી! વિદ્યાર્થીઓએ બસ સ્ટેન્ડના દરવાજે કર્યો ચક્કાજામ

## બગસરાથી અમરેલી અપડાઉન કરતા મુસાફરો માટે નિયમિત પણે બસ સેવા શરૂ કરવા રજૂઆતઃ સમસ્યાનો ઉકેલ નહીં આવે તો મુસાફરો - છાત્રોએ આંદોલનની ચીમકી આપી

**અબતક, સમીર વિરાણી, બગસરા**

બગસરા ડેપોનો દિવસે ને દિવસે વહીવટ કથળતો જતો હોય તેવું લાગી રહ્યું છે. જ્યારે અમરેલી અપ ડાઉન કરતા વિધાર્થીઓ તેમજ નોકરિયાત લોકોમાં આક્રોશ જોવા મળ્યો હતો. આ લોકોએ અનેક વખત ડેપોના અધિકારીઓ તેમજ ડેપો મેનેજરને રજુવાત કરવામાં આવેલી હતી કે અમો કાયમી ઉપ ડાઉન કરતા હોઈએ છીએ જેથી કરીને નિયમિત બસ મુકવામાં આવે જેથી કરીને પાસ ધારાકોની સગાવડતા સચવાઈ રહે અમો ૨૫ થી ૩૦ લોકો કાયમી આવન જવાન કરી શકીયે તેના માટે એક બસ ફાળવવામાં આવે પરંતુ આ તંત્રની ઘોર બેદરકારીના લીધે અમારે કાયમી માટે હેરાન થવું પડે છે. જ્યારે પુરા મહિનાનો પાસ કઢાવી લીધેલ હોય તેમ છતાં અમારે રૂપિયા આપીને અન્ય વાહનોમાં જવાની ફરજ પડે છે. બગસરા અમરેલી જતી સવારની બસ બંધ કરી દીધી છે રજૂઆત કરવા જાય છે તો સરખો જવાબ દેતા નથી અને ગેરવર્તન કરે છે. જો તે અંગે યોગ્ય કાર્યવાહી નહીં કરવામાં આવે તો આંદોલનની ચીમકી ઉચ્ચારી છે.



### કરૂણા અભિયાન-૨૦૨૬ અંતર્ગત

# અમરેલી: પતંગની દોરીથી ઘાયલ પક્ષીઓની સારવાર માટે ૨૦ કેન્દ્રો કાર્યરત

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

ઉત્તરાયણ પર્વ દરમિયાન પતંગની દોરીથી ઘાયલ થતા અબોલ પક્ષીઓને તત્કાલ સારવાર મળી રહે તે હેતુથી અમરેલી જિલ્લામાં ૨૦ જાન્યુઆરી, ૨૦૨૬ સુધી ‘કરૂણા અભિયાન’નું આયોજન કરવામાં આવ્યું છે. આ અભિયાન અંતર્ગત જિલ્લા વહીવટી તંત્ર અને વન વિભાગ દ્વારા કુલ ૨૦ જેટલા કલેક્શન અને સારવાર કેન્દ્રોની યાદી જાહેર કરવામાં આવી છે.

પક્ષી ઘાયલ અવસ્થામાં મળી આવે તો નાગરિકો નીચે મુજબના નંબર પર સંપર્ક કરી શકે છેઃ

કરૂણા એનિમલ એમ્બ્યુલન્સઃ ૧૯૬૨, વન વિભાગ હેલ્પલાઈનઃ ૧૯૨૬, વોટ્સએપ હેલ્પલાઈનઃ ૮૩૨૦૦ ૦૨૦૦૦

જિલ્લામાં પક્ષીઓની સારવાર માટે વન વિભાગ અને પશુ ચિકિત્સાલયો સજ્જ કરવામાં આવ્યા છેઃ

વન વિભાગના કેન્દ્રોઃ વન ચેતના કેન્દ્ર (અમરેલી), મુંજીયાસર ડેમ નર્સરી, બાબરા ફોરેસ્ટ કોલોની, રામપરા નર્સરી, દામનગર નર્સરી, આર.એફ.ઓ. કચેરી (લાઠી), તુલસીશ્યામ રેંજ (ખાંભા).

વિશેષ સારવાર કેન્દ્રોઃ ગીર પૂર્વ વન વિભાગ (ધારી), વન્યજીવ રેંજ (લીલીયા), એનિમલ કેર સેન્ટર (બાબરકોટ) અને વન પ્રકૃતિ ચેરીટેબલ ટ્રસ્ટ (સાવરકુંડલા).

સરકારી પશુ દવાખાનાઃ અમરેલી, બાબરા, કુંકાવાવ, રાજુલા, લાઠી અને દામનગર ખાતે પક્ષીઓને સારવાર મળી રહેશે. તંત્ર દ્વારા જિલ્લાના યુવાનો અને નાગરિકોને પક્ષીઓના જીવ બચાવવા માટે પ્લાસ્ટિક, સિન્થેટિક કે ચાઈનીઝ દોરાનો ઉપયોગ કે ખરીદી ન કરવી, સવારે ૭ થી ૯ અને સાંજે ૫ થી ૮ વાગ્યા સુધી પક્ષીઓના આકાશમાં વિહરણનો મુખ્ય સમય હોવાથી આ ગાળામાં પતંગ ન ઉડાડવા અથવા સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

# ઈડર: ઉમિયા પરિવારના સ્નેહમિલન સાથે તેજસ્વી છાત્રોને નવાજાયા

## સાબર ડેરીના ડિરેક્ટર અશોક પટેલ સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા

**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લાના ઈડર ઉમિયા પરિવાર સમાજ આયોજિત ૨૬ મો સ્નેહમિલન સમારોહ તથા તેજસ્વી તારલાઓના ઈનામ વિતરણનો કાર્યક્રમ ૧૧ જાન્યુઆરી ૨૦૨૬ ને રવિવારે યોજાઈ ગયો જેમાં સમારંભ અધ્યક્ષ તરીકે સાબરડેરીના ડિરેક્ટર અશોક.આર.પટેલ ઉદઘાટક તરીકે આવકાર હોસ્પિટલ હિંમતનગરના ડો.અરવિંદ.આર.પટેલ તથા એ.પી.એમ.સી ઈડરના ચેરમેન અશોક પટેલ અને ઈનામ વિતરણના દાતા તરીકે શંકર કચરાભાઈ પટેલ, ડો.અલ્પેશ પટેલ અને શૈલેષ પટેલ ઉપસ્થિત રહ્યા હતા જ્યારે મુખ્ય મહેમાન તરીકે ઉમિયા પરિવાર સમાજ માટે સદાય ભામાશાની ભૂમિકામાં રહેલા વી.કે.પટેલ તથા મોતીલાલ ઓસ્વાલ વેલ્થ મેનેજમેન્ટમાંથી બીપીન પટેલ તથા રાકેશ પટેલ, દિનેશ પટેલ, ડો.દિવ્યેશ, ડો.અનિકેત વગેરે ઉપસ્થિત રહ્યા હતા.



ચાલુ વર્ષે પણ સમાજના સૌ દીકરા દીકરીઓ માટે ચોપડા વિતરણનું આયોજન થશે તેવી જાહેરાત કરાઈ હતી આખાય કાર્યક્રમનું સુંદર સંચાલન શશીકાંત પટેલ પૂર્વ પ્રમુખ ઉમિયા પરિવાર સમાજ ઈડર તથા કારોબારી સભ્ય રજની પટેલ દ્વારા ઉદઘોષક અને સંચાલનની જવાબદારી લઈ સમયસર પૂર્ણ કરાયો હતો.

# ધ્રાંગધ્રાના રાવળિયાવદરની નવીનીકરણ શાળા કામગીરીમાં ભ્રષ્ટાચારના સરપંચના આક્ષેપ કામ બંધ કરવા માંગ

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા તાલુકાના રાવળિયાવદર ગામે છેલ્લા એક વર્ષથી ચાલી રહેલા શાળાના નવીનીકરણ બિલ્ડીંગના કામમાં ગંભીર અનિયમિતતાઓ અને ભ્રષ્ટાચાર થતો હોવાના આક્ષેપો સામે આવ્યા છે. આશરે રૂ. ૧ કરોડ ૧૮ લાખના ખર્ચે ચાલી રહેલા આ સરકારી કામમાં ગુણવત્તાના ધોરણોને બાજુએ રાખીને નીચી કક્ષાની કામગીરી કરવામાં આવી રહી હોવાનું ગ્રામ પંચાયત દ્વારા જણાવવામાં આવ્યું છે શાળાની અંદર નાખવામાં આવેલી લાદી સ્ટાઈલ યોગ્ય લેવલ વિના તથા ખરાબ રીતે મૂકવામાં આવી હોવાનું સામે આવ્યું છે.

પગથિયાંમાં વપરાયેલા કોટા સ્ટોન પણ હલકી ગુણવત્તાના હોવાનું કહેવાય છે. ઉપરાંત રેતી વગરની માટી મિશ્રિત સામગ્રીનો ઉપયોગ થતો હોવા સાથે સોકકુવા પણ ઓછા લોખંડથી અને અયોગ્ય રીતે બનાવવામાં આવ્યા હોવાનું જણાવાયું છે.

મહત્વનું એ છે કે કોંક્રીટ કામ દરમિયાન પાણી છાંટવાની જરૂરી પ્રક્રિયા પણ કરવામાં આવતી નથી, જેના કારણે બિલ્ડીંગની મજબૂતી પર ગંભીર પ્રશ્નચિહ્ન ઊભું થયું છે.

ગ્રામના સરપંચ તથા જાગૃત નાગરિકો દ્વારા કામ કરતી એજન્સીના માલિકને વારંવાર મૌખિક રીતે રજૂઆત કરવામાં આવી હોવા છતાં ઉપર લેવલે સેટિંગ છે એવા જવાબો આપવામાં આવતા હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે સરકારી ઈજનેર (ટી.આર.પી.)ને પણ વારંવાર જાણ કરવામાં છતાં સંતોષકારક કાર્યવાહી થતી નથી અને કામ આવી જ રીતે થશે એવી વાત કહીને સમજાવવામાં આવતું હોવાનું જણાવાયું છે

# ધ્રાફા ફાટક સુધીનો રસ્તો ખખડધજ હાલતમાં: પ્રજામાં રોષ

**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

જામજોધપુર શહેરનો મુખ્ય રસ્તો (બાય પાસ ) કે જે રસ્તા પરથી સ્કુલ શહેરની એકમાત્ર સરકારીહોસ્પિટલ માર્કેટિંગયાડે વગેરે જવા માટે નો એક જ રસ્તો છે આ બાયબાસનો રોડ એટલો તો ખખડધજ છે કે જામજોધપુર શહેરની જનતા આ બિસ્માર માર્ગથી તોબા પોકારી ચુકયા છે અહિ અવાર નવાર અકસ્માતો સર્જાય છે હોસ્પીટલે જતા દર્દીઓ હેરાન પરેશાન છે આ વિસ્તારના પ્રબુધ નાગરિક તેમજ વેપારી અગ્રણી પટેલપ્રફુલભાઈ સીતાપર દ્વારા તંત્રને અનેક વખત રજુઆત કરી છે આ સરકારી દવાખાના વાળા રોડ ઉપર પટેલ પ્રફૂલભાઈ સીતાપરા દવારા બેનરો લગાવ્યા છે. આ રોડ ઉપરથી પસાર થતા નેતાઓ અધિકારીઓ ને આ રોડ દેખા તો કેમ નથી આરોડ સિમેન્ટનો આર સી સી નાખીને બનાવવો જોઈએ તેવુ જામજોધપુર ની પ્રજા કહી રહી છે, ત્યારે આરોડ બનશે કે તેમનામાટે પ્રજાનઆંદોલન કરવું પડશે.



રાજકોટ ઉપરનો કલંક કાલે હટશે?

# “કાંયપો જ છે”: કાલે ન્યુઝિલેન્ડને હરાવી રાજકોટમાં હારનું લેબલ ટીમ ઈન્ડિયા હટાવી દેશે?

## બેટસમેનોને યારી આપતી વિકેટ પર ટોસ જીતનારા કેપ્ટન પ્રથમ બેટીંગ કરવાનો નિર્ણય લેશેઃ બન્ને ટીમોના ખેલાડીઓએ આકરી નેટ પ્રેકિટસ કરી

### વિરાટ કોહલી અને રોહિત શર્મા સૌરાષ્ટ્રના ક્રિકેટ પ્રેમીઓમાં સૌથી મોટું આકર્ષણનું કેન્દ્રઃ શુભમન ગીલ પણ ફોર્મમાં આવી જતા ભારત વધુ મજબુત

### ઈજાગ્રસ્ત વોશિંગ્ટન સુંદરના સ્થાને ટીમમાં આયુષ બદોનીનો સમાવેશઃ જો કે પ્લેઈંગ ઈલેવનમાં ધ્રુવ ઝુરેલને તક મળે તેવી શકયતા



તસવીરઃ શૈલેષ વાડોદિયા



**અબતક, રાજકોટ**

રાજકોટના ખંઢેરી સ્થિત નિરંજન શાહ ક્રિકેટ સ્ટેડિયમ ખાતે આવતીકાલે ઉત્તરાયણના દિવસે યજમાન ભારત અને મહેમાન ન્યુઝીલેન્ડની ટીમ વચ્ચે ત્રણ વન-ડે મેચની શ્રેણીનો બીજો વન-ડે મેચ રમાશે. વડોદરા ખાતે રમાયેલા પ્રથમ વન-ડેમાં ભારતે જીત મેળવી હતી. હવે રાજકોટમાં ટીમ ઈન્ડિયા શ્રેણી અંકે કરવાના બુલંદ ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે. પ્રથમ વન-ડેમાં બોલીંગ કરતી વેળાએ ઈજાગ્રસ્ત બનેલા ઓલ રાઉન્ડર વોશીગ્ટન સુંદરના સ્થાને ટીમમાં આક્રમક બેટસમેન આયુષ બદોનીનો સમાવેશ કરવામાં આવ્યો છે. જો કે પ્લેઈંગ ઈલેવનમાં ધ્રુવ જુરેલનો સમાવેશ કરવામાં આવે તેવી શકયતા જણાય રહી છે. આજે બન્ને ટીમોએ આકરી નેટ પ્રેકટીસ કરી હતી.

### બપોરે ૧ વાગ્યે ટોસ ઉછાળાશેઃ ૧:૩૦ કલાકે પહેલો બોલ ફેંકાશેઃ પ્રેક્ષકોને ૧૦:૩૦ કલાકથી મેદાનમાં પ્રવેશ આપવાનું શરૂ કરાશે

રાજકોટમાં ૨૭ વર્ષના લાંબા અંતરાલ બાદ બન્ને ટીમો વચ્ચે વન-ડે મેચ રમાશે.

વડોદરા ખાતે પ્રથમ વન-ડે મેચ રમ્યા બાદ ગઈકાલે બપોરે બન્ને ટીમોનું ચાર્ટડ ફલાઈટમાં રાજકોટ ખાતે આગમન થયું હતું. ટીમ ઈન્ડિયાને કાલાવાડ રોડ પર સયાજી હોટલ ખાતે ઉતારો આપવામાં આવ્યો છે. જયારે ન્યુઝીલેન્ડની ટીમ ૧૫૦ ફુટ રિંગરોડ પર હોટલ ફોર્ચ્યુનમાં રોકાય છે. આજે બપોરે બન્ને ટીમોએ નેટ પ્રેકિટસ કરી હતી. ત્રણ વન-ડે શ્રેણી પૈકીની પ્રથમ વન-ડે મેચ ભારતે જીતી શ્રેણીમાં ૧-૦ થી સરસાઈ મેળવી લીધી છે. આવતીકાલે રાજકોટમાં રમાનારી બીજી વન-ડેમાં ભારત શ્રેણી અંકે કરવાના બુલંદ ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે જયારે ન્યુઝીલેન્ડની ટીમ શ્રેણી સરભર કરવાનો પ્રયાસ કરશે. નિરંજન શાહ સ્ટેડિયમ પર ન્યુઝીલેન્ડની ટીમ પ્રથમવાર વન-ડે મેચ રમશે. આ પૂર્વ ૧૯૯૯ માં ન્યુઝીલેન્ડની ટીમ રાજકોટમાં રેસકોર્સ સ્થિતિ માધવરાય સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે વન-ડે રમી હતી. જેમાં તેની જીત થઈ હતી.

પ્રથમ વન-ડેમાં બોલીંગ કરતી વેળાએ ટીમ ઈન્ડિયાનો ઓલ રાઉન્ડર વોશીંગ્ટન સુંદર ઈજાગ્રસ્ત બન્યો હતો. જો કે ઘાયલ હોવા છતાં તે જરુરતના સમયે બેટીંગમાં આવ્યો હતો. અને ટીમની જીત માટે મહત્વપૂર્ણ ફાળો આપ્યો હતો. ઈજાગ્રસ્ત વોશીંગ્ટન સુંદરના સ્થાને ટીમમાં આયુષ બદોનીનો સમાવેશ કરાયો છે. જે આજે ટીમ સાથે જોડાઈ જશે જો કે અંતિમ અગિયારમાં આયુષ બદોનીના સમાવેશની શકયતા ઓછી છે. વિકેટ કિપર બેટસમેન ધ્રુવ જુરેલનો ટીમમાં સમાવેશ કરવામાં આવે તેવું લાગી રહ્યું છે.

નિરંજન શાહ સ્ટેડિયમની વિકેટ બેટસમેનો માટે સ્વર્ગ સમી માનવામાં આવે છે. આવામાં ટોસ જીતનારી ટીમ પ્રથમ બેટીંગ કરવાનો નિર્ણય મોટા ભાગે લેતી હોય છે. પ્રથમ દાવમાં ૩૦૦ થી વધુ રન બને છે. જો કે પહાડી જુમલો પણ ચેઝ કરવામાં બીજો દાવ લેનારી ટીમને કોઈ ખાસ મુશ્કેલી પડતી નથી. ખંઢેરીની પાટા વિકેટ પર બોલરોનો કચ્ચરઘાણ નીકળી જાય છે જો કે ક્રિકેટ રસિકોને ચોગ્ગા - છગ્ગાની મોજ માણવા મળે છે.

આવતીકાલે બપોરે ૧ કલાકે ટોસ ઉછાળાશે ૧:૩૦ કલાકે મેચનો આરંભ થશે મેચની તમામ ટિકીટો વેંચાઈ ગઈ છે. સવારે ૧૦.૩૦ કલાકથી પ્રેક્ષકોને મેદાનમાં પ્રવેશ આપવાનું શરુ કરવામાં આવશે. રાજકોટમાં ડયુ ફેકટર ખુબ જ ઓછા પ્રમાણમાં અસર કરે છે. શુભમન ગીલની આગેવાનીમાં ટીમ ઈન્ડીયા શ્રેણી અંકે કરવાના બુલંદ ઈરાદા સાથે મેદાનમાં ઉતરશે બીજી તરફ કિવિઝ ટીમ પણ શ્રેણી સરભર કરવાના ઈરાદા સાથે ઉતરશે.







| ટીમ ઈન્ડિયા | ન્યુઝીલેન્ડની ટીમ |
|---|---|
| * સુભમન ગીલ (સુકાની) | * મિચેલ બ્રેસવેલ (કેપ્ટન) |
| * શ્રેયાસ અય્યર | * આદિવ્ય અશોક |
| * અર્ષદીપ સિંગ | * ક્રિસ્ટ્રીયન કલાર્ક |
| * આયુષ બદોની | * જોશ કલાર્કસન |
| * હર્ષિત રાણા | * ડેવોન કોન્વોય |
| * રવિન્દ્ર જાડેજા | * ઝાક ફલોકર્સ |
| * યશસ્વી જયસ્વાલ | * મિચેલ હાય |
| * ધ્રુવ જુરેલ | * કયાલ જેમીસન |
| * રોહિત શર્મા | * નિક કેલી |
| * વિરાટ કોહલી | * જયડેન લેનોક્ષ |
| * કુલદિપ યાદવ | * ડાયેલ મિચેલ |
| * મોહમદ સિરાઝ | * હેન્ટી નિકોલસ |
| *નીતીથ કુમાર રેડ્ડી | * ગ્લેન ફિલીયસ |
| * પ્રસિધ્ધ ક્રિષ્ના | * મિચેલ રે |
| * કે.એલ. રાહુલ | * વીલ યંગ |

## નિરંજન શાહ મેદાન પર ભારત એક જ વન-ડે જીત્યું છે

### ઈગ્લેન્ડ, દક્ષિણ આફ્રિકા અને ઓસ્ટ્રેલિયા સામે ભારતની હાર થઈ છે

ખંઢેરી સ્થિત સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે અત્યાર સુધીમાં કુલ ચાર વન-ડે મેચ રમાય છે.આવતીકાલે પાંચમી વન-ડે મેચનું સાક્ષી બનશે આ મેદાન ચાર પૈકી ભારતનો માત્ર એક જ વન-ડેમાં વિજય થયો છે. ખંઢેરીમાં પ્રથમ વન-ડે ૧૧ જાન્યુઆરી ૨૦૧૩ના રોજ રમાયો હતો જેમાં ઈગ્લેન્ડનો ૯ રને વિજય થયો હતો. બીજો વન-ડે મેચ ૧૮ ઓકટોબર ૨૦૧૫ના રોજ રમાયો હતો. જેમાં દક્ષિણ આફ્રિકાએ ભારતને ૧૮ રને હરાવ્યું હતું. ૧૭ જાન્યુઆરી-૨૦૨૦ ના રોજ ઓસ્ટ્રેલીયા સામેના વન-ડેમાં ભારતનો ૩૬ રને વિજય થયો હતો. જયારે ૨૭ સપ્ટેમ્બર ૨૦૨૩ના રોજ રમાયેલા ચોથા વન-ડેમાં ઓસ્ટ્રેલિયાએ ભારતને ૬૬ રને હરાવ્યું હતું. નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે ભારતની સફળતાની ટકાવારી વન-ડેમાં માત્ર ૨૫ ટકા જેવી છે.

## ન્યુઝીલેન્ડની ટીમ ૨૭ વર્ષ બાદ રાજકોટમાં વન-ડે રમશે

નિરંજન શાહ સ્ટેડિયમ ખાતે આવતીકાલે ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચે ત્રણ વન-ડે મેચની શ્રેણીનો બીજો વન-ડે મેચ રમાશે. બન્ને ટીમો વચ્ચે રાજકોટમાં ૨૭ વર્ષના લાંબા અંતરાલ બાદ વન-ડે મેચ રમાશે બન્ને ટીમો વચ્ચે ૫ નવેમ્બર ૧૯૯૯ના રોજ રેસકોર્સ સ્થિત રાજકોટ મહાનગર પાલિકાના માધવરાવ સિંધિયા ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે વન-ડે મેચ રમાયો હતો જેમાં ન્યુઝીલેન્ડની ટીમનો ૪૩ રને વિજય થયો હતો.



# ગ્રેસ હેરિસના ૮૫ રને વુમેન્સ પ્રીમિયમ લીગમાં આરસીબીને સતત બીજી જીત અપાવી

## આરસીબીએ ૧૪૪ રનનો ટાર્ગેટ માત્ર ૧૨.૧ ઓવરમાં હાંસલ કરી લીધોઃ ઓપનર ગ્રેસ હેરિસે ૪૦ બોલમાં ૮૫ રન જયારે સ્મૃતિ મંધાનાએ ૪૭ રન બનાવ્યા

**અબતક, મુંબઈ**

વિમેન્સ પ્રીમિયર લીગ એટલે કે ડબ્લ્યુપીએલ ૨૦૨૬ ની ૫મી મેચ રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ અને યુપી વોરિયર્સ વચ્ચે રમાઈ હતી. પહેલા બેટિંગ કરતા યુપી વોરિયર્સે ડિએન્ડ્રા ડોટિન અને દીપ્તિ શર્માની અણનમ ઈનિંગના આધારે ૫ વિકેટ ગુમાવીને ૧૪૩ રન બનાવ્યા હતા. જેના જવાબમાં આરસીબીએ ગ્રેસ હેરિસની તોફાની ઈનિંગના કારણે ૧૩મી ઓવરના પહેલા બોલ પર ૧૪૪ રનનો ટાર્ગેટ હાંસલ કરી લીધો હતો. ગ્રેસ હેરિસે ૪૦ બોલમાં ૧૦ ચોગ્ગા અને ૫ છગ્ગા સાથે ૬૫ રનની ઈનિંગ રમી હતી. સ્મૃતિ મંધાનાએ અણનમ ૪૭ રન બનાવ્યા હતા.ગ્રેસ હેરિસે ડીઆન્ડ્રા ડોટિનની ઓવરમાં ૩૨ રન બનાવ્યા અને માત્ર ૨૨ બોલમાં પોતાની અડધી સદી પૂર્ણ કરી. આ રીતે ગ્રેસ હેરિસ ડબ્લ્યુપીએલ ઈતિહાસમાં પાવરપ્લેમાં અડધી સદી ફટકારનાર માત્ર ચોથી બેટ્સમેન બની. આ પહેલા સોફી ડિવાઈન, શેફાલી વર્મા અને સોફી ડંકલીએ આ સિધ્ધિ હાંસલ કરી હતી.ગ્રેસ હેરિસે પોતાની અડધી સદી પૂર્ણ કર્યાના થોડા સમય પછી એટલે કે માત્ર ૭.૫ ઓવરમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુનો સ્કોર ૧૦૦ રન સુધી પહોંચી ગયો.ડબ્લ્યુપીએલ ઈતિહાસમાં ઓવરની દ્રષ્ટિએ કોઈપણ ટીમ દ્વારા આ બીજી સૌથી ઝડપી સદી છે. આ પહેલા દિલ્હી કેપિટલ્સે ડબ્લ્યુપીએલ ૨૦૨૩ માં માત્ર ૭ ઓવરમાં ૧૦૦ રન બનાવવાની સિધ્ધિ હાંસલ કરી હતી.

### ગ્રેસ હેરિસે એક ઓવરમાં બનાવ્યા ૩૨ રન

ઓપનર ગ્રેસ હેરિસે પહેલી જ ઓવરથી યુપી વોરિયર્સના બોલરોનો હેરાન કરી દીધા. હેરિસે સ્મૃતિ મંધાના સાથે મળીને ૫ ઓવરમાં ૪૬ રન બનાવ્યા. આ પછી ડિએન્ડ્રા ડોટિનનો ઓવર આવી, જેમાં ગ્રેસ હેરિસે ચોગ્ગા અને છગ્ગા ફટકારીને શાનદાર સિધ્ધિ મેળવી. ડિએન્ડ્રા ડોટિનની આ ઓવરમાં ગ્રેસ હેરિસે કુલ ૩૨ રન બનાવ્યા. ડોટિને નો બોલ પર ચોગ્ગા ફટકારીને તેનું સ્વાગત કર્યું. આ પછી હેરિસે સતત ૪ છગ્ગા ફટકારીને ધૂમ મચાવી. આ પછી ડોટિને વાઈડ બોલ ફેંક્યો અને છેલ્લા બોલ પર ચોગ્ગા ફટકાર્યા.

### શિવરાજપુર બ્લ્યુ ફ્લેગ બીચ ખાતે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

# દેશ-વિદેશના પતંગબાજોની આકાશમાં અવનવી અને રંગબેરંગી કાઈટ બની આકર્ષણનું કેન્દ્ર

## સ્કોટ લેન્ડ, જાપાન, પોલેન્ડ સહિતના ૩૨ દેશના પતંગબજો લીધો ભાગઃ પતંગ ઉત્સવ સાથે સાંસ્કૃતિક કાર્યક્રમ નિહાળી લોકો થયા અભિભૂત









**અબતક, મહેન્દ્ર કકકડ, દ્વારકા**

ગુજરાત પ્રવાસન નિગમ અને જિલ્લા વહીવટી તંત્રના સંયુક્ત ઉપક્રમે ગઈકાલે દ્વારકા તાલુકાના શિવરાજપુર બીચ ખાતે આંતર રાષ્ટ્રીય પતંગ મહોત્સવ-૨૦૨૬ યોજાઈ ગયેલ, આંતર રાષ્ટ્રીય પતંગ મહોત્સવમાં સ્કોટલેન્ડ, જાપાન, પોલેન્ડ સહીતના દેશના ૩૨ અને વિવિધ રાજયોના ૧૧ પતંગબાજોની આકાશમાં ઊડતી અવનવી અને રંગબેરંગી પતંગો આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ પ્રસંગે દેશ-વિદેશના પતંગબાજો, ગ્રામજનો, મહેમાનો તથા અધિકારીઓ, કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના અંતે મહાનુભાવોએ પણ પતંગબાજો સાથે પતંગ ચગાવીને ઉત્સવની ઉજવણી કરી હતી. આ ઉપરાંત સાંસ્કૃતિ કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો.

# પેડલ પર પેડલઃ કડકડતી ઠંડી વચ્ચે સાયકલોફનમાં ૧૭૦૦૦ સાયકલીસ્ટો ઉત્સાહભેર જોડાયા

## રોટરી કલબ ઓફ છોટી કાશી દ્વારા ૫ કિ.મી.થી ૧૦૦ કી.મી.માં કેટેગરીમાં વિદ્યાર્થીઓ ફીટનેશ પ્રેમીઓ જોડાયા



**અબતક,જામનગર**

રોટરી ક્લબ ઓફ છોટી કાશી જામનગર દ્વારા આયોજિત 'સાયક્લોફન ૨૦૨૬' નુંઆયોજન કરવાંમાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૧,૭૦૦ થી વધુ સાયકલિસ્ટોની સહભાગીદારી સાથે સફળતાપૂર્વક સંપન્ન થઈ. આ ઈવેન્ટને કારણે જામનગર શહેર ઉર્જા અને ઉત્સાહના કેન્દ્રમાં ફેરવાઈ ગયું હતું. જામનગર અને આસપાસના વિસ્તારોમાંથી આવેલા સાયકલિસ્ટોએ પાંચ વિવિધ શ્રેણીઓમાં ભાગ લીધો હતો - ૦૫ કિમી, ૧૦ કિમી, ૨૫ કિમી, ૫૦ કિમી અને ૧૦૦ કિમી. આ આયોજન શહેરની અત્યાર સુધીની સૌથી મોટી સામુદાયિક સાયકલિંગ ઈવેન્ટ્સમાંની એક બની રહી.આ કાર્યક્રમમાં પરિવારો, વિદ્યાર્થીઓ, ફિટનેસ પ્રેમીઓ અને પ્રોફેશનલ સાયકલિસ્ટોએ ભારે ઉત્સાહ દર્શાવ્યો હતો, જે જામનગરના નાગરિકોમાં સ્વાસ્થ્ય અને પર્યાવરણ પ્રત્યે વધતી જતી જાગૃતિ દર્શાવે છે. સુવ્યવસ્થિત રૂટ્સ, વોલેન્ટિયર્સનું સંકલન અને સુરક્ષાની ચુસ્ત વ્યવસ્થાને કારણે સમગ્ર કાર્યક્રમ નિર્વિઘ્ન પૂર્ણ થયો હતો.



# સૌરાષ્ટ્ર પ્રાંત કક્ષાની પ્રતિભા સ્પર્ધામાં શાળા નં.૧૮ બાળ કલાકારોએ કલાના કામણ પાથર્યા




**અબતક, જામનગર**

જામનગર દ્વારા સૌરાષ્ટ્ર પ્રાંતકક્ષાની બાલ પ્રતિભા સ્પર્ધા યોજાઈ. જેમા શાળા નં-૧૮ ની વિધાર્થિનીઓ જામનગર શહેર કક્ષાએ પ્રથમ વિજેતા થયેલ અને સૌરાષ્ટ્ર પ્રાંતકક્ષાની વિભાગ-બ વયજુથ ૧૦ થી ૧૩ માં દેવાંશી ડી. પાગડા વકતૃત્વમાં તૃતીય નંબર મેળવ્યો હતો, એક પાત્રિય અભિનયમાં રૂહી મગરાએ પોતાની પ્રતિભા દેખાડી હતી. વિવેકાનંદ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. રંજનબેન નકુમે માર્ગદર્શક, ગાયત્રીબા જાડેજા કન્વીનર તેમજ દિપક પાગડાએ મેનેજર તરીકે ફરજ બજાવી હતી. શાળાનાં આ બાળ સ્પર્ધકો, માર્ગદર્શકો અને કન્વીનરોને ભાવનાબા ઝાલા, શકિતસિંહ જાડેજા, સહદેવભાઈ, દિગ્વિજયસિંહ ઝાલા, તાલુકા યુવા વિકાશ અધિકારી હિતેશભાઈ વાળા, ભરતભાઈ પરમાર, જિલ્લા યુવા વિકાશ અધિકારી એમ.આઈ. પઠાણે, બાળકલાકારો અને શાળાની સિધ્ધીને બિરદાવી હતી.

# ધારાસભ્ય દિવ્યેશ અકબરીનો જન્મદિવસ સેવાયજ્ઞ તરીકે ઉજવાશે

## કાલે લેઉવા પટેલસમાજ ખાતે મહારકતદાન કેમ્પ, બહેનો માટે કેન્સર જાગૃતી સંદર્ભે મેમોગ્રાફી સહિતના કાર્યક્રમ

**અબતક,જામનગર**

જામનગરના દક્ષિણ વિધાનસભા વિસ્તારના ધારાસભ્ય દિવ્યેશ અકબરી દ્વારા ધારાસભ્ય બન્યા બાદ પોતાના સતત ચોથા જન્મદિવસની ઉજવણી જુદા જુદા પાંચ સેવા પ્રકલ્પોને ધ્યાનમાં રાખીને વિશેષ રૂપે કરવામાં આવશે. જેના ભાગરૂપે ૧૪ જાન્યુઆરીને મકર સંક્રાંતિના દિવસે પંચવિધ સેવા યજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં શહેરના રણજીત નગર વિસ્તારમાં આવેલા કેશવજી અરજણ લેઉઆ પટેલ સેવા સમાજમાં મહારક્તદાન કેમ્પ, ૭૯-વિધાનસભા વિસ્તારની તમામ આંગણવાડીના બાકી રહેલા કુપોષિત બાળકોને સુપોષિત બનાવવા તેમજ મહિલાઓમાં બ્રેષ્ટ કેન્સર ની જાગૃતિ



લાવવાના ભાગરૂપે બહેનોની મેમોગ્રાફી અભિયાનને આગળ ધપાવવા તેમજ કેચ ધ રેઈન' પ્રોગ્રામ અંતર્ગત જામનગરના ૩૦૦૦ એકમોમાં અમલવારી કરાવવાનો નિર્ધાર તેમજ પ્લાસ્ટિક મુક્ત- જામનગર સહિતના પાંચ સેવાયજ્ઞનું આયોજન કરાયું છે.

આ વખતે સતત ચોથા વર્ષે પણ ધારાસભ્ય દિવ્યેશભાઈ અકબરીનો ૧૪ મી જાન્યુઆરીને મકરસંક્રાંતિના પર્વના દિવસે જન્મદિવસ છે, ત્યારે રણજીત નગર પટેલ સેવા સમાજમાં સવારે ૯.૦૦ વાગ્યાથી જન્મદિવસની અનોખી રીતે ઉજવણી કરવામાં આવશે, અને મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આંગણવાડીના બાકી રહેલા ૬૧ કુપોષિત બાળકોને સુપોષિત કરવા માટેનું અભિયાન આગળ ધપાવાશે. સાથો સાથ જામનગર શહેરના બહેનોમાં સ્તન કેન્સર (બ્રેસ્ટ કેન્સર) ની જાગૃતિ લાવવાના ભાગરૂપે બહેનોની મેમોગ્રાફીનું અભિયાન વધુ વેગવંતુ બનાવવામાં આવશે.

# બાલંભા ખાતે જામનગર જિલ્લા સહકારી બેંકની નવનિર્મિત બિલ્ડીંગનું ઉદ્ઘાટન

## બાલંભા શાખામાં રૂ.૩૭ કરોડની થાપણો અને રૂ.૧૦ કરોડથી વધુનું ધિરાણ આપવામાં આવ્યું છેઃ ચેરમેન જીતુ લાલ

**અબતક,જામનગર**

જામનગર જીલ્લાના જોડીયા તાલુકાના બાલંભા ગામમાં ધણાં વર્ષોથી જીલ્લા સહકારી બેંકની શાખા આવેલી છે. થોડા વર્ષો પહેલાં આ બેંકનું બીલ્ડીંગ જર્જરીત થઈ ગયું હતું, જેના કારણે બેંકને અન્ય જગ્યાએ ભાડાના મકાનમાં ફેરવવી પડી હતી. હાલમાં બેંકની જગ્યાએ નવું બીલ્ડીંગ બની જતાં ગત તા.૬ મંગળવારના રોજ આ નવી સુવિધાપૂર્ણ ઈમારત ગ્રાહકો માટે જીલ્લા બેંકના ચેરમેન જીતુભાઈ લાલના નેજા હેઠળ બેંકના મેનેજીંગ ડાયરેકટર ધરમશીભાઈ ચનીયારાના હસ્તે ખુલ્લી મુકવામાં આવી હતી.





કાર્યક્રમના મુખ્ય અતિથિ વિશેષ અને જીલ્લા બેંકના ચેરમેન જીતુભાઈ લાલ દ્વારા બેંકના ભવિષ્યના આયોજન ટેકનોલોજી આધારીત નવિનીકરણ ડીજીટલ સેવાઓ અને તેમના કાર્યકાળ દરમ્યાન થયેલ થાપણ વૃધ્ધિ સહિત બેંક દ્વારા થયેલ તમામ સુવિધાઓ અને બેંક વધુને વધુ આર્થિક રીતે મજબુત બને તે અંગેના તેમના અથાગ પ્રયાસો વિશે ઉપસ્થિત સર્વેને માહિતગાર ર્ક્યા હતાં અને બાલંભા શાખાની ડીપોઝીટ વધારવા બદલ શાખાના સ્ટાફને અભિનંદન પાઠવ્યા હતાં.

તેઓએ વધુમાં ઉમેર્યુ હતુ કે આ બેંક ચેરમેન તરીકે મારા હસ્તે આ બાલંભા શાખાની નવી ઈમારત ખુલ્લી મુક્વાના બદલે આ પંથકના જ આગેવાન અને બેંકના એમ઼ડી.ધરમશીભાઈ ચનીયારાના હસ્તે ખુલ્લી મુકવામાં આવી રહી છે અને બેંકની તમામ સેવાઓ છેવાડાના ગામડાના ખેડુત સભાસદોને મળી રહે તે માટે બેંક દ્વારા ૪૦૦ જેટલા માઈક્રો એ.ટી.એમ઼પણ આપવામાં આવેલ છે જેથી સભાસદોને બેંક સુધી આવવું ના પડે અને તમામ બેંકીગ સેવાઓ પોતાના ગામમાં જ મળી રહે તેવું આયોજન કરવામાં આવ્યું છે. બેંકની બાલંભા શાખામાં ૩૭ કરોડથી વધુની થાપણો સાથે રૂા.૧૦ કરોડથી વધુનું ધિરાણ આપવામાં આવ્યું છે જે પૈકી ન્યુનતમ વ્યાજ દર હેઠળનું ધીરાણ ૫૧ ટકા છે અને આ શાખાનો ગત નાણાંક્યિ વર્ષનો નફો ૯૨ લાખ થયો હતો.

આ તકે બેન્કના ડાયરેકટર જીવણભાઈ કુંભરવડીયા, જોડીયા તાલુકા ભાજપ પ્રમુખ જયસુખભાઈ પરમાર, જોડીયા તાલુકા ભાજપના પૂર્વ પ્રમુખ ભરતભાઈ દલસાણીયા, સહકારી આગેવાનો જેઠાભાઈ અઘેરા, કિશોરભાઈ મઢવી, હાતીમભાઈ ત્રિવેદી, બાલંભા મંડળીના પ્રમુખ દિલીપભાઈ રામપરીયા, ઉપસ્થિત રહ્યા હતા.

# સ્વ.હેમંતભાઈ માડમ મેમોરીયલ ટ્રોફી ઓપન ગુજરાત ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટમાં 'રામ ઈલેવન ગડુ' ટીમનો વિજય

## આહીર સમાજની ૧૧૨ ટીમોએ ઉત્સાહભેર લીધો ભાગ

**અબતક, જામનગર**

આહિર સમાજના ખેલાડીઓ માટે સ્વ. હેમતભાઈ રામભાઈ માડમ મેમોરીયલ ટ્રોફી-૨૦૨૫-૨૬ ઓપન ગુજરાત ટેનીસ બોલ ડે ક્રિકેટ ટુર્નામેન્ટ રોમાંચક ફાઈનલ મેચ સાથે સફળતાપૂર્વક સમાપ્ત થઈ હતી.

જામનગર-ખંભાળીયા બાયપાસ પાસે, ટી પોસ્ટ પાસેના મેદાનમાં આયોજીત આ ટુર્નામેન્ટમાં આહિર સમાજની ૧૧૨ ટીમોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. જેમાં રામ ઈલેવન ગડુ ટીમ અને શકિત-બી ઈલેવન, કચ્છ-ભુજ વચ્ચે ભારે રસાકસી ભર્યા ફાઈનલ મેચમાં ''રામ ઈલેવન ગડુ' નો રોમાંચક વિજય સાથે આ ટીમ ચેમ્પીયન થઈ હતી.ફાઈનલ મેચ નિહાળવા અને ક્રિકેટ ખેલાડીઓને પ્રોત્સાહીત કરવા બહોળી સંખ્યામાં ક્રિકેટ પ્રેમી લોકો સવાર થી સાંજ સુધી ઉપસ્થિત રહ્યા હતા. ત્યાર પછી યોજાયેલ ઈનામ વિતરણ અને સમાપન સમારોહમાં સ્વ.હેમતભાઈ રામભાઈ માડમ મેમોરીયલ ટ્રસ્ટના પ્રમુખ તથા સંસદ સભ્ય પુનમબેન માડમ, મુળુભાઈ બેરા-પૂર્વ મંત્રી અને માન




ધારાસભ્ય તથા આહિર સમાજના અગ્રણીઓ સર્વ શ્રી દેવશીભાઈ પોસ્તરીયા, જામનગર બાર એસોસીએશનના પ્રમુખ ભરતભાઈ સુવા, આહિર સમાજ - જામનગરના પ્રમુખ રણમલભાઈ કાંબરીયા, અમદાવાદ આહિર સમાજના પ્રમુખ અરશીભાઈ આંબલીયા આહિર અગ્રણીઓ ઉપરાંત બહોળી સંખ્યામાં પ્રેક્ષકો ઉપસ્થિત રહ્યા હતા.

### નારી શકિતને સુરક્ષાનું કવચ

# ખોડલધામ મહિલા સમિતિ દ્વારા કેન્સર જાગૃત કેમ્પમાં ૬૦૦૦ બહેનોએ લીધો લાભ

## નિષ્ણાંત તબીબોના સહયોગથી મેમોગ્રાફી સોનોગ્રાફી અને વેકિસનેશન દ્વારા માતૃશકિતનુ જતન

**અબતક, જામનગર**

ત્યારે જામનગર જીલ્લા ખોડલધામ મહિલા સમિતિએ એક જાગૃત પ્રહરીની ભૂમિકા ભજવીને હજારો મહિલાઓના જીવ બચાવવાનું પુણ્ય કાર્ય કર્યુ છે. આ આરોગ્યલક્ષી કેમ્પમાં શહેરના નામાંકિત તબીબો અને હોસ્પિટલોના સહયોગથી ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જી.જી. હોસ્પિટલના નિષ્ણાત ડો. શિલ્પાબેન ચુડાસમાના અમૂલ્ય સહયોગથી ૪૯૦૦ જેટલી બહેનોની મેમોગ્રાફી અને સોનોગ્રાફી કરવામાં આવી હતી.સંજીવની હોસ્પિટલના ડો. મોનિકા દોંગાના સહકારથી ૮૨૦ જેટલી બહેનોના ગર્ભાશયના મુખનું (સર્વાઈકલ કેન્સર) નિદાન કરવામાં આવ્યું હતું, જે સ્ત્રી આરોગ્યમાં ખૂબ જ મહત્વપૂર્ણ ગણાય છે. આ ઉપરાંત, ભવિષ્યની પેઢીને સુરક્ષિત કરવાના ઉમદા હેતુથી મધરકેર હોસ્પિટલના ડો. નિમેશ વરસાણીના સહયોગથી ૪૮૦ બહેનોને કેન્સર સામે રક્ષણ



આપતી વેકિસન આપવામાં આવી હતી. જેમાં ૯ થી ૧૪ વર્ષની દીકરીઓને વેકિસનના ૨ ડોઝ અને ૧૫ થી ૪૫ વર્ષની મહિલાઓને ૩ ડોઝ આપીને સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવ્યું હતું. આમ, કુલ મળીને ૬૦૦૦થી વધુ બહેનોએ મેમોગ્રાફી, સોનોગ્રાફી, ગર્ભાશયના મુખનું નિદાન અને વેક્સિનેશન જેવી અત્યંત મોંઘી અને જરુરી સેવાઓનો લાભ લીધો હતો. શ્રી ખોડલધામ મહિલા સમિતિ-જામનગરનું આ આયોજન સમગ્ર ગુજરાત માટે નારી સ્વાસ્થ્ય ક્ષેત્રે એક પ્રેરણારૂપ ઉદાહરણ બની રહ્યું છે.

# સૌરાષ્ટ્ર-કચ્છ દેશનું ગ્રોથ એન્જિનઃ રૂ. ૫.૭૮ લાખ કરોડના ૫૪૯૨ એમઓયુ

## રાજકોટમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં વિકાસનો ઝળહળાટઃ ગુજરાતમાં મૂડી રોકાણ માટે વિશ્વભરના ઉદ્યોગપતિઓ ઉત્સુક

## ૧૫ જાન્યુઆરી સુધી યોજાનારા એક્ઝિબિશનનો વધુમાં વધુ લાભ લેવા ઔદ્યોગિક એકમો તથા નાગરિકોને મંત્રી જીતુભાઈ વાઘાણીનો અનુરોધ

**અબતક, રાજકોટ**

ગુજરાતમાં મૂડી રોકાણ કરવા માટે દેશ વિદેશના ઉદ્યોગપતિઓ ભારે ઉત્સુક છે.

રાજકોટમાં મારવાડી યુનિવર્સિટી ખાતે આયોજીત બે દિવસીય ‘વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ - કચ્છ અને સૌરાષ્ટ્ર’નું સમાપન થયું. આ કોન્ફરન્સ દરમિયાન રૂપિયા ૫.૭૮ લાખ કરોડના રોકાણના ૫૪૯૨ સમજૂતિ કરાર થયા હોવાની જાહેરાત કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીએ કરી હતી.

કેબિનેટ મંત્રી જીતુભાઈ વાઘાણીએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૪૭ સુધીમાં સૌરાષ્ટ્ર અને કચ્છને વિકસિત બનાવવા માટે રાજ્ય સરકાર દ્વારા એક નક્કર રોડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ વર્ષ ૨૦૦૩માં જ્યારે વાઈબ્રન્ટ ગુજરાતની શરૂઆત કરી હતી, ત્યારે તેમને અનેક ટીકાઓનો સામનો કરવો પડ્યો હતો, પરંતુ તેમના અડગ વિશ્વાસ અને વિઝનને કારણે આજે ગુજરાત અને ભારત વિકાસની હરણફાળ ભરી રહ્યા છે. મંત્રીશ્રીએ ગૌરવ સાથે ઉમેર્યું હતું કે, વિશ્વભરના પ્રતિષ્ઠિત ઔદ્યોગિક એકમો જેમને મળવા આતુર હોય છે, તેવા આપણા વડાપ્રધાનની આ રિજનલ કોન્ફરન્સમાં ઉપસ્થિતિ દર્શાવે છે કે તેમના માટે સૌરાષ્ટ્ર અને કચ્છનો વિકાસ કેટલો મહત્વપૂર્ણ છે.

મંત્રીશ્રીએ વાઈબ્રન્ટ ગુજરાતના ઐતિહાસિક પ્રવાસ અને સફળતાના આંકડા રજૂ કરતા જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૦૩માં પ્રથમ વાઈબ્રન્ટ ગુજરાત દરમિયાન માત્ર રૂ. ૬૬ હજાર કરોડના ૮૦ એમ.ઓ.યુ. થયા હતા, તેની સામે આજે રાજકોટના આંગણે યોજાયેલી આ રિજનલ કોન્ફરન્સમાં જ રૂ. ૫.૭૮ લાખ કરોડના ૫૪૯૨ એમ.ઓ.યુ. સંપન્ન થયા છે. આ આંકડાઓ અને અનેક દેશોની સહભાગીતા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી પરનો અતૂટ ભરોસો દર્શાવે છે. આત્મનિર્ભર ભારત, સ્ટાર્ટઅપ ઈન્ડિયા અને મેઈક ઈન ઈન્ડિયા જેવા આયામો વડાપ્રધાનના નેતૃત્વમાં સાકાર થઈ રહ્યા છે, જેનો સીધો લાભ ગુજરાતના ઉદ્યોગપતિઓ અને એકમોને મળશે.



વિવિધ ઐતિહાસિક કિસ્સાઓનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, કચ્છ અને સૌરાષ્ટ્રના લોકોની નસેનસમાં ઉદ્યોગ સાહસિકતા ભરેલી છે. સૌરાષ્ટ્રના નાવિકો એક સમયે દુનિયાના દરિયા પર રાજ કરતા હતા.

મંત્રીશ્રીએ સૌરાષ્ટ્રના વિવિધ ક્ષેત્રની ઔદ્યોગિક વિશેષતાઓનો પરિચય આપતા કહ્યું હતું કે, રાજ્યના દરેક વિસ્તારમાં કોઈને કોઈ કૌશલ્ય ભરેલું છે અને તેમાં સૌરાષ્ટ્રનું પ્રભુત્વ છે.

તેમણે કહ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં પોરબંદર, દ્વારકા અને સોમનાથ બેલ્ટ દુનિયાનું સૌથી મોટું પ્રવાસન ક્ષેત્ર બનવા જઈ રહ્યું છે. દેશ અને રાજ્યમાં સેમી કન્ડક્ટર ક્ષેત્રની પ્રગતિ અંગે કહ્યું હતું કે, ગુજરાત રાજ્ય વર્ષ ૨૦૨૭માં સેમી કન્ડક્ટર ક્ષેત્રનું હબ બનશે.

આ તકે તેમણે કચ્છ અને સૌરાષ્ટ્રના ઉદ્યોગકારોને ન્યૂ એજ ટેક્નોલોજી ક્ષેત્રમાં રોકાણ કરીને આગળ વધવા આહવાન કર્યું હતું.

ઉદ્યોગ સચિવ મમતા વર્માએ સ્વાગત પ્રવચનમાં સૌરાષ્ટ્ર કચ્છની વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સને ગૌરવપૂર્ણ ક્ષણ ગણાવતા કહ્યું હતું કે, છેલ્લાં બે દિવસમાં ‘‘સ્કેલ અને સ્કીલ‘‘ના સમન્વય સાથે ઉદ્યોગ સાહસિકોને મજબૂત પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવ્યું છે. બીટુબી, રિવર્સ બાયર્સ સેલર્સ મિટ, ૫૦થી વધુ સેમિનાર સહિતના આયોજન થકી યુવા પેઢીને પણ નવી દિશા મળી છે.

આ તકે ઉદ્યોગ કમિશનર પી.સ્વરૂપે પ્રેઝન્ટેશના માધ્યમથી વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સની સફળ યાત્રાની તલસ્પર્શી વિગતો રજૂ કરી હતી.

મારવાડી યુનિવર્સિટીના સ્થાપક કેતન મારવાડીએ પ્રાસંગિક ઉદબોધન કરતાં જણાવ્યું હતું કે, વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સે સાબિત કર્યું છે કે ભારત આજે વિશ્વમંચ ઉપર નવી ઊંચાઈઓને આંબી રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કોન્ફરન્સમાં ૨૪ દેશના પ્રતિનિધિશ્રીઓ અને ૪૦૦૦ ઉદ્યોગ સાહસિકોની ઉપસ્થિતિ એ ઐતિહાસિક ઉપલબ્ધિ છે.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે Kutch Saurashtra : Anchoring Gujarat's vision પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું.

આ અવસરે ઉત્તમ પ્રદર્શન કરનારા વિવિધ એમ.એસ.એમ.ઈ.ના ઉદ્યોગકારો, હસ્તકલા કારીગરો, ઉદ્યોગ વિભાગનું પુરસ્કાર સાથે સન્માન કરવામાં આવ્યું હતું.

કોન્ફરન્સ દરમિયાન વિવિધ સેક્ટરોમાં થયેલી ઊંડાણપૂર્વકની ચર્ચાઓ ઉદ્યોગો માટે માર્ગદર્શક સાબિત થશે તેવો વિશ્વાસ વ્યક્ત કરતા મંત્રીશ્રીએ વધુમાં વધુ ઔદ્યોગિક એકમો અને નાગરિકોને આગામી તારીખ ૧૫ જાન્યુઆરી સુધી આયોજિત વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ એક્ઝિબિશનનો લાભ લેવા અનુરોધ કર્યો હતો. અંતમાં, તેમણે આશા વ્યક્ત કરી હતી કે જ્યારે ભારત વિશ્વગુરૂના સ્થાને બિરાજશે ત્યારે સૌરાષ્ટ્ર અને કચ્છ તેના મુખ્ય ગ્રોથ એન્જિન તરીકે ઊભરી આવશે.

આ તકે રાજ્યના પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ જણાવ્યું હતું કે, ‘વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ’ સૌરાષ્ટ્ર કચ્છની ક્ષમતાને વિશ્વ સમક્ષ ઉજાગર કરનાર મોટું પ્લેટફોર્મ બની છે.

જ્યારે મારવાડી યુનિવર્સિટીના સંચાલકોનું આભાર સાથે બહુમાન કરાયું હતું.

### એસ્સાર બાયો-ફ્યુઅલ પ્રોજેક્ટ માટે રૂ. ૫,૧૦૦ કરોડનું મૂડી રોકાણ કરશે



એસ્સાર ફ્યુચર એનર્જી લિમિટેડે રાજકોટમાં વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સમાં ગુજરાત સરકાર સાથે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે.

આ એમઓયુ હેઠળ, એસ્સાર ફ્યુચર એનર્જી દેવભૂમિ દ્વારકા જિલ્લામાં મોટા પાયે બાયો-ફ્યુઅલ કોમ્પ્લેક્સ સ્થાપિત કરશે, જેની પ્રારંભિક ફીડસ્ટોક પ્રોસેસિંગ ક્ષમતા વાર્ષિક ૧ મિલિયન ટન હશે. આ પ્રોજેક્ટમાં રૂ. ૫,૧૦૦ કરોડનું રોકાણ શામેલ છે અને તે લગભગ ૩૫૦ સીધી રોજગારીની તકો ઉભી કરશે તેવી અપેક્ષા છે. જેની કામગીરી ૨૦૨૯ સુધીમાં શરૂ કરવાનું લક્ષ્ય છે.રાજકોટમાં વાઈબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદમાં એસ્સારે ઈંધણ પ્રોજેક્ટ હોલિડેઝ- ગુજરાત માટે રૂ. ૫.૧૦૦ કરોડનું રોકાણ કરવા માટે એમઓયુ પર હસ્તાક્ષર કર્યા છે.

આ પ્રોજેક્ટને સેઝ યુનિટ તરીકે વિકસાવવામાં આવશે અને તે ઉડ્ડયન, શિપિંગ અને રોડ ટ્રાન્સપોર્ટ માટે સ્વચ્છ ઈંધણ ઉકેલો પ્રદાન કરીને, મુશ્કેલ ક્ષેત્રોને ડીકાર્બનાઈઝ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરશે.દરકોની લિકાની સુધીઆ વિકાસ અંગે ટિપ્પણી કરતા, એસ્સાર ફ્યુચર એનર્જી લિમિટેડના સીઈઓ વિભવ અગ્રવાલે જણાવ્યું હતું કે, ‘‘વિકસિત ગુજરાત -વિકસિત ભારત ૨૦૪૭ ના વિઝન સાથે સંકલિત, ઊર્જા સ્વતંત્રતા માટે ગ્રીન એનર્જી ઈકોસિસ્ટમ બનાવવા પર રાજ્યના ધ્યાનના ભાગ રૂપે, ગુજરાત ઔદ્યોગિક વિકાસ અને ઊર્જા સંક્રમણમાં ભારતની સફરનું નેતૃત્વ કરવાનું ચાલુ રાખે છે. અમે ભવિષ્ય માટે તૈયાર, ઓછા કાર્બન ઉર્જા ઉકેલો વિકસાવવા માટે ગુજરાત સરકાર સાથે ભાગીદારી કરી રહ્યા છીએ.

### વધતી જતી પાવરની જરૂરિયાત સામે ટોરેન્ટ ગ્રુપનો ‘ગ્રીન પાવર’ સંકલ્પઃ સુહાગ પ્રજાપતિ



ટોરન્ટ ગ્રૂપ એ અલગ અલગ પ્રકારના બિઝનેસમાં સહભાગી છે. ફાર્મા, પાવર, ગેસ , રિન્યુએબલ,સ્ટોરેન્ટ એલેક્ટોલિકલ , કેબલ મેન્યુ ફેક્ચરમાં ઈન્વોલ્વ છે. ત્યારે અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું કે કન્ઝ્યુમર ગ્રીન એનર્જી કે રિન્યુએબલ પાવરની માંગ હોય તો એ તેમને આપીએ છીએ. એ સિવાય સરકારનુ જે છે કે રિન્યુએબલ પાવરથી બધાને ઉર્જા મળે તો એના પર વધારે ધ્યાન આપીએ છીએ. તેમની કંપની ટોરેન્ટ સુરત , ગાંધીનગર એવી રીતે છ થી સાત લાયસન્સી વિસ્તાર છે. ઈન્વેસ્ટમેન્ટ ની વાત કરીએ તો એક હજાર કરોડનું રોકાણ કરેલ છે.

### એક નંગ બનાવતા ૧૦ દિવસ લાગે છે, જે કલાની બારીકાઈ સૂચવે છે : મંજુબેન






વાઈબ્રન્ટ ગુજરાત સમિટના વોકલ ફોર લોકલમાં ભાવનગરથી એક મંજુબેન આવેલ હતા. જેમણે અબતક સાથેની ખાસ વાતચીતમાં જણાવ્યું કે તેઓ આ મોતીના તોરણ અને મોર પચીસ વર્ષથી બનાવે છે. એક નંગ બનાવાતા દસ દિવસ લાગે છે. તેઓ અમેરિકા , દિલ્હી , રાજકોટમાં આ મોર બધી જગ્યાએ વહેંચે છે. તેમણે આ કાર્યક્રમથી સારો એવો પ્રતિસાદ પણ મળ્યો છે.

### કચ્છની દુર્લભ વિરાસત ‘રોગાન આર્ટ’: એરંડિયાના તેલમાંથી સર્જાતી જાદુઈ કલાઃ પદ્મશ્રી અબ્દુલ ગફુર ખત્રી





કચ્છની અવનવી કલાઓ આપણે જોઈ હશે ત્યારે તેવી જ રીતે રોગન આર્ટ પણ કચ્છનું એક કલાકમાં કૃતિ છે જેમાં અબતક સાથેની વાતચીતમાં પદ્મશ્રી અબ્દુલ ખત્રી એ જણાવ્યું કે તેઓ વર્ષાગત રોગાન આર્ટ સાથે જોડાયેલા છે. અને આ રોગાન આર્ટ દુર્લભ કળા ગણવામાં આવે છે. રોગાન આર્ટ ૮ કરનાર ચાર પરિવાર કચ્છમાં હતા. દુષ્કાળને લીધે ૧૯૮૦ માં આ કામ બંધ થઈ ગયું હતું. રોકાણ આર્ટ એરંડિયા તેલમાંથી બનાવવામાં આવે છે બે દિવસ તેને ગરમ કરીને તેની પ્રોસેસ કરવામાં આવે છે પછી રબર ફોર્મ માં આવી જાય ત્યારે એટલે તેને રોગાન નામ આપવામાં આવે છે.

### મહિલાઓ હવે ખેતરમાં ઉડાડશે ડ્રોનઃ ડો. પૂજન વૈષ્ણવ





વાઈબ્રન્ટ ગુજરાત પ્રદર્શનમાં ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર્સ એન્ડ કેમિકલ્સ લિ.ના સ્ટોલ પર આધુનિક ટેકનોલોજીનું પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ડો. પૂજન વૈષ્ણવે આ અંગે વિગતો આપતા જણાવ્યું હતુ કે,ગ્રામીણ મહિલાઓને ડ્રોન ઓપરેટ કરવાની તાલીમ આપી તેઓને આર્થિક રીતે આત્મનિર્ભર બનાવવામાં આવી રહી છે ખેડૂતોએ ઝેરી દવાઓના સીધા સંપર્કમાં આવવું પડતું નથી, જેથી ચામડીના રોગો અને અન્ય શારીરિક જોખમોમાં ઘટાડો થાય છે.આમ, રીજનલ કોન્ફરન્સ અને આધુનિક કૃષિ ટેકનોલોજીના સમન્વયથી સૌરાષ્ટ્ર અને કચ્છના આર્થિક અને સામાજિક માળખામાં મોટા પરિવર્તનની અપેક્ષા રાખવામાં આવી રહી

### વોકલ ફોર લોકલ માત્ર નારો નહીં પણ આત્મનિર્ભર ભારતનો સંકલ્પ છેઃ મહિમા



વોકલ ફોર લોકલ ફક્ત એક નારો નથી પરંતુ આપણા વડાપ્રધાનએ આપેલ એક સંકલ્પ છે. ભારતની આત્મ નિર્ભરતાનો સંકલ્પ છે. અબતક સાથેની વાતચીતમાં મહિમા એ જણાવ્યું હતું કે વાઈબ્રન્ટ સમિટ પરથી સ્થાનિક ઉત્પાદન અને વૈશ્વિક દ્રષ્ટી સાથે મળે છે ત્યારે ભારત પોતાની વૈશ્વિક એક ઓળખ બનાવશે. લોકલ ને ગ્લોબલ બનાવીએ એ જ સામાન્ય જનતાનો નિર્દેશ છે. કચ્છના જે કલાકારો છે તેમની મહેનત છે એ રંગ લાવે એવું આપણે કરવું જોઈએ. લોકલ વસ્તુને વધારે અપનાવીએ.

### ૭૦૦ વર્ષ જૂની પરંપરાને વિદેશના લોકો આવકારે છેઃ રાઠોડ વલદેવ મોહનભાઈ

નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં જે આ લોકલ ફોર વોકલ વાઈબ્રન્ટ ગુજરાતમાં રાખવામાં આવ્યું છે તેનાથી લોકોને ખ્યાલ આવશે કે આપણા દેશની જ વસ્તુઓ ખરીદવી જોઈએ. આ કલાકારી ૭૦૦ વર્ષ જૂની છે અને એ પરંપરાગત રીતે કરતા આવે છે. સુરેન્દ્રનગરના રાઠોડ વલદેવ અબતક સાથેની વાતચીતમાં જણાવ્યું કે તેમને લોકો નો સારો એવો પ્રતિસાદ મળ્યો છે.





વિદેશથી આવેલ લોકો પણ આપણા દેશની લોકલ વસ્તુઓ આપણા કચ્છની કલાની કદર કરે છે. તેના બદલ તેમને આભાર માન્યો હતો.

## ‘વાઈબ્રન્ટ ગુજરાત રિજનલ કોન્ફરન્સ’ સૌરાષ્ટ્ર કચ્છની ક્ષમતાને વિશ્વ સમક્ષ ઉજાગર કરનાર મોટું પ્લેટફોર્મ બનીઃ કેબિનેટ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયા

---

કાયપો છે.... ઢીલ દે ઢીલ દે દે રે ભૈયા

# કાલે પતંગોત્સવઃ આકાશમાં રંગબેરંગી પતંગોની રંગોળી પૂરાશે

## અગાસીઓ શોરબકોરથી ગુંજી ઉઠશે, ઉંધીયું પુરીની જયાફત જામશેઃ સુર્યાસ્ત બાદ આતશબાજી અને રાસ ગરબાની રમઝટ બોલશે

## મકરસંક્રાંતિના પર્વમાં દાન-પુણ્યનું પણ વિશેષ મહત્વઃ પક્ષીઓની સલામતી માટે સવારે અને સાંજે પતંગ ન ઉડાડવા અપીલ

**અબતક, રાજકોટ**

ગુજરાતવાસીઓના સૌથી ફેવરિટ તહેવાર પૈકીના એક એવા ઉત્તરાયણ પર્વની આવતીકાલે બુધવારના રોજ ઉજવણી કરવામાં આવશે. આકાશમાં રંગબેરંગી પતંગોની રંગોળી પુરાશે અગાસીઓ એ કાપયો છે. ઢીલ દે ઢીલ દે દે રે ભૈયા લપેટ જેવા ગગનભેદી નાદથી ગુંજી ઉઠશે ઉંધીયું, પુરી, જલેબી, જીંજરા, ચિકી , શેરડી, બોરની જયાયતો ઉડશે. સુર્યાસ્ત બાદ અગાસીઓ પર રાસ ગરબાની રમઝટ બોલશે ફટાકડાઓ ફુટશે, અમદાવાદ અને સુરતમાં ૧૪મી જાન્યુઆરીએ ઉત્તરાયણની ઉજવણી તો કરાય જ છે ૧૫મી



જાન્યુઆરીએ વાસી ઉત્તરાયણની પણ શાનદાર ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષ પતંગ-દોરાના ભાવમાં ૩૦ ટકાનો ઉછાળો આવ્યો છે. ઉત્તરાયણના અંતિમ દિવસોમાં બજારમાં ખરીદીની ભારે જમાવટ જોવા મળી રહી છે. ઉત્તરાયણના દિવસને દાન-પુણ્ય માટે પણ શ્રેષ્ઠ માનવામાં આવે છે. કાલે ષટતિલા એકાદશી પણ હોવાથી દાનનું મહત્વ વધી જાય છે. આવતીકાલે બપોરે ૩.૦૮ કલાકે સુર્યનારાયણ મકર રાશીમાં પ્રવેશ કરશે.

ગુજરાતના લોકોને ઉત્સવ પ્રિય ગણવામાં આવે છે. ઉત્તરાયણના દિવસે સવારથી સાંજ સુધી પતંગ ઉડાડે છે. સુર્યાસ્ત બાદ અગાસી પર રાસ (અનુ. આઠમા પાને)

### મકરસંક્રાંતિ સાથે ષટતિલા એકાદશીથી વિશેષ મહત્વ



પાપોનુ પ્રાયશ્ચિત કરવાનું વ્રત એટલે ષટતિલા એકાદશી. ષટતિલા એકાદશીનું વ્રત કરવાંથી સર્વ પાપોમાંથી મુક્તિ મળે છે, આ વ્રતની વિધિ આ પ્રમાણે છે : આ વ્રતના દિવસે વ્રતીએ બ્રહ્મચર્યનું પાલન કરવું, કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, વગેરે હલકી મનોવૃત્તિઓનો ત્યાગ કરવો એકાદશીના દિવસે પ્રાતઃકાળે ઉઠી સ્નાન-વિધિથી પરવારી ત્યારબાદ સૂર્ય ને અર્ઘ્ય આપવું પુરુષોત્તમ નારાયણનું પૂજન કરવું, એટલે શ્રીકૃષ્ણ ભગવાનનું વિધિવત પૂજન કરવુ સુગંધિત દ્રવ્યો સમર્પણ કરવાં અને અર્ઘ્ય આપી પિતૃઓની સદ્ગતિ માટે પ્રાર્થના કરવી. વિષ્ણુ સહસ્ત્ર નામ બોલવા અથવા તો વિષ્ણુ ભગવાનના જેટલા નામ બોલી શકાય તેટલા બોલવા પીપળાનું પૂજન કરી પીપળાની પ્રદક્ષિણા ફરવી વ્રતધારીએ પોતાની શક્તિ અનુસાર તલનું ભરેલું પાત્ર અને અને વસ્ત્ર બ્રાહ્મણને દાનમાં આપવાં. જેટલા તલનું દાન કર્યું હોય તેટલા હજાર વર્ષ પર્યંત સ્વર્ગ - પ્રાપ્તિ થાય છે . ખાસ કરીને આ એકાદશીના દિવસે વ્રત અને દાન કરવાથી જીવનમાં શાંતિ (અનુ. આઠમા પાને)